ભક્તકવિશ્રી

પરમાણંદદાસ

જશવંત મહેતા

પ્રવીણ પુસ્તક ભંડાર
લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.

નવધા ભક્તિના નવરસ-
નું
સદાય
પાન કરતા-કરાવતા
હરિના લાડલા
શ્રી હરિભાઈ કોઠારી-
ને
સપ્રેમ - સાદર

- જશવંત મહેતા

ખુદને જાણે, ખુદાને પિછાને, ખુશ તો એનાથી આખી ખલક છે
સૌના દિલમાં વસે સ્નેહભાવે, વશમહીં એનો આખો મલક છે

પરમાણંદ અરૂ સૂર મિલિ, ગાઈ સબ બ્રજ રિતિ ॥
ભૂલી જાત વિધિ ભજન કી, સૂનિ ગોપિન કી પ્રીતિ ॥

- ધ્રુવદાસ

પૌગંડ બાલ કૈસોર, ગોપલીલા સબ ગાઈ ।
અચરજ કહાં યહ બાત, હુતૌ પરિલૌ જુ સખાઈ ॥
નૈનનિ નીરપ્રવાહ, રહત રોમાંચ રૈન દિન ।
ગદ્દ ગદ્દ ગિરા ઉદાર, સ્યામ સૌભા ભીંજ્યૌ તન ॥

- નાભાજી

સૂર સૂર જસ હૃદય પ્રકાસત ।
પરમાનંદ આનંદ બઢાવત ॥

- ગો. દ્વારકેશજી

કુંભનદાસ મહારસ કંદ
પ્રેમ ભરે નિજ પરમાણંદ

- નાગરીદાસ

સર્વોપરિ દાસ પરમાણંદ રે
ગાયા ગુણનિધિ બાલમુકુંદ રે

- ગો. દ્વારકેશજી

માધૌદાસ, ગુસાઈ, તુલસી, કૃષ્ણદાસ, પરમાણંદદાસ
બિસ્નુપુરી, શ્રીધર મધુસૂદન, પીપાગુરુ રામાનંદ

- સંત ભગવતરસિક

કૈસે છૂટે શ્યામ સગાઈ

પુષ્ટિસંપ્રદાયના અષ્ટસખા સંતકવિ પરમાણંદદાસજીનાં જીવન-કવન પર આધારિત આ નવલકથાનું અંતિમ પ્રકરણ લખી રહ્યો હતો ત્યારે અંતરમાંથી અષ્ટસખાનાં જીવન-કવન પર મનનમાં રાચતા આ સર્જકના હૈયામાંથી તો આ જ પંક્તિ સૂઝતી હતી...

કૈસે છૂટે અષ્ટસખનનકી પ્રેમસગાઈ...

આ થઈ ગયેલી પ્રેમસગાઈના પરિણામરૂપ ભક્તકવિ પરમાણંદદાસની લઘુનવલ ગુજરાતની ધર્મપ્રિય - સંસ્કારપ્રિય જનતા સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે.

પુષ્ટિસંપ્રદાયના ભક્તકવિઓનું ભારતીય સાહિત્યમાં - વિશેષતઃ હિંદી અને વ્રજભાષામાં "કાવ્યપદારથ"માં ખૂબ જ મોટું પ્રદાન છે. સંસ્કૃતિનું ચણતર અને ઘડતર "શબ્દબ્રહ્મ" પર જ થતું હોય છે. માનવમૂલ્યોનો સર્વનાશ થતાં શ્રદ્ધાના ટુકડે ટુકડા થતા હોય ત્યારે શ્રદ્ધેય શબ્દ - શ્રદ્ધેય સૂરજ માનવજાતને આ કળિકાળમાં બચાવી શકે તેમ છે. એ શબ્દની સાધનાના શહીદોમાં પરમાણંદદાસનું નામ પ્રધાન કેન્દ્રે છે. એમની ભાવનામય વાણીમાંથી પ્રગટ થયેલાં પદોનો અભ્યાસ કરનારાને આજે પણ એ ભક્તિસભર રચનાઓમાં રહેલી નવધાભક્તિ, ઈશ્વરનો સાક્ષાત્કાર તેમજ સૌંદર્યપૂર્ણ વાણીનો અનુભવ થતો જ રહેશે.

આ પુસ્તક પણ મને શ્રદ્ધા છે કે મારાં અગાઉનાં પુષ્ટિસંપ્રદાયનાં પ્રકાશનો જેટલું જ વાચકવર્ગ માટે રસપૂર્ણ બની રહેશે.

'અષ્ટસખા' ભક્તકવિઓનાં આઠ પુસ્તકોની સંપૂર્ણ હસ્તપ્રતો, તેનું પ્રૂફરીડીંગ અત્યંત કાળજીપૂર્વક અને ભાવપૂર્વક ખૂબ જ નિષ્ઠાથી પ્રોફેસર શ્રી નટુભાઈ રાજપરાએ કરેલ છે તે બદલ હું તેમનો અત્યંત આભારી છું.

આ પુસ્તકના પ્રકાશનનો કાર્યભાર મારા યુવાન મિત્રો શ્રી ગોપાલભાઈ તથા શ્રી પ્રવીણભાઈએ સંભાળી લીધો છે એનો મને આનંદ છે. "અષ્ટસખા"નો પરિચય આપતાં મારાં આ પુસ્તકોની શ્રેણીના આ ત્રીજા પ્રકાશન પછી...શેષ પાંચ ભક્તકવિઓનાં પ્રકાશનો પણ ટૂંક સમયમાં થઈ રહ્યાં છે એટલી જાણ સાથે પ્રતિભાવની આશા સાથે વિરમતો

- જશવંત મહેતા

કૈસે છૂટે શ્યામ સગાઈ

“પરમાણંદ અરૂ સૂર મિલિ, ગાઈ સબ બ્રજ રિતિ ।
ભૂલી જાત વિધિ ભજનકી, સુની ગોપિન કી પ્રીતિ ॥

પુષ્ટિસંપ્રદાયના અષ્ટછાપ સખા કવિઓમાં જેમનું નામ સૂરદાસ જેવા મહાન કવિ સાથે લેવાય છે, જેમનાં પદોનો સંગ્રહ પણ “પરમાણંદ-સાગર” નામે પુષ્ટિસાહિત્યના એક માતબર કાવ્યસંગ્રહ તરીકે વ્રજભાષા તેમજ હિંદી સાહિત્યમાં સ્વીકારાયો છે એવા કનોજના રહેવાસી કાન્યકુબજ બ્રાહ્મણ પરમાણંદદાસજીના કાવ્યજગતમાં - પદોના સાગરમાં ડૂબકી મારવાની હોય ત્યારે વ્રજભાષાના આ સમર્થ કવિ વિષે ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજી - શ્રીગુસાંઈજીનો આ કવિ વિષેનો અભિપ્રાય જાણવા જેવો છે - અન્ય ભક્તકવિ સૂરદાસજીના સંદર્ભમાં.

“તાસોં વૈષ્ણવ તો અનેક શ્રી આચાર્યજી કે કૃપાપાત્ર હૈં, પરંતુ સૂરદાસ ઔર પરમાણંદદાસ યે દોઉ “સાગર” ભયે । ઈન દોઉન કે કીર્તન કી સંખ્યા નાહીં, સો દોઉ સાગર કહેવાયે । પુષ્ટિ માર્ગમેં દોઈ સાગર ભયે । એક તો સૂરદાસ ઔર દૂસરે પરમાણંદદાસ । સો તિનકો અગાધ રસ ભગવદ્લ્લીલારૂપ જહાં રત્ન ભરે હૈં ॥

નાભાજી-કૃત “ભક્તમાલ”માં ચાર પરમાણંદોનો ઉલ્લેખ છે. (આવું જ સૂરદાસજીના સંદર્ભમાં કહેવાયું છે કે સૂરદાસ પણ ત્રણ હતા.) એમાં એક “પરમાણંદ-સાગર”નો ઉલ્લેખ આ પ્રકારનો છે:

“પૌગંડ, બાલ કૈસોર, ગોપ-લીલા સબ ગાઈ ।
અચરજ કહા યહ બાત, હુતૌ પહિલૌ જુ સખાઈ ॥
નૈનનિ નીર પ્રવાહ, રહત રોમાંચ રૈન દિન ।
ગદ્ગદ્ ગિરા ઉદાર, સ્યામ સૌભા ભીંજ્યૌ તન ॥
“સારંગ” છાપ તાકી ભઈ સ્રવન સુનત આવેસ દેત ।
બ્રજબધુ - રીતિ કલિયુગ વિષૈ, પરમાનંદ ભયૌ પ્રેમ કેત ॥

આ સંદર્ભના હિસાબે આ પદમાં જેમનો નામોલ્લેખ થયો છે તે “અષ્ટછાપ”ના પરમાણંદદાસ છે એમ સ્વીકારી શકાય છે.

ડૉ. દીનદયાલ ગુપ્તની આ સંબંધમાં આ ટિપ્પણી જોવા જેવી છે:

“પરમાણંદદાસજીકે જીતને પદ ઉપલબ્ધ હૈં, ઉનમેં દોતીન પદોં મેં હી લેખકને કવિ કે નામ કે સાથ “સારંગ” શબ્દ લિખા હૈ, અન્યથા સારંગ શબ્દ પદોં મેં નહીં આતા. ઈતની બાત અવશ્ય દેખને મેં આતી હૈ કિ પરમાણંદદાસ કે આધે સે અધિક પદ રાગ સારંગ મેં લિખે હૈં.”

“ભક્તમાલ”માં કવિની કાવ્યરચના, શૈલી, ભક્તિભાવના વિષે સારી એવી રસપ્રદ માહિતી મળે છે, પરંતુ કવિના જીવન વિષેની વિશદ માહિતી ઉપલબ્ધ થતી

નથી. "ભક્તમાલ"ના લેખક પરમાણંદદાસને અષ્ટસખામાંના જ એક કવિ તરીકે માન્યતા આપે છે.

ભક્તકવિ પરમાણંદદાસના જીવન વિષેની અલપઝલપ માહિતી "ચોરાસી વૈષ્ણવની વાર્તાઓ" તેમજ "ભાવપ્રકાશ" દ્વારા પ્રાપ્ત થાય છે. કાંકરોલી વિદ્યા વિભાગના સંશોધન વિભાગ પ્રમાણે પરમાણંદદાસજી કનોજના કાન્યકુબ્જ બ્રાહ્મણ તરીકે ઓળખાયા છે - અને એમના અનુસાર જન્મ સંવત ૧૫૫૦ - માગશર શુદ ૭ ને સોમવારના દિવસે થયો હતો એવો ઉલ્લેખ થયો છે. પરમાણંદદાસજી શ્રીમદ્ વલ્લભાચાર્યજીથી પંદર વર્ષ નાના હતા અને શ્રી વલ્લભને શરણે અડેલ મુકામે સંવત ૧૫૭૬માં આવેલ એવો ઉલ્લેખ "વલ્લભ-દિગ્વિજય" તેમજ "શ્રી દ્વારિકાનાથજીની પ્રાગટ્ય-વાર્તા"માં થયો છે. એમનો લીલાકાળ - દેહાવસાન - સૂરદાસ અને કુંભનદાસ પછી પરંતુ શ્રીગુસાંઈજી પહેલાં થયો હોવો જોઈએ એવી માન્યતા વૈષ્ણવસમાજમાં રમતી રહી છે, કારણ કે શ્રીગુસાંઈજીએ પરમાણંદદાસના નિધન વખતે "અબ દોનોં સાગર નહીં રહે" - શબ્દો દ્વારા આ મહાકવિને શ્રદ્ધાંજલિ આપી હતી - એવા ઉલ્લેખો પ્રાચીન સાહિત્યમાંથી જોવા મળે છે. શ્રી વિઠ્ઠલનાથજીનો લીલાપ્રવેશ સંવત ૧૬૪૨માં અને કુંભનદાસ - સૂરદાસનો સંવત ૧૬૪૦માં થયો હતો - તો પરમાણંદદાસના લીલાપ્રવેશનો ખંડકાળ સંવત ૧૬૪૧ હોવાની સંભાવના ઘણીબધી છે. તિથિ ભાદરવા વદ છઠ સંવત ૧૬૪૧ હોવાની સંભાવના પ્રાચીન ગ્રંથોને આધારિત બની રહી છે.

પુષ્ટિસંપ્રદાયમાં પરમાણંદદાસજીને લીલાના જીવ માનવામાં આવ્યા છે. લીલામાંના "તોક" સખા તરીકે ઓળખાતા પરમાણંદદાસજી નિકુંજમાં સખીરૂપે "ચન્દ્રભાગા" તરીકે ઓળખાયા છે...સુરભિકુંડના શ્યામતમાલ વૃક્ષ નીચે કુટિરમાં નિવાસ કરતા પરમાણંદદાસજી શ્રી ગિરિરાજજીના આજન્મ સેવક અને એક દ્વારના મુખિયા તરીકે સ્થાપિત થયા હતા.

શ્રી આચાર્યચરણના જલધરિયા ક્ષત્રી કપુર પરમાણંદદાસજીનાં વિરહી પદો પર ખૂબ ખુશ હતા. પરમાણંદદાસજીનાં પદો સાંભળવા એ શ્રીઆચાર્યચરણની સેવાથી પહોંચી, મોડી રાત્રે અડેલથી પ્રયાગ ક્યારેક નાવમાં તો ક્યારેક તરીને સામે પાર જતા...અને એક દિવસ પરમાણંદદાસજીને શ્રી વલ્લભને શરણે લાવીને મૂકી દીધા...શ્રીવલ્લભને પરમાણંદદાસમાં દૈવીજીવના અંશો તેમજ એમનાં પદોમાં વિરહી ભાવનું દર્શન થતાં એમને શરણે લીધા...અને શ્રીજીનું શરણ - શ્રી વલ્લભનું સાંનિધ્ય જેને મળે એ જીવનો બેડો પાર થઈ જાય...એમ પરમાણંદદાસજીની જિંદગી શ્રી વલ્લભ અને શ્રી વલ્લભનંદન - શ્રીગુસાંઈજીની કૃપાદૃષ્ટિથી ધન્ય ધન્ય થઈ ગઈ...

શ્રી વલ્લભને પરમાણંદદાસજી સાથેના પ્રથમ મેળાપમાં જ વિરહનાં પદો સાંભળતાં - આ વિરહી આત્માનું સ્વરૂપ - ભગવાનની લીલામાંથી વિખુટુ પડેલું સ્વરૂપ દેખાયું...ભવાટવીમાં ભૂલો પડેલો આ "જીવ" શ્રી વલ્લભ અને શ્રી ગોવર્ધનનાથજીનાં દર્શનથી વંચિત હતો - આકુળવ્યાકુળ હતો. શ્રી વલ્લભે એને શરણે લીધો. એટલે

લીલાનું જ્ઞાન થવા માંડ્યું અને પરિણામે લીલાનાં પદોની સરવાણી વહેવા માંડી. જોકે શ્રી વલ્લભના શરણે આવવા પહેલાં જ પરમાણંદદાસજીની સરસ પદરચનાથી વ્રજ તેમજ હિંદી ભાષા સમૃદ્ધ થઈ રહી હતી. શ્રી વલ્લભ ખુદ પરમાણંદદાસજીનાં વિરહપદોથી પૂરા પરિચિત હતા. પરમાણંદદાસની આસક્તિ શ્રીકૃષ્ણની બાળલીલામાં વિશેષ હતી. એમણે અનેક બાળલીલાનાં પદો લખ્યાં હતાં. નાભાજીકૃત "ભક્તમાલ"માં પણ "બાલ પૌંગડ કિશોર કૃષ્ણની ગોપલીલાનાં પદો" પ્રશંસા પામ્યાં છે.

શ્રી પરમાણંદદાસનાં પદોનું વિષયાનુસાર વર્ગીકરણ કરતાં જણાય છે કે શ્રીકૃષ્ણના જન્મથી મથુરાગમન તેમજ ભ્રમરગીતના પ્રસંગનાં પદોની રચના એમણે વિશેષ કરી છે. તદુપરાંત વર્ષોત્સવનાં કીર્તનો પણ એમણે સારી એવી સંખ્યામાં રચ્યાં છે. "લાલ કી વરસ ગાંઠિ હૈ આજ, આજુ ગોકુલ મૈં બજત બધાઈ", "આજ દધિ મીઠૌ મદન ગોપાલ", "ભોજન કરત ગોપાલ આવત હૈ, વ્રજ કે બિરહી લોગ બિચારે", "કૈસે છૂટે શ્યામ સગાઈ" ઇત્યાદિ અનેક મનહર - મનભર પદોથી પરમાણંદદાસનું કાવ્યસાહિત્ય કૃષ્ણ તેમજ કૃષ્ણભક્તને પ્રભાવિત કરતું રહ્યું છે. એમના જીવનકાળ દરમિયાન જ કહેવાય છે કે "પરમાણંદ-સાગર"ની રચનાઓ ગ્રંથસ્થ થયેલી, જે કૃતિઓ આજે કાંકરોલી વિદ્યા વિભાગમાં સુરક્ષિત છે એવું કહેવાય છે. લગભગ ૨૦૦૦ પદો એમાં સંગ્રહાયેલાં છે. કવિનો રચનાકાળ એમના જીવનની અંતિમ ક્ષણો સુધી ગણાયો છે.

વ્રજભાષાના મર્મજ્ઞોના મતાનુસાર વ્રજભાષાની કાવ્યસમૃદ્ધિમાં સૂરદાસ, પરમાણંદદાસ અને નંદદાસને વાત્સલ્યરસના - બાળલીલાના શ્રેષ્ઠ કવિઓ તરીકે ગણવામાં આવ્યા છે.

સોમનાથ ગુપ્તે ભાવાવેશમાં આવી સૂરદાસ સાથે પરમાણંદદાસની તુલના કરતાં કહી નાખ્યું પણ ખરું કે-

"અભી તક તો સેહરા સૂર કે સર પર હૈ, સંભવ હૈ કી પરમાણંદદાસજી કા કાવ્યસંગ્રહ પ્રાપ્ત હોને પર ઈન વિદ્વાનોંકો નિર્ણય કરને મેં કુછ કઠિનાઈયાં હોગી."

જોકે આ વધુ પડતું છે. સૂર સાહિત્ય વ્રજભાષાનો - હિંદી સાહિત્યનો "મેરુ" છે. સૂરદાસની અજોડ કાવ્યરચનાઓ આજે કૃષ્ણ જેવી જ અમરઅજર છે. ડૉ. વાસુદેવ શરણ અગ્રવાલે ઉચિત જ કહ્યું છે કે-

"શુદ્ધ કાવ્યના આનંદની દૃષ્ટિએ સૂરદાસની રચના સમસ્ત રાષ્ટ્રની મિલકત છે."

ડૉ. હરવંશલાલ પણ આ જ વાતને વિસ્તારતાં કહે છે કે "મહાકવિ સૂરદાસના સાહિત્યના મહાસાગરનું મંથન કરવું હકીકતમાં દુષ્કર કાર્ય છે. જુદા જુદા યુગોના અભેદ્ય સ્તરોની વચ્ચેથી મંદગતિએ વહી જતી ગંગા સમી ધારા અનેક દિશાઓમાં, એનાં ફાંટામાં, અનેક વિચારધારાઓ આત્મસાત્ કરતી ભિન્નભિન્ન સંપ્રદાયોના સિદ્ધાંતોની સારસુધાથી હૃદયને સંતૃપ્ત કરતી કાવ્યસાધનાની મંદાકિની - સાગર બની ઊછળતી રહી છે, જે ભારતવર્ષના સાહિત્ય-પદાર્થની અદ્‌ભુત ઘટના કહી શકાય."

બાળલીલાનાં પદોમાં પણ પ્રથમ ક્રમે સૂરદાસ, પછી નંદદાસ અને પછી પરમાણંદદાસનો ક્રમ આવે છે.

અલબત્ત, પરમાણંદદાસનાં કાવ્યોનો પ્રધાન વિષય શ્રીકૃષ્ણ જ છે. અને એમણે એવા તો મન મૂકીને કૃષ્ણને ગાયા છે કે બિચારા કહી નાખે છે કે "કૈસે છૂટે શ્યામ સગાઈ!" પરમાણંદદાસનાં પદોમાં શૃંગારભક્તિનાં સંયોગવિયોગનાં પદો છે. પરંતુ એમાં પણ એમનાં વિરહ-પદો અત્યંત ઉત્કૃષ્ટ કોટિનાં છે, જેમાં ભક્તહૃદયની વેદના પરાકાષ્ઠાએ પહોંચે છે...શ્રી વલ્લભ જેવા એમનાં પદો સાંભળી વિહ્વળ બની જાય...એનાથી વિશેષ કયું બીજું પ્રમાણપત્ર આ કવિની રચના માટે હોઈ શકે?

એ જમાનાના લગભગ બધા જ કવિઓનો વિષય કૃષ્ણ જ રહ્યો છે. કદાચ એમ કહી શકાય કે કાવ્યરચના માટે "કૃષ્ણ" અને "રાધા" અને રાધાકૃષ્ણની રાસ-લીલા, જશોદામૈયા સાથેની બાળલીલા કોઈપણ કાળના કવિઓની કાવ્યરચના માટેના સનાતન વિષયો બની રહ્યાં છે. કૃષ્ણ કવિઓનો કાવ્યપુરુષ સદાને માટે રહ્યો છે.

હિંદી જ નહીં પણ ભારતીય ભાષામાં સમગ્ર દેશનો ખૂણેખૂણો - "પૂર્વ મધ્યયુગ" ભક્તિકાલનો યુગ બની રહ્યો હતો. હિંદી સાહિત્યનો એ સુવર્ણયુગ વિષયની દૃષ્ટિએ ફક્ત "કૃષ્ણ" અને "કૃષ્ણલીલા" જ એ યુગના કવિઓ સામે કદાચ મર્યાદારૂપે સ્વીકારીએ તોપણ ફક્ત "કૃષ્ણ" અને એની "લીલા" જ હતાં. આને મર્યાદા તરીકે સ્વીકારીને પણ જો કાવ્યપદાર્થની સમૃદ્ધિનો - કાવ્યત્વના કરિશ્માનો વિચાર કરીશું તો એ જમાનાના ભક્તકવિઓ સૂરદાસ, મીરાં, કબીર, કુંભનદાસ, રહીમ, પરમાણંદદાસ, રસખાન, તાજબાઈએ "કૃષ્ણ"ને કાવ્યત્વનો કરિશ્મા બનાવી, સાહિત્યજગતને સુવર્ણમય બનાવી, આખાય યુગને કાવ્યસાહિત્યનો સુવર્ણયુગ સર્જ્યો છે. અને એ એક અદ્‌ભુત કાર્ય હતું. જમાનો હતો જ્યારે આ કવિઓએ નિરાકાર, સાકાર ભક્તિના વિષયો લઈને શ્રેષ્ઠ પદો, કાવ્યોની રચના - કૃષ્ણનાં આ વહાલાંઓએ કરી, જે આજના "કોમ્પ્યુટર - ઈન્ટરનેટ" યુગમાં પણ અજર-અમર રહી છે.

સંયોગ અને વિયોગના માનવસહજ ભાવોના કલાત્મક કાવ્યસૌંદર્યથી સગુણ પ્રેમની સૂક્ષ્માતિસૂક્ષ્મ અને ઊંડાણપૂર્ણ તલસ્પર્શી ભાવોની અનુભૂતિઓ સમાધિસ્થ ક્ષણોમાં કાવ્ય દ્વારા અભિવ્યક્ત કરી છે. પરમાણંદદાસજીના "હરિ તેરી લીલાકી સુધિ આવે" પદ સાંભળી શ્રી વલ્લભ ત્રણત્રણ રાત અને દિવસ સુધી વિરહાનુભાવ અનુભવતા દેહાનુસંધાન ગુમાવી બેઠા હતા. માનવ-હૃદયના ચિત્તતંત્રને અસ્તવ્યસ્ત કરી ભાવાનુભૂતિ સર્જવા જેટલી શક્તિ આ કવિઓનાં પદોમાં - રચનાઓમાં હતી તે અનન્ય હતી. શૃંગારભાવનાની અભિવ્યક્તિની લપસણી ભોમકા પર પણ આ સમર્થ કવિઓએ એમની સગુણ ભક્તિના પાવિત્ર્યને અકબંધ રાખી, માનવીય ભાવનાના ઉત્તમ અંશોને એમની કાવ્યસૃષ્ટિમાં પ્રગટ કર્યા છે, જેમાં ભક્તિની તન્મયતા, ભાવવિભોરતા, સાકાર બ્રહ્મ પ્રત્યેની અખૂટ શ્રદ્ધા અને સચોટ અભિવ્યક્તિ એમનાં પદોમાં - કીર્તનોમાં દેખાતી રહી

છે. શ્રીદ્વારકેશજીએ સૂરદાસ અને પરમાણંદદાસની રચનાઓને અંજલિ આપતાં સરસ લખ્યું છે:

સૂર સૂર જસ હૃદય પ્રકાસત
પરમાનંદ આનંદ બઢાવત

શ્રી વલ્લભે શ્રીમદ્ ભાગવતની દશમસ્કંધની (નિરોધલીલા) અનુક્રમણિકા એટલે કે શ્રીકૃષ્ણની બાળલીલાનું શ્રવણ શ્રીમુખે સૂરદાસ અને પરમાણંદદાસજીને કરાવ્યું હતું અને લીલાનાં પદો રચવાની પ્રેરણા આપી હતી...પરિણામે એમનાં પદોમાં પુષ્ટિ-સંપ્રદાયની ભાવના અવ્યક્ત સરસ્વતીના વહેણની માફક એમનાં પદોમાં સુપેરે વહેતી રહી. પરિણામે આ બન્ને કવિઓ ફક્ત અષ્ટસખાના જ નહીં પરંતુ વ્રજભાષાના કૃષ્ણભક્તિના કવિઓમાં શ્રેષ્ઠ રહ્યા. પદના દરેક પ્રસંગના મૂળમાં સંપ્રદાયનો દૃષ્ટિકોણ રહ્યો છે અને એના પરિણામે આજે પાંચસો વર્ષોથી એ કવિઓની કાવ્યધારા અને એમની ભક્તિનું 'વિશ્વ' અજોડ, અકબંધ અને પ્રેરણાદાયક રહ્યું છે, સાંસારિક દુ:ખોથી મુક્તિ અપાવે તેવું નિર્મળ સાહિત્ય રહ્યું છે.

પરમાણંદદાસની આસક્તિ શ્રીકૃષ્ણની બાળલીલામાં વિશેષ હતી, તેથી એમણે અનેક બાળલીલાનાં પદો લખ્યાં. એ જમાનામાં એટલાં બધાં આ પદો પ્રચલિત થઈ ગયાં હતાં કે એમના સમકાલીનોએ એમના કાવ્યજગતમાં પરમાણંદદાસને વિશિષ્ટ સ્થાન એ સમયે આપી દીધું હતું. નાગરીદાસે પણ સોમનાથ ગુપ્તની જેમ જ ભાવાવેશમાં "મેરે યેહી વેદવ્યાસ, શ્રી હરિવંશ, વ્યાસ ગદાધર અરૂ પરમાણંદદાસ" કહી વેદવ્યાસની કક્ષાએ મૂકી દીધા હતા. શ્રીદ્વારકેશે પણ પરમાણંદદાસ માટે કુંભનદાસની સરખામણીમાં ક્યાં નહોતું લખ્યું?-

કુંભનદાસ મહારસ કંદ
પ્રેમ ભરે નિજ પરમાણંદ

અને ગાયું હતું:

"સર્વોપરિ દાસ પરમાણંદ રે
ગાયા ગુણનિધિ બાલમુકુંદ રે"

પરમાણંદદાસજીના કાવ્યવિશ્વની જ્યારે વાત થતી હોય, ત્યારે એ એક જ કવિની વાત કરવી થોડીક મુશ્કેલીરૂપ બની રહે છે. પુષ્ટિસંપ્રદાયમાં સંવત ૧૬૦૨માં શ્રીગુસાંઈજીએ "અષ્ટસખા"ની જે સ્થાપ્ના શ્રી ગોવર્ધનનાથજીના મંદિરની કીર્તનસેવા માટે કરી એ સમગ્ર અષ્ટસખા કાવ્યસાહિત્યનાં મર્મ સમજવાની જરૂર સદાય રહી છે...

"અષ્ટછાપ" સખાની કાવ્યસૃષ્ટિ સમજવા માટે બે વિશ્લેષણાત્મક દૃષ્ટિ રાખવી ખૂબ જ જરૂરી છે:

(૧) અષ્ટછાપ કવિઓ - સાંપ્રદાયિક ભાવનાની દૃષ્ટિએ, તો બીજી રીતે

(૨) અષ્ટછાપ કવિઓ - સાહિત્યિક દૃષ્ટિએ - સાંપ્રદાયિક દૃષ્ટિથી આગળ વધીને - પાર કરીને જોઈ શકાય. પ્રથમ સંદર્ભનો વિચાર કરીએ તો, સાંપ્રદાયિક ભાવનાની દૃષ્ટિએ જોઈએ તો શ્રી ગોવર્ધનનાથજી - શ્રી ગિરિરાજધરણ બની ગિરિરાજજી પર બિરાજતા હતા - એ એમની નિત્યલીલાની ભૂમિ હતી, કારણ કે શ્રીનાથજી ગિરિરાજજીની ગિરિમાળાની ગુફામાંથી અરિદમન, ઇન્દ્રદમન, અને દેવદમનના નામે પ્રગટ થયા હતા. એ જ સમયમાં શ્રી વલ્લભ, સૂરદાસ, કુંભનદાસ, પરમાણંદદાસ અને કૃષ્ણદાસ પૃથ્વીના પાટલે અવતર્યા હતા. અષ્ટસખા શ્રીનાથજી સાથે આઠેય પહોર વનલીલામાં સખા તરીકે હાજર રહેતા. નિત્યનિકુંજનાં આઠ દ્વારો પરના એકએક દ્વાર પર તેમનાં બેસણાં હતાં. શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણના અગિયાર સખાઓનાં એમની ગ્વાલમંડળીમાં નામ આવે છે:

શ્રીદામા નામ ગોપાલો રામ કેશવયો સખા ।
સુબલ, સ્તોક, કૃષ્ણધા ગોપા પ્રેમોદમબ્રુવન્ ॥

આ સખાઓના પ્રથમ આઠ સખાઓનું સંપ્રદાયની મૂળ ભાવનાને ધ્યાનમાં રાખી શ્રીકૃષ્ણ પ્રત્યેની સખ્યભાવના પ્રદર્શિત કરતા આઠ સખાઓનું સર્જન શ્રી વલ્લભ - શ્રી વિઠ્ઠલેશના કાળમાં થયું. શ્રીમદ્ ભાગવતના ગ્વાલ સખાઓના અનુસંધાનમાં એ અષ્ટસખાને ભાગવતકારનાં નામ સખા સાથે સાંકળી લેવામાં આવ્યાં છે.

અષ્ટસખામાં ઉચ્ચ કોટિની કાવ્યપ્રતિભા તેમજ સંગીતનું અગાધ જ્ઞાન હતું, પરંતુ સંપ્રદાય માટે તો એ ભગવત્-સ્વરૂપના જ્ઞાતા, ભગવાનની નિત્યલીલાના વહાલા સખા સ્વરૂપે - શ્રીજીનાં સ્વરૂપદર્શનને શબ્દોમાં મઢનારા ભક્તો હોવા ઉપરાંત સાહિત્ય-જગતના અનોખા કવિરત્નો હતા. આંખે અંધ સૂરદાસ - "આજ હરિ દેખો નંગમનંગા" પદ રચી શકતા - "આજ દધિ મીઠો મદન ગોપાલ" - જેવું અનુભૂતિજન્ય પદ પરમાણંદદાસ આપી શકતા કવિરત્નો હતા એવું આજના મીમાંસકો, ટીકાકારો પણ કબૂલે છે.

ભારતીય જનજીવનની પ્રત્યેક પરંપરામાં આધ્યાત્મિક દૃષ્ટિ સર્વોપરી રહી છે. આના સંદર્ભમાં જ અષ્ટસખા પર વિચાર કરીએ તો સંપ્રદાયના સત્ત્વ પર આ કવિઓની દૃષ્ટિ વિશેષ રહી છે, શિલ્પ આકાર પર નહીં. એમણે વર્ણ્ય પર વધુ લક્ષ કેન્દ્રિત કર્યું છે, વર્ણન પર નહીં. એમણે રસ એટલે કે સ્વાદ પર વધુ ભાર મૂક્યો છે, સામગ્રીથી ભરેલાં સોનાચાંદીનાં વાસણ પર નહીં. પરિણામે અષ્ટસખાની કૃતિઓમાંથી ભાવકને સત્ત્વશીલ, સ્પંદનશીલ, હૃદયને સ્પર્શતી - અનુસંધાન ગુમાવી લીલામાં સંમીલિત થઈ જવાય એવી ભાવવિભોર રચનાઓ આપણને અષ્ટસખાનાં પદોમાંથી મળે છે. પરિણામે ભગવદ્-ભક્તિસભર સત્ત્વશીલ કાવ્યતત્ત્વ અષ્ટસખાનાં પદોમાંથી પાંચસો વર્ષોથી એનો પમરાટ પ્રસરાવી રહ્યું છે. ભાષાની દૃષ્ટિએ પણ અષ્ટસખાની રચનાનું મહત્ત્વ હિંદી સાહિત્યમાં સ્વીકારાયું છે, તો ભાવભિવ્યક્તિની દૃષ્ટિએ પણ અષ્ટસખાનાં કાવ્યો અજોડ રહ્યાં છે. અષ્ટસખાના ભાવજગતની કોમલતા, રમણીયતા અને તન્મયતાનો

ત્રિવેણીસંગમ એમની રચનાઓમાં એવો તો સુમેળભર્યો યોજાયો છે કે ભાવકો એમાં સ્નાન કરતાં ક્યારેય થાકતા નથી. એનું કારણ ભારતીય સંગીતની પરંપરા સાચા અર્થમાં અષ્ટસખાનાં કીર્તનો દ્વારા આ સખાઓએ - કવિઓએ સર્જી છે.

અષ્ટછાપ સખાઓનાં સાંપ્રદાયિક, સાહિત્યિક અને કલાત્મક એવાં ત્રણ મહત્ત્વનાં અંગો પર જ્યારે વિચાર કરાય છે ત્યારે, સંપ્રદાયની માન્યતા, સાહિત્યિક મહત્તા તેમજ રચનાના કલાસૌષ્ઠવનો વિચાર કરીએ છીએ ત્યારે સંપ્રદાયના બીજા સાગર - પરમાણંદદાસ પર સૂરદાસ જેટલું અધ્યયન, સંશોધન કે અભ્યાસ થયાં નથી - ઉપેક્ષા જ થતી રહી છે. હકીકતમાં "પરમાણંદ સાગર"ના પ્રણેતાનું સ્થાન અષ્ટછાપ કવિઓમાં જ નહીં, પણ સમસ્ત વ્રજભાષા તેમજ હિંદી સાહિત્યમાં, એમની લીલાત્મક સ્વરૂપનાં બાળલીલાનાં પદોને કારણે વિશિષ્ટ સ્થાન જેમણે એમનાં પદોનો અભ્યાસ કર્યો છે એમણે સ્થાપિત કર્યું છે. શ્રીગુંસાઈજી જે સ્વયં ઉચ્ચ કક્ષાના કવિ હતા એમણે પણ કહ્યું જ છે કે-

"જો યે પુષ્ટિમાર્ગ મેં દોઉ 'સાગર' ભયે - એક તો સૂરદાસ ઔર દૂસરે પરમાણંદદાસ સો તિનકો હૃદય અગાધ રસ ભગવલ્લીલારૂપ જહાં રત્ન ભરે હૈં."

પરંતુ દુઃખની વાત એ છે કે પરમાણંદદાસનાં પદોનો પાછળથી ન તો ક્યાંય ઊંડો અભ્યાસ થયો કે ન તો કોઈએ એના "સાગર"માંથી રત્નો સમાં પદોને શોધવા મરજીવા બનવાનું કાર્ય કર્યું. પરિણામે પરમાણંદદાસનાં પદો સૂરદાસ જેટલાં જનતા સમક્ષ આવ્યાં નહીં.

પરમાણંદદાસનાં પદો જે પુષ્ટિસંપ્રદાયનાં મંદિરો - હવેલીઓમાં છેલ્લાં પાંચસો વર્ષોથી ઠાકોરજી સન્મુખ ગવાતાં રહ્યાં છે, એના પરથી નીચેની કૃતિઓ આજે ઉપલબ્ધ બની શકી છે:

(૧) પરમાણંદ-સાગર (૨) પરમાણંદદાસજીનાં પદો (૩) દાનલીલા (૪) ઉદ્ધવલીલા (૫) ધ્રુવચરિત્ર (૬) સંસ્કૃત રત્નમાલા. પ્રથમ બે સિવાય અન્ય ગ્રંથોની રચના એમની જ છે એવાં પ્રમાણો મળતાં નથી.

આમ છતાં પરમાણંદદાસજીના સમકાલીનોનાં મંતવ્યો જાણવા જેવાં છે. એમના જમાનામાં એમણે પરમાણંદદાસની કવિ તરીકેની મુલવણી ઘણા જ અહોભાવથી કરી છે એ નોંધવા જેવું છે. સંવત ૧૬૬૦માં નાભાજી "ભક્તમાલ"માં આ રીતનો પરિચય આપે છે:

"વ્રજ વધુ રીતિ કલયુગ વિષૈ પરમાનન્દ ભયૌ પ્રેમકેત ।
પૌગંડ બાલકિશોર ગોપલીલા સબ ગાઈ ॥"

તો "ભક્તનામાવલિ"માં ધ્રુવદાસે લખ્યું છે:

"પરમાનંદ ઔર સૂર મિલે ગાઈ સબ બ્રજ રીત ।
ભૂલી જાત વિધિ ભજનકો, સુનિ ગોપિન કી રીત ॥

"નાગર સમુચ્ચય" ગ્રંથમાં રાજસ્થાન, કૃષ્ણગઢના રાજા મહારાજ સાવંતસિંહ જે "નાગરીદાસ"ના નામે કાવ્યો રચતા હતા અને શ્રી વલ્લભના અનન્ય સેવક હતા એમણે તો પરમાણંદદાસજીને "મેરે યેઈ વેદવ્યાસ" કહી નવાજ્યા છે, તો ઓડછા ગામમાં રહેતા એક સંત ૧૬૨૦માં પરમાણંદદાસજીના સમકાલીન થઈ ગયા તેમણે પણ-

"સાંચે સાધુ જુ પરમાનંદ
જિન હરિ જુ સૌહિત કરિ જાન્યૌ ઔર ઔયે દુ:ખદ્વંદ
જાકૌં સેવક કબીર, મીર, અતિ સુમતિ સુરાનન્દ
તૈ રૈ દાસ ઉપાસક હરિ, કે સૂર - સૂ - પરમાણંદ

"ભક્તનામાવલિ"માં ૧૮મી સદીના ઉત્તરાર્ધમાં ભગવતરસિક નામના સંતે પણ પરમાણંદદાસનો ઉલ્લેખ એ જમાનાના શ્રેષ્ઠ કવિઓ સાથે કર્યો છે:

"માધૌદાસ, ગુસાંઈ તુલસી, કૃષ્ણદાસ, પરમાણંદદાસ
બિસ્નુપુરી, શ્રીધર મધુસૂદન, પીપાગુરૂ રામાનંદ"

આ બધા ઉલ્લેખો પરથી નિષ્કર્ષ આ રીતનો લઈ શકાય કે-

(૧) પરમાણંદદાસ શ્રીકૃષ્ણની સેવાસાધના કરતા એક ઉચ્ચ કોટિના સંતકવિ હતા અને બાળલીલાનાં પદોનું ગાન કરતા.

(૨) કીર્તનસેવા એમનું કાર્ય અને સગુણભક્તિના ઉપાસક શ્રી વલ્લભના સેવક હતા.

વર્તમાન સંશોધન-સામગ્રીમાંથી પણ આ ભક્તકવિ માટેની કેટલીક વિગતો ઉપલબ્ધ થાય છે.

(૧) નાગરી પ્રચારિણી સભા, કાશી પ્રકાશિત સંવત ૧૬૨૪, ૧૬૨૫ તેમજ ૧૬૨૮ના સંશોધનના હિંદી સાહિત્યની હસ્તપ્રતોના રિપોર્ટમાં પરમાણંદદાસજી વિષે લખાયું છે કે પરમાણંદદાસે દાણલીલા અને દધિલીલાનાં પદો લખ્યાં હતાં અને તે શ્રી વલ્લભના અનુયાયી હતા.

(૨) "હિંદી સાહિત્ય કા ઈતિહાસ" (રામચન્દ્ર શુક્લ) અને "હિંદી ભાષા ઔર સાહિત્ય"(શ્યામસુંદરદાસ)માં એમને શ્રી વલ્લભને ભાવમગ્ન કરી નાખનારા કવિ તરીકે વર્ણવ્યા છે.

(૩) "હિંદી સાહિત્યકા આલોચનાત્મક ઇતિહાસ" - ડૉ. રામકુમાર વર્મા તેમજ આચાર્ય હઝારીપ્રસાદ દ્વિવેદી જેવા સાહિત્યકારોએ પણ પરમાણંદદાસજીને ઉચ્ચકોટિના કવિ તરીકે - એમની ભાષાના લાલિત્યથી પ્રભાવિત થઈ બિરદાવ્યા છે.

સંખ્યાની દૃષ્ટિએ વિચારીએ તો પરમાણંદદાસજીનું લક્ષ્ય કાવ્યરચના કે સાહિત્ય-સર્જન ક્યારેય નહોતું. એમનું એકમાત્ર લક્ષ્ય હતું ભગવદ્લીલાગાન. આમ છતાં આઠ સમાનાં રોજનાં આઠ પદોની રચનાની ગણતરી એ રીતે કરવા જઈએ તો વર્ષનાં ૨૮૮૦ પદ તો થતાં જ.

પરમાણંદદાસજી પ્રકૃતિએ ભક્ત હતા, દાર્શનિક નહીં, પરિણામે દાર્શનિક ચર્ચા ભાગ્યે જ દેખાય છે. એ તો એમનાં બાળલીલાનાં પદોમાં જ વ્યસ્ત હતા. આમ છતાં એમણે જીવનું બ્રહ્મત્વ પ્રતિપાદન કરતાં પદો પણ રચ્યાં છે. દાખલા તરીકે "હરિ જૂ કી લીલા કાહિન ગાવ..."માં કવિ કહે છે કે જીવ તો ત્રણેય કાળમાં ભગવત્-સ્વરૂપ છે, પરંતુ ક્યારેક વચ્ચે અવિદ્યા કારણરૂપ બની આત્માના સ્વરૂપને ઢાંકી દેતી હોય છે. અને ગાઈ ઊઠે છે કે-

"આપુન કો આપુન હી મૈં પાયો"

જગત અને સંસારના ભેદ વિષે વિચારતા પુષ્ટિસંપ્રદાયના મતાનુસાર જગત અને સંસાર વચ્ચે કોઈ ભેદ નથી. પરમાણંદદાસજીની ભક્તિનું સ્વરૂપ ભગવદ્-લીલા જ હતું અને બીજું સ્વતંત્ર આત્માનુભૂતિ, દૈન્ય એવં આત્મનિવેદનપરક આસ્થા અને એ રીતે પરમાણંદદાસજીનું શુદ્ધાદ્વૈતનું દર્શન એમનાં કાવ્યોમાં પ્રગટ થતું રહ્યું છે.

ગોપી પ્રેમકી ધુજા
જિન જગદીશ કિયે બસ અપને
ઉર ધરિ સ્યામ ભુજા...

પરમાણંદદાસના સંપૂર્ણ ભક્તિકાવ્યનું રહસ્ય એમની બે પ્રકારની આસક્તિમાં રહેલું છે. એક તો સ્વરૂપાસક્તિ અને બીજી લીલાસક્તિ.

સ્વરૂપાસક્તિના ભાવો પરમાણંદદાસના લગભગ દરેક પદમાં માણવા મળે છે. સૌંદર્યાનુભૂતિનું ઊંડાણ પણ નિહાળવા મળે છે. આવી કાવ્યાનુભૂતિની તીવ્રતા અને ઊંડાણ સૂરદાસ જેવા એકાદ કવિની રચનાઓમાં જ જોવા મળે છે. પરમાણંદદાસજીનાં પદોમાં ભાવકને સાત ભક્તિની ભૂમિકાઓ, છ પ્રકારની શરણાગતિ અને નારદીય ભક્તિસૂત્ર-કથિત અગિયાર આસક્તિઓનાં દર્શન થાય છે. સાત ભક્તિ એટલે દીનતા, માનમર્ષિતા, ભયદર્શન, ભર્ત્સના, આશ્વાસન, મનોરાજ્ય અને વિચારતત્ત્વ.

"નિજ પ્રભુમય દેખત ફિરહી કાંસ ન કરહિ વિરોધ"...અથવા તો "તુમ તજિ કૌન નૃપતિ પે જાઉં" - માં રહેલી દીનતા નિતાન્ત અભિમાનશૂન્યતાનું દર્શન ભાવકને કરાવે છે અને દૈન્ય વગર ભક્ત ક્યારે નિરભિમાની થઈ શક્યો છે?

માનમર્ષિતા-ભાવમાં ભક્ત પોતાના અભિમાનનું વિસર્જન શ્રી વલ્લભને, શ્રી ગોવર્ધનધરને ચરણે કરી દે છે અને ત્યારે જ દીનતા પુષ્ટ બને છે. ભગવદ્-ચરણારવિંદ સિવાય બીજું કશું જ એમને સ્વીકાર્ય નથી. પરમાણંદદાસજી એમની વિહ્વળ દશામાં બોલી ઊઠે છે:

"અપને ચરનકમલ કો મધુકર હમહુ કાહૈ ન કરહુ જૂ
કૃપાવંત ભગવંત ગુસાઈ ઈહિ વિનતિ ચિત્ત ચરહું જુ"

ભયદર્શનમાં ચંચલ અને દુષ્ટ મનને શરણે લાવવાના બધા જ પ્રયાસો નિષ્ફળ જાય છે ત્યારે ભય દેખાડવાની આવશ્યક્તા ઊભી થાય છે, ત્યારે પરમાણંદદાસજી એક પદમાં લખે છે:

હરિ કે ભજનકો કહા ચહિયત હૈ ।
શ્રવન નૈન રસના પદ પાનિ ॥
વૈસી સંપત્તિ આઈ બની હૈ ।
જો ન ભજે તાહિ બડી હાનિ ॥

ભર્ત્સના-ધિક્કારની ભાવના પણ ઘણીવાર માનવીને પરમાત્મા તરફ ધકેલવામાં મદદરૂપ બની રહે છે. ધિક્કાર, ગાલીગલોચ, ક્ષોભ અને કટાક્ષના ભાવો દ્વારા શ્રીજી સમક્ષ ભટકતો જીવ ક્યારેક પહોંચી જાય છે. પરમાણંદદાસજી લખે છે:

ગઈ ન આસ પાપિની જૈ હૈ
તજી સેવા વૈકુંઠનાથ કી નીચ લોક કે સંગ રહે

આશ્વાસનથી પણ ક્યારેક ક્રૂર મન પ્રભુ સન્મુખ થઈ જતું હોય છે. પ્રભુની અસીમ કૃપા પર જ્યારે ભક્તનું મન સ્થિર થાય છે ત્યારે લોભી સ્વભાવના મનને પણ પરમાણંદદાસજી એમના પદ

ક્યોં ન જાઈ ઐસે કારન ।
પ્રતિપાલૈ પોંખે માતા જ્યોં ચરણકમલ ભવસાગર ॥

મનોરાજ્ય : ભક્ત પોતાના મનોરાજ્યમાં - "માંયલા" માં જ્યારે વધુ ઓગળી જાય છે ત્યારે ચિંતનશીલ બની જાય છે. બાહ્ય જગત સાથેના એના બધા જ સંબંધોથી એ મુક્ત થઈ ગયો હોય છે. પોતાના "માંયલા"ના મનોરાજ્યમાં એના સાંવરે ગિરિધારી સાથે મગ્ન થઈ ગાતો હોય છે:

કબહુ હરિ હૌં ઘૌં દયા ।
હસ્તકમલ કી હમહુ ઉપર ફેરિ જૈહો હયા ॥

વિચારણા-વિચાર વિવેકના પૂર્વજ ગણાય છે. વિચારણાની સ્થિતિનો જીવ ગંભીર બની જગતની વાસ્તવિકતાને, નિરર્થકતા ને અસારતાને પામી જતો હોય છે, ત્યારે મનના બધા જ આવેગો, ચંચલતા...શાંત થઈ ગાઈ ઊઠતા હોય છે:

માધોં કરિ ગઈ લીક સહી ।
સાંચી છાયા સ્યામસુંદરકી આદિ અન્ત નિબહી ॥
જાકો રાજ દિયો સૌ અવિચલ, મુનિ ભાગૌતિ કહી ॥

ભક્તિની ઉપર્યુક્ત સાત ભૂમિકાઓ ઉપરાંત શરણાગતિની અનન્ય ભાવના પરમાણંદદાસજીમાં હતી. શરણાગતિની એ ભાવનામાં દૈન્ય-દીનતા પ્રધાન સ્વરૂપે છે અને નિ:સાધનતાનું તત્ત્વ એમાં રહેલું હોય છે. શરણાગતિ બે પ્રકારની છે:

એક ભગવાન દ્વારા ભક્તનો સ્વીકાર. ગોપીઓ એવી ભક્ત હતી કે ભગવાને એમનો સ્વીકાર કરી લીધો હતો. "સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકમ્ શરણમ્ વ્રજ"ની ભાવના એમાં છલકાતી રહી છે. પરમાણંદદાસ ગોપીની અનન્ય કૃષ્ણભક્તિને આ શબ્દોમાં બિરદાવે છે:

યે હરિરસ ગોપી સબ ગોપ તિયન તે ન્યારી
કમલ નયન ગોવિંદચન્દ કો પ્રાનન પ્યારી ।

ભક્તિમાં પ્રેમનું પ્રાધાન્ય રહેલું છે. ભક્તિ આનંદસ્વરૂપા છે.

બીજી શરણાગતિ ભક્ત દ્વારા ભગવાનના સ્વીકારની છે. સૂરદાસ અને પરમાણંદદાસ બન્ને આ પ્રકારના ભક્તો હતા. પરમાણંદદાસજી લખે છે કે-

તાતેં તુમ્હારો મોહિ ભરોસોં આવે
દીન દયાલ પતિત પાવન જસ, વેદ ઉપનિષદ ગાવૈ ।

પરમાણંદદાસજી પ્રેમલક્ષણાભક્તિના સાચા ઉપાસક હોવાથી અગિયાર પ્રકારની આસક્તિમાં આસક્ત એવા કવિ હતા, એનો ખ્યાલ એમનાં નીચેનાં પદોની કેટલીક પંક્તિઓમાંથી સ્પષ્ટ થાય છે:

(૧) ગુણમાહાત્મ્યાસક્તિ : ગોવિંદ તિહારો સ્વરૂપ નિગમ નેતિ નેતિ ગાવૈં
(૨) સ્વરૂપાસક્તિ : સુંદરમુખ કી હોં બલિ બલિ જાઉં
(૩) પૂજાસક્તિ : યાતે જિય ભાવૈ સદા ગોવર્ધનધારી
(૪) સ્મરણાસક્તિ : જબસેં પ્રીતિ સ્યામ સૌં કીની ।
તા દિન તે મેરે ઈન નયન કબહું નીંદ ન લીના ॥
(૫) દાસ્યાસક્તિ : માધૌં યહ પ્રસાદ હૌં પાઉં ।
તબ ભૃત્ય ભૃત્ય પરચારક, દાસકો દાસ કહાઉં
(૬) સખાસક્તિ : ભાવૈ તોહિ હરિ કી આનંદ કેલિ
મદન ગોપાલ નિકટ કર પાએ જ્યૌં ભાવૈ ત્યૌં ખેલિ ॥
(૭) કાન્તાસક્તિ : તા દિન તે મોહિ અધિક ચટપટી
જા દિન દેખે ઈન નયનન ગિરિધર બાંધે પાગ લટપટી
(૮) વાત્સલ્યાસક્તિ : માઈ મીઠે હરિ જૂ કે બોલના
(૯) આત્મનિવેદનાસક્તિ : હરિ સૌં એક રસ રીતિ રહીરી ।
તન મન પ્રાન સમર્પણ કીનૌ, અપનો નેમ બ્રત લૈ નિબહોરી ॥
(૧૦) તન્મયાસક્તિ : કમસનધન બિન ઔર ન ભાવૈ ।
અહનિસ રસના કાન્હ રહત ॥
(૧૧) પરમ વિરહા સક્તિ: જિય કી સાધિ જિય હી રહિ રી ।
બહરિ ગોપાલ દેખન નહીં પાએ બિલપતિ કુંજમહોરી ॥

નારદીય ભક્તિસૂત્રો પ્રમાણે અગિયાર આસક્તિઓના સંદર્ભમાં પરમાણંદદાસની રચનાઓ કાવ્યમય, ભાવમય, વિચારમય તેમજ જ્ઞાનમય છે.

પુષ્ટિભક્તિના ક્રમિક વિકાસના ઇતિહાસમાં પરમાણંદદાસજીનાં પદોનું સ્થાન

અવશ્ય છે જ, પરંતુ વિશેષતઃ આ પદો દ્વારા પુષ્ટિમાર્ગીય ભક્તિનું સ્વરૂપ પણ વધુ નીખરે છે - સ્પષ્ટ થાય છે.

પરમાણંદદાસજી ભગવલ્લીલાના જીવ હતા - પ્રેમલક્ષણાભક્તિના જીવ હતા. એમના હૃદયમાં ભગવલ્લીલાનું જે સ્ફુરણ શ્રી વલ્લભની કૃપાથી "દશમસ્કંધ"ની અનુક્રમણિકા સાંભળતાં થયું, તેના પરિણામે અનુભવલીલાનાં પદોનું સર્જન વિશેષ થયું. ભગવાન જ્ઞાનથી પર છે, કારણકે જ્ઞાન બુદ્ધિનો વિષય છે. એની પણ એક સીમા - મર્યાદા હોય છે. પરંતુ બુદ્ધિથી ઉપર આત્મા છે, જેના દ્વારા પરમાત્માના સ્વરૂપ સુધી પહોંચાય છે અને સત્, ચિત્ અને આનંદસ્વરૂપ સચ્ચિદાનંદની પ્રાપ્તિ થાય છે. પરમાણંદદાસ આ સચ્ચિદાનંદની પ્રાપ્તિ માટે ઝૂરતા કવિ હતા, ભક્ત હતા. એમનાં કાવ્યોમાં ભક્તિતત્ત્વ મુખ્ય અને કાવ્યતત્ત્વ ગૌણ રહ્યું છે. પરિણામે એ પ્રથમ ભક્ત અને પછી કીર્તનકાર કે કવિ. પરમાણંદદાસજી મૂળ લીલાના ગાયક કવિ હતા, વિશેષ કરીને બાળલીલાનાં પદોના કવિ. અડેલવાસ દરમિયાન રોજ શ્રી વલ્લભના મુખેથી સુબોધિનીજી સાંભળતા - એના આધારે લીલાનાં પદો રચતા. વ્રજમાં આવ્યા પછી સૂરદાસ, કુંભનદાસ, ઇત્યાદિ કવિઓના સંપર્કમાં આવતાં અને શ્રી ગોવર્ધનનાથજીની કીર્તનસેવાની શ્રી વલ્લભની આજ્ઞાથી "રાગસેવા" મળતાં, વ્રજલીલાનાં એમનાં પદોમાં શાસ્ત્રીય પદ્ધતિ પણ આવતી ગઈ. રસાત્મક રાસેશ્વર રસિકશિરોમણિ શ્રીકૃષ્ણનું પ્રેમસ્વરૂપ એ જ એમના કાવ્યનો વિષય રહ્યો હતો.

પરમાણંદદાસજી મૂળથી જ શાસ્ત્રીય સંગીતના ઉપાસક હતા. એમનાં અર્ધાથી વિશેષ પદો "સારંગ" રાગમાં રચાયાં હતાં. પરિણામે એમની કાવ્યરચનામાં સંગીતાત્મક ગેયતા આપોઆપ પ્રગટ થતી. એમની ગેય પદશૈલીમાં ભાવસૌંદર્યની સાથેસાથે કોમલ પદાવલિ સાથે સંગીત એવી રીતે ભળી જતું કે આખુંય પદ અનેક નવી વિભાવનાઓ સાથે પ્રગટ થતું અને આ એક વૈદિક પરંપરાગત વૈદિક કાળથી આવતી શૈલી છે.

પરમાણંદદાસજીનાં ગેય પદોને બે શૈલીમાં વહેંચી શકાય:

(૧) કથાત્મક શૈલીનાં પદો અને (૨) પ્રસંગાત્મક ગેય શૈલીનાં પદો. કથાત્મક શૈલીનાં પદોમાં શ્રીમદ્ ભાગવતના કાવ્યપ્રસંગો જેવા કે જન્મ, વધાઈ, છઠ્ઠી, પલના ઇત્યાદિ તો પ્રસંગાત્મક પદોમાં હૃદયને ભીંજવી નાખતા સરસ પ્રસંગને એ કાવ્યસ્વરૂપમાં વણી લેતાં પદો રચતા. આવાં પદોમાં ઉન્માદ, કલ્પના, ભાવથી સભર અંતર્ગત સ્વરૂપાસક્તિ, સૌંદર્યાનુભૂતિ તેમજ હૃદયના ભાવો વણી લેવામાં આવતા...સૂરદાસનાં "કૂટપદો" પરમાણંદદાસજીની ગીતયાત્રામાં ક્યાંય દેખાતાં નથી. સરળ ભાષાને સૌંદર્યમય કાવ્યબાનીમાં પ્રગટ કરનારા કવિઓમાંના એક પરમાણંદદાસજી હતા. એમનાં પદોમાં પાંડિત્યનો અર્થભાર ગેરહાજર રહ્યો છે, કારણ કે એમનાં કાવ્યો વિશેષતઃ આત્મપ્રધાન (Subjective) પદો હોવાના કારણે ભાવપક્ષે હતાં. વસ્તુગત ભાવ, કલ્પના, રસાનુભૂતિ વિશેષ દેખાય છે. એ ભાવપક્ષના કવિ હતા, એ એમનાં બાળલીલા, કિશોરલીલાનાં પદોથી અનુભવી શકાય છે.

પરમાણંદદાસજી મુખ્યત: પ્રેમના કવિ હતા. એમની કાવ્યસીમા જન્મમહોત્સવથી મથુરાગમન અને ઉદ્ધવગમન સુધી વિસ્તરેલી હતી. એકબે રસો છોડી બધા જ રસોનાં પદો એમની કાવ્યરચનામાં આપણને જોવા મળે છે. પ્રેમના કવિ હોવાના નાતે પ્રેમની વિવિધ છટાઓ, રૂપો, અનુભવો તેમજ મર્મનું દર્શન સુપેરે એમનાં કાવ્યોમાં થાય છે. શૃંગારરસ એમનાં કાવ્યોનો પ્રધાન રસ છે અને એ શૃંગારરસ સંયોગ અને વિપ્રયોગની અનુભૂતિઓ કરાવે છે. હાસ્ય, કરુણ, વિપ્રલંભ ઇત્યાદિનો રસાનુભવ કરાવતાં પદો પ્રમાણમાં પરમાણંદદાસમાં ઓછાં મળે છે. પરમાણંદદાસજીએ રાધાને સ્વકીયા માનીને શૃંગારનાં વિવિધ સ્વરૂપે એમનાં પદોમાં આલેખી છે. પરમાણંદદાસજીનાં પદોમાં શ્રીકૃષ્ણનું બહુનાયકત્વ સિદ્ધ થાય છે. સૂરદાસે એકલી રાધાને વિશેષત: એમનાં પદોમાં રાખી છે, જ્યારે પરમાણંદદાસનાં પદોમાં શ્રીકૃષ્ણની ચાર સખીઓ લલિતા, ચન્દ્રાવલી, વિશાખા અને રાધાને સ્થાન મળ્યું છે, ખાસ કરીને હોલીના પદોમાં...

ડાલ માઈ ઝૂલત હૈ બ્રજનાથ
સંગશોભિત વૃષભાન નંદિની, લલિતા, વિશાખા કે સાથ

કે પછી-

પરમાણંદ પ્રેમવિવસ હમ મૈં સુંદર કો હૈ કહિ લલિતા

અથવા તો

બિંદુ દાવદશન સોં કોપી ચન્દ્રાવલિ ચૂપ પૂરી.

પરમાણંદદાસજી વિયોગ શૃંગારના કવિ તરીકે પણ જાણીતા છે. પ્રેમની કસોટી વિપ્રયોગ છે. એના કારણે શૃંગાર બે પ્રકારનો છે: સંયોગ અને વિપ્રલંભ. પરમાણંદદાસજીએ વાત્સલ્ય-વિયોગનું વિસ્તૃત વર્ણન નથી કર્યું, પરંતુ મથુરા જતા કૃષ્ણની વિયોગી માતાના હૃદયની વ્યથા એમનાં પદોમાં સરસ રીતે વર્ણવી છે:

જસોદા રથ કો દેખન આઈ
દેખોરી મેરો લાલ ગિરૈગો, કહાં કહૌં મેરી માઈ

વિયોગથી દાઝેલી ગોપીઓની આંતરિક વેદનાને બાહ્ય સૃષ્ટિ સાથે સાંકળી લેતી આ પંક્તિ-

માઈરી ચંદ લગ્યૌ દુ:ખ દૈન
કહાં વો દેસ, કહાં મનમોહન, કહાં સુખકી રૈન

માં જોવા મળે છે.

પરમાણંદદાસજીનાં પદોમાં સૂરદાસનાં પદોની જેવી જ આંખો સામે ખડાં થઈ જતાં દૃશ્યોની ચિત્રાત્મક્તા શબ્દોના સહારે ખૂબ જ ઊભરતી રહી છે:

યહ તો ભાગ્ય પુરૂષ મેરો માઈ
મોહન કો ગોદીમેં લિએ જૈવંત હૈ નંદરાઈ

પરમાણંદદાસજી મુખ્યત્વે વાત્સલ્ય અને સંયોગ શૃંગારના કવિ છે, પરિણામે સૌંદર્યચિત્રણા એમનાં પદોની વિશિષ્ટતા બની રહી છે:

શોભા સિન્ધુ ન અનત રહી રી
નંદભવન ભરિ ઉપડ સખિરિ બ્રજ કી બિથિન ફિરત વહી

શ્રીમદ્ ભાગવતમાં પ્રકૃતિલીલાનું જે વર્ણન આવે છે એ પરમાણંદદાસે આત્મસાત્ કરી એમની ભાષામાં સરસ રીતે ઉપસાવ્યું છે:

આઠે ભાદોં કી અંધિયારી
ગરજત ગગન દામિની કૌંધતિ ગોકુલ ચલે મુરારી

અથવા તો

ઝૂમ રહે બાદર સગરી નિસા કે વર્ષન
કો રહૈ હૈ છાય...

અથવા તો

બાદરૂ ભરન ચલે હૈ પાની
શ્યામ ઘટા ચહુ ઔર તે આવત દેખ સબૈરતિ પાની

અથવા તો

બરસિ રે સુહા ઉમેહા મૈં હરિકો સંગ પાયો

અલંકારક્ષેત્રે પણ પરમાણંદદાસજીએ શબ્દાલંકાર અને અર્થાલંકારનો એમનાં પદોમાં સારો એવો વિનિયોગ કર્યો છે:

મૈયા દેખત બેત બલ્લેયા
મુખ ચુમ્બત સહુ પાવત

અથવા તો

ધન ધન લાડિલી કે ચરન
અતિહિ મૃદુલ સુગંધ સીતલ કમલ કે સે બરન

કવિ સામાન્ય રીતે એના સમયની વ્યવહારમાં ચાલતી લોકભાષાથી એની રચનાનું કલેવર ઘડતો હોય છે કે જેથી એની રચનાઓ લોકાભિમુખ બને. પરંતુ આર્ષદ્રષ્ટા કવિ ઘણીવાર એના સમયથી પણ આગળ વધી જતો હોય છે. જેવા કે સૂરદાસ, તુલસી, કબીર, મીરાં, રસખાન, પરમાણંદદાસ...કે જેમની રચનાઓ ભલે એ કાળખંડની હોય, પરંતુ એમનો પ્રેરણાસ્રોત તો ક્યારેય ન કરમાતો રસસ્રોત રાસરાસેશ્વર શ્રીકૃષ્ણ કે મર્યાદા પુરુષોત્તમ રામ હોય છે. પરિણામે એમની લીલાને અનુલક્ષીને હૃદયથી લખાયેલું સાહિત્ય અજરઅમર બની રહે છે. પાંચ હજાર વર્ષ પહેલાંની વ્યાસવાણી નરસિંહ, સૂર, મીરાં, કબીરમાં ફરી એ જ કૃષ્ણ સાથે અવતરે છે, અષ્ટસખા કવિઓ દ્વારા અવતરે છે અને પાંચસો વર્ષ પછી દયારામ, ગોપાલદાસ, નાનાલાલ,

ઉમાશંકર, નિરંજન, રાજેન્દ્ર, હરીન્દ્ર, રમેશ, અનિલ જોષી અને આજના મૂકેશ જોષી, હિતેન આનંદપરા, સંદીપ ભાટિયામાં ગુજરાતી ભાષામાં અવતરે છે.

પરમાણંદદાસનાં કાવ્યોમાં ભગવત્-પ્રેમ વિવિધ ભાવો સાથે ભક્તિરસરૂપે પ્રગટ થયો છે. એમનાં કાવ્યો વાત્સલ્ય, હાસ્ય, ભક્તિથી ઊભરાતાં રહ્યાં છે. ભાવવિભોરતાની સાથેસાથે વિચારોના ભાથા સાથે એમનાં કાવ્યો સભર બનતાં રહ્યાં છે.

ભક્તિ અને કાવ્ય બન્ને જ્યારે એકરસ બની કાવ્યસ્વરૂપે ભાવક પાસે પ્રગટ થાય છે ત્યારે એ એના હૃદયના અતલ તલ સુધી પહોંચી જાય છે અને વૃત્તિને સંમોહિત કરે છે. બન્ને આત્મધર્મી, રસધર્મી અને એકબીજાના પૂરક બનતા રહ્યા છે. પરિણામે ભક્તને કવિ અને કવિને ભક્ત બનતાં વાર નથી લાગતી.

પરમાણંદદાસજી આવા ભક્તકવિ - કવિભક્ત હતા, સ્નેહ-તન્મયતાના ઉદ્‌ગાતા... "કૈસે છૂટે શ્યામ-સગાઈ" અને "ગોપી પ્રેમકી ધૂજા"ના...ઉદ્‌ગાતા.

તા. ૧-૧૧-૯૭ - ભાઈબીજ

— જશવંત મહેતા

કેશ જોષી,

રૂપે પ્રગટ
ભોરતાની

ાસે પ્રગટ
સંમોહિત
. પરિણામે

ન્મયતાના
તા.

ાવંત મહેતા

અ-નુ-ક્ર-મ

૧. થાશે લાડલો આ તારો કુંવર કાનજીનો રે / ૨૩
૨. મને તો હરી ગયો હરિવર / ૨૬
૩. ગોકુલ અબ ગોપાલ ઉપાસી / ૩૦
૪. પરમાણંદસ્વામી પરમાણંદદાસ બન્યા / ૩૬
૫. ગોકુલ કે ચિંતામણિ માધૌ... / ૪૪
૬. વ્રજમાં નંદમહોત્સવ / ૫૩
૭. આજ દધિ-મીઠો મદનગોપાલ... / ૫૯
૮. વૃન્દાવન સો બન નહીં / ૬૪
૯. માઈ મેરો માધૌં સે મન માન્યો / ૬૮
૧૦. મદનગોપાલ કાહુકિ રાખત નાહિ કાની / ૭૪
૧૧. ગોપી પ્રેમકી ધ્વજા / ૭૯
૧૨. ભગવલ્લીના અદ્ભુત ઉદ્ગાતા / ૮૫

શ્રી પરમાનંદદાસજી

નામ : પરમાનંદદાસ
જ્ઞાતિ : કાન્યકુબ્જ (કનોજિયા) બ્રાહ્મણ
જન્મ સમય-સ્થાન : સંવત ૧૫૫૦, માગસર સુદ-૭, કનોજ
નિકુંજલીલા સંબંધી સખાનામ : તોકસખા
નિકુંજલીલા સંબંધી સખીનામ : ચંદ્રભાગાસખી
શરણાગતિ-સમય અને સ્થળ : સંવત ૧૫૭૭, જેઠ સુદ-૧૨, અડેલ
દીક્ષાગુરુ : શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી
ભક્તિ : સંયોગાત્મક સાત્વિક સખ્યભક્તિ
સ્વરૂપાસક્તિ : શ્રીનવનીતપ્રિયાજી
શૃંગારાસક્તિ : ગ્વાલપગા
પ્રભુના શ્રીઅંગમાં સ્થાન : શ્રવણેન્દ્રિય
શ્રી ગિરિરાજજીમાં અધિકૃત દ્વાર : સુરભિકુંડ
પ્રભુની મુખ્ય લીલામાં આસક્તિ : બાલલીલા
કીર્તન સમય : મંગલા
ભાવનો મનોરથ : ગુપ્તરસ
લીલામાં કોનાં સહચરી : શ્રી રાધાજી
લીલામાં રંગ-વર્ણ : કેસરી
લીલામાં કુંજ : માનકુંજ
લીલા સંબંધી ઋતુ : શિશિરઋતુ
અષ્ટછાપની સ્થાપના વખતે ઉંમર : ૫૨ વર્ષ
રચનાઓ : પરમાનંદ સાગર,
(લગભગ ૨ હજાર પદો)
કીર્તનમાં છાપ : પરમાનંદ, પરમાનંદદાસ, દાસપરમાનંદ
અભ્યાસ, રુચિ, પ્રવીણતા વિગેરે : કનોજમાં થોડું ભણ્યા, ગાનવિદ્યામાં ખૂબ નામ કમાયા, સદાચારી “કવીશ્વર” તરીકે પ્રખ્યાત, “સ્વામી” તરીકે પંકાયા.
દેહાવસાન-સમય અને સ્થળ : સંવત ૧૬૪૧, ભાદરવા વદ-૯, સુરભિકુંડ
ભૂતલ પરની સ્થિતિ : ૯૧ વર્ષ
સ્મૃતિસ્થળ : સુરભિકુંડ, શ્યામ તમાલ.

૧. થાશે લાડલો આ તારો કુંવર કાનજીનો રે

માગશર મહિનાની કડકડતી ઠંડીમાં કનોજ શહેર ઠૂંઠવાઈ રહ્યું હતું. નાનકડા ઘરના ચોકમાં તાપણું સળગાવી, ત્રિપુંડધારી કનોજિયા કુળનો ત્રીસેક વર્ષનો, જાજરમાન વ્યક્તિત્વ ધરાવતો બ્રાહ્મણ, એનાં વૃદ્ધ માતા અને પિતાની હૂંફમાં બેસી, ભડભડ બળતા તાપણાના અગ્નિની જ્વાળાથી ઠીકઠીક દૂર અધ્ધર હાથ રાખી, શરીરને એના પંજાથી તાપતો ‘‘જય શિવશંભો...જય ભોલેનાથ...જય જય શ્રીકૃષ્ણ...જય સિયારામ’’ બોલ્યે જતો હતો.

‘‘બેટા...વહુને કેમ છે?’’ વૃદ્ધ પિતાએ રામકૃષ્ણ અને શંકરભગવાનની ધૂનમાં વ્યસ્ત એવા દીકરાને બાજુના ખંડમાં, ખાટલીમાં કણસતી વહુ માટે પૂછ્યું. યુવાન બ્રાહ્મણની વહુને પૂરા દિવસ જઈ રહ્યા હતા. આંગણે આવનારા બાલશિશુની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી. બાજુના ‘‘ચૌરાહા’’ પાસે રહેતી મોતી દાયણ કણસતી પુત્રવધૂની તહેનાતમાં હાજર હતી. વહુની સાસુ પણ ચિંતાતુર નજરે પીડાગ્રસ્ત વહુની બાજુમાં માથે એનો પ્રેમાળ વાત્સલ્યભર્યો હાથ ફેરવતી ખાટલાની ઈસના ખૂણે બેઠી હતી.

‘‘બાપુ, તમે થોડા વખતમાં દાદા બનવાના.’’ યુવાન બ્રાહ્મણના હૈયે હરખ માતો નહોતો. એના હરખમાં એના પિતાને પણ સામેલ કરવા બોલી ઊઠ્યો.

‘‘હા, બેટા...ભગવાન સૌ સારાં વાનાં કરશે.’’ વૃદ્ધ પિતા બોલ્યો એ જ વખતે ડેલી ખખડી.

વહેલી સવારનો સમય હતો. યુવાને ઊઠીને ડેલી ઉઘાડી.

‘‘અરે...અરે...રામદાસ શેઠ...તમે... તમે ઊઠીને આ બ્રાહ્મણનું ખોરડું વહેલી સવારે પાવન કર્યું! પધારો, શેઠ...પધારો... બાપુ...આપણા યજમાન રામદાસ શેઠ આવ્યા છે.’’ કહેતો યુવાન બ્રાહ્મણ આદર સાથે એના યજમાનને ચોકમાં દોરી લાવ્યો...

‘‘શેઠ, બેસો...’’

‘‘ગોરબાપા...બેસવાનો સમય નથી...આજે ઘરે શતચંડી અને યજ્ઞનું આરાધન કર્યું છે. તમારે મુખ્ય પુરોહિત તરીકે યજ્ઞમાં બેસવાનું છે. દક્ષિણા તમારા જ્ઞાન અને ગૌરવને અનુરૂપ આપવામાં આવશે. શતચંડી તેમજ પુત્રૈષ્ટિ યજ્ઞનો સંકલ્પ તમારે કરાવવાનો છે...સવારના છ વાગ્યા છે...પરવારીને જલદી પધારો...અમારા પ્યારા ભૂદેવ!’’ વિવેક સાથે રામદાસ શેઠ ભૂદેવને પગે લાગતો બોલ્યો.

‘‘જરૂર આવીશું. પરંતુ સમય સાચવી લેવાની પ્રક્રિયા માટે તમે અન્ય પુરોહિતને મેળવી લેજો...હું અબઘડી નીકળીને આવું છું.’’ વિપ્ર આનંદિત સ્વરે બોલી ઊઠ્યા...

આબરૂ અને પૈસાની દૃષ્ટિએ એના પિતાનું નામ કનોજ ગામના વિપ્રસમાજમાં મોટું હતું. કનોજમાં આંગણે આવી ચડેલા શેઠ પણ કોટ્યધિપતિ જ હતા.

યુવાન બ્રાહ્મણ ગાયત્રીના શ્લોકો ઉચ્ચારતો શેઠની સાથે જ ખભે ખેસ નાખતો ચાલી નીકળ્યો.

માગશર સુદ સાતમને સોમવારે સાંજે યજ્ઞકુંડ પાસે બેસી "સ્વાહા...સ્વાહા..."ની વાગ્ધારા વહેવડાવતા યુવાન બ્રાહ્મણે યજ્ઞની પૂર્ણાહુતિનો અંતિમ શ્લોક ઉચ્ચારતાં જ એની જ ઉંમરના રામદાસ શેઠ એની નજીક આવી પહોંચ્યા અને ગદ્ગદિત સ્વરે બોલી ઊઠ્યા:

"આજનો મારો દિવસ ધન્ય થઈ ગયો...શતચંડી અને પુત્રૈષ્ટિ યજ્ઞ ખૂબ જ મંગળ વાતાવરણમાં તમારી નિશ્રામાં પૂર્ણ થયો એનો મને ખૂબ જ આનંદ છે. વિપ્રદેવ...આ છે તમારી દક્ષિણા... ધનધાન્યથી ભરેલી ગૂણીઓ, વસ્ત્રો, ઠામવાસણ સાથેનું એક ગાડું તમારા ઘરે મોકલ્યું છે... બાકી રહી જતું હોય તો વિના સંકોચે માગી લેજો, ભૂદેવ!"

ભૂદેવ રાજી થતા નગરશેઠના સિગરામમાં એમના ઘરે પહોંચ્યા અને ઉંબરો વળોટી હજી ચોકમાં પ્રવેશ કરે ત્યાં તો... "બેટા...આપણે ઘેર લક્ષ્મી તો પધાર્યાં...પણ લક્ષ્મી સાથેસાથે...આનંદઘન બાળકનો જન્મ થયો...તારી વહુએ આ દાદાદાદીનાં અરમાનો પૂરાં કરતો દીકરો જણ્યો...બેટા...વધાઈ હો!"

"શું કહ્યું, બાપુ...પુત્રરત્ન આપણું આંગણું, મારું આયખું અને તમારું વૃદ્ધત્વ ઉજાળવા મારા ભોળાનાથે... નંદનંદન બાલકૃષ્ણે એના સખાને આપણે ત્યાં મોકલી આપ્યો... પરમ આનંદ! બાપુ...પરમ આનંદ...લક્ષ્મી અને આનંદ એકી પળે...એક જ દિવસે આપણે ત્યાં પધાર્યાંને શું?" યુવાન બ્રાહ્મણ આનંદવિભોર થતો નાચી ઊઠતો બોલી ઊઠ્યો.

"ભાઈ...વધાઈ!" મોટી બહેન હોંશભરી ભાઈ પાસે ધસી આવી.

ગળામાં પહેરેલી માળા કાઢીને હોંશભરી બહેનના ગળામાં પહેરાવતો ભાઈ બોલી ઊઠ્યો.

"બેના...આજે તો આપણા આંગણે...પરમ આનંદ પ્રગટ થયો...હું તો, બેના...એને મારો 'પરમાનંદ' કહીશ... મેં તો એનું નામ 'પરમાનંદ' રાખવાનું નક્કી કર્યું છે..."

"ભાઈ...મારા હૈયે પણ પરમાનંદ નામ જ ઊગી નીકળ્યું છે...બારમે દિવસે આપણે ઓળીઝોળી કરી... 'પરમાણંદદાસ' નામ પાડીશું."

"અરે બેના...મારા પરમાનંદનાં દર્શન તો કરાવ!"

અને એ જ વખતે યુવાન વિપ્રની માતા - દાદીમા નવજાત પોતરાને એમના બે બાહુ વચ્ચે ઝુલાવતાં ઓશરીમાં આવી પહોંચ્યાં. અને આનંદની હેલી વચ્ચે નવજાત શિશુને ગોદમાં લેતો પિતા બોલી ઊઠ્યો:

"આવો, પરમાણંદદાસ, આવો...અને આપણું આંગણું, આપણું કુળ અને આપણો ધર્મ ઉજાળો...અરે, કોઈ છે કે? બ્રાહ્મણ-વાડામાંથી જટાગોરને બોલાવી આવો...મારા દીકરાના જન્માક્ષર કાઢી દે..."

ેસ નાખતો

ગહા...”ની
ચ્ચારતાં જ
સ્વરે બોલી

જ્ઞ ખૂબ જ
.પ્રદેવ...આ
ું એક ગાડું
., ભૂદેવ!”
મને ઉંબરો
ાર્યા...પણ
ાં અરમાનો

ારું વૃદ્ધત્વ
માં મોકલી
...એક જ
ચી ઊઠતો

ાતો ભાઈ

ાના...એને
. છે...”
.મે દિવસે

મેમના બે
નવજાત

. આપણો
ો...મારા

નોકર દોડતો બ્રાહ્મણવાડામાં જઈ ત્રિકાળસંધ્યા કરીને પરવારેલા જટાગોરને લઈને આવી પહોંચ્યો.

“પધારો...પધારો, ગોરબાપા...આપણે આંગણે...” પિતા વાક્ય પૂરું કરે એ પહેલાં જ જટા ગોરે...

“કલ્યાણમ્ અસ્તુ... વધાઈ હો... તમારે આંગણે ખેલવા કોક પુણ્યાત્મા જીવ પધાર્યો છે...અભિનંદન...આશિષ...”

“ગોર મહારાજ... આજનો દિન, આજની ઘડી રળિયામણી છે...તમે જ રામદાસ શેઠને ત્યાં ક્યાં નહોતા? શેઠે શતચંડી યજ્ઞ અને પુત્રૈષ્ટિ યજ્ઞ મારા હાથે કરાવ્યો...અને ઉદારચરિત નગરશેઠે...દક્ષિણામાં મારું તો ઘર ભરી દીધું...આ ઘરે લક્ષ્મી પધારી...તો પાછળપાછળ... આ નારાયણ પણ આવી પહોંચ્યા...બાકી, ગોરબાપા, આ મેં તો આનું નામ...આજે જિંદગીમાં જે પરમ આનંદ થયો છે... એની યાદગીરીમાં... “પરમાનંદ” નામ મારા દીકરાનું રાખ્યું છે. લ્યો આ જનમતારીખ, કાઢો ટીપણું...ને આ મારા લાડલાના ચોખ્ખા જન્માક્ષર કાઢી દ્યો...મારો લાડલો કેટલો ભાગ્યવાન છે એ કહો.”

જટાગોરે ખભે લટકતા ખલતામાંથી ટિપ્પણી કાઢી અને એક ઝાટકે ટિપ્પણીનું ફીંડલું ખોલી, જન્મસમયના આધારે ગ્રહદશાના મેળ મેળવતાં વેઢાં ગણવા માંડ્યાં...

“શું નામ કહ્યું...છોરાનું તમે?” જટાગોરે પ્રશ્ન કર્યો.

“ઘરમાં શિશુના આગમને પરમ આનંદની હેલી ઊપડી છે...એટલે મનમાંથી જ ઓચિંતું એનું નામ “પરમાનંદ” ચડી ગયું...ગોરબાપા...તમે તમારા આ ફીંડલાની ઘડીઓ ઉખેળી છોરાનું નામ અને રાશિભવિષ્ય કહી દ્યોને, બાપલા!”

“બ્રાહ્મણશ્રેષ્ઠ, તમે પાડેલું - વિચારેલું નામ જ બરોબર છે...પરમાણંદદાસ... રાશિમેળ સારા છે. શુક્ર ઉચ્ચનો છે...સારી દુનિયામાં ડંકો બજાવશે તમારો દીકરો!”

એ જ વખતે આંગણે શરીરે ભભૂતિ, આંખોમાં સૂરમો અને અલખની વાટેઘાટે બસ એક જ ધૂન...એક જ પદ...એક જ વાક્ય ઉચ્ચારતા નાચતા-ગાતા કૃષ્ણાનંદજી મહારાજ “ગોપાલકૃષ્ણ...બોલો...હરિ ગોવિંદ બોલો” કહેતા પ્રવેશ્યા- પ્રવેશતાં પહેલાં એક ક્ષણ ઉંબરામાં ઊભા રહી ગયા. એક નજર નવજાત શિશુ પર નાખતાં જ કૃષ્ણાનંદજી મહારાજ દાદીના ખોળામાં રમતા બાળકને જોઈ, આશિષ અર્પતા બોલી ઊઠ્યા:

“મૈયા મોરી બાળક તેરો બડો ભાગવાનજી રે
લલાટે ઝળહળતો કેવો ભક્તિનો પ્રકાશજી રે
થાશે લાડલો તારો આ કુંવર કાનજીનો રે
ધન ધન થાશે એનો અવતારજી રે”

અને ‘ગોપાલકૃષ્ણ રાધેકૃષ્ણ’ની ધૂન બોલાવતા સત્સંગી સાધુની વિદાય સાથે વાતાવરણમાં આનંદમંગલ ફોરી ઊઠ્યું.

૨. મને તો હરી ગયો હરિવર

"અપને લાલ કૌ બ્યાહ કરોંગી બડે ગોપકી બેટી
જાંસો હમસૌં જતિયા ચારો ભોજન ભેટાભેટી..."

બારેક વર્ષના પરમાણંદની માતા હોંશભરી...દીકરા સામે વહાલભરી નજર કરતી, થોડા સમય પહેલાં જ નજીકના મંદિરમાં દર્શન કરી પાછા ફરેલા પરમાણંદના મુખેથી જે પદ સાંભળ્યું હતું એ જ પદ ગાતી... સુરભિ ગાયને દોહી રહી હતી...

"અરે મૈયા...આજ તો...મારા લાલનને પરણાવવાની હોંશ જાગી છે ને શું?" પરમાણંદ હસતો હસતો બોલી રહ્યો.

"બેટા, હોંશ તો જાગે જ ને...આ તુંય હવે મોટો થઈ ગયો છો...રાત-દી કેવાં સરસ...રાધાકૃષ્ણનાં પદો ગાતો રહે છે! દેશમાં અકાલ...કારમો દુષ્કાળ પડ્યો છે... આકાશમાંથી મેહને બદલે...કાળી લૂ વરસી રહી છે...જલાશયોમાંથી જલ સુકાઈ ગયાં છે... પાણી...પાણી...ના બાપોકારથી ધરતીનાં છોરુ...વાતાવરણને...દ્રવિત કરી રહ્યાં છે. ત્યારે તું તો, બેટા...બસ તારી ભક્તિમાં, પદોની રચનામાં, તારી જ દુનિયામાં વ્યસ્ત છો...આ એટલે જ થાય છે કે...આ કાળઝાળ દુકાળમાંય તારા વિવાહ તારા બાપને કહી કરી નાખું...આવવા દે તારા બાપાને...આ ઓધા ભટ એની દીકરી રાધાનું માગું લઈને સવારે જ આવ્યા હતા, દીકરા...છોડી બ્રાહ્મણવાડામાં જ રહે છે...રૂડીરૂપાળી રાધા છે, બેટા...આ તારા બાપાને કહી...જટાગોરને બોલાવી, સારા મુહૂર્તમાં ગોળધાણા ખાઈ લઈએ." - માતાને એકીશ્વાસે હાંફતા સ્વરે બોલતી જોઈ પરમાણંદ હસી પડ્યો.

"અરે મૈયા...મારે તો કાંઈ પરણવું નથી...આ રાગદ્વેષની દુનિયાથી - રોજબરોજની સાંસારિક જળોજથાથી...તો દૂર રહેવું જ સારું...હું તો પરણવાનો જ નથી...નકામી ફીફાં ખાંડતી નહીં...હું તો વિરક્ત...વૈરાગી જીવ છું...મૈયા મોરી...

મને તો હરી ગયો હરિવર...
સંસારી માયાથી મૈયા મુક્ત બન્યો છું હું
મૈયા મોરી...મુજને હરી ગયો હરિવર..."

પરમાણંદે...માતાની હોંશ પર પાણી ફેરવતાં કવિતાની પંક્તિઓ ફટકારી દીધી...

"ના...ના, બેટા...આવું ના વિચાર...તું તો કુળનો દીપક છો...બેટા...તું લગ્ન નહીં કરે...તો આપણા વંશનું શું? લગ્ન તો તારે કરવાં જ પડશે...તારા બાપે તારાં લગ્ન માટે ખૂબ ખૂબ ધન ભેગું કર્યું છે." - માતા કરગરી ઊઠી...અને એ જ સમયે...બારણા પાસે ક્ષુધાર્તોનું ટોળું આવી પહોંચ્યું.

"મૈયા...જલ દો...મૈયા...અન્ન દો...મૈયા...આ દુકાળમાં ચાર ચાર દીથી પેટમાં અન્નનો દાણો પડ્યો નથી! પાણી વગર...ગળાં સુકાય છે...મૈયા, થોડુંક અનાજ...થોડુંક જળ આપો...મૈયા...ભગવાન તમારું ભલું કરશે...આ સોના જેવા દીકરાની રૂપા જેવી રૂપકડી વહુ તારા આંગણે મહાલશે...મૈયા...ભૂખ્યાને અન્ન, તરસ્યાને જલ, નંગાને વસ્ત્ર આપ, મૈયા..."

ક્ષુધાર્તોનો આર્તનાદ સાંભળી પરમાણંદદાસ દોડીને કોઠારમાંથી સૂંડલો ભરી...રાતદિવસની મહેનત પછી બચાવેલું ધાન આપવા દરવાજા તરફ ધસી ગયો... સુરભિ ગાયને દોહતી માતા, ઊભી થઈને દીકરાનો હાથ પકડી દરવાજા આડે ઊભી રહી ગઈ અને આર્દ્રસ્વરે બોલી ઊઠી:

"પરમાણંદ, આ શું કરે છે? દુકાળના દિવસો છે...આખા દેશમાં ક્યાંય આ વર્ષે અનાજનો દાણો પાક્યો નથી...તારા બાપ પરદેશમાં જઈ દુકાળના દિવસો નીકળી જાય એટલું ધાન મહામહેનતે લઈ આવ્યા છે...એ આમ ભિખારીઓને વહેંચી ન દેવાય..."

બરોબર એ જ સમયે...

"ચલો હટો...હટો અહીંથી...શું ધાંધલધમાલ માંડી છે? મારે આંગણેથી કાંઈ નથી મળવાનું. અહીંથી ચાલતી પકડો..." - પરમાણંદના પિતાનો અવાજ કાને પડ્યો.

"ભૂદેવ, ભગવાન તમારું ભલું કરશે...ભૂખ્યાને અન્ન...તરસ્યાને જલ આપો...ભૂદેવ...તમારું તો ખમતીધરનું ખોરડું છે...આ દુષ્કાળનાં વરસોમાં પણ ધન-ધાન્યથી ઊભરતું ઘર છે...થોડુંક પુણ્ય કરો...ભૂદેવ...અમારી આંતરડી ન કકળાવો..."

ક્ષુધાર્તોની કાકલૂદીએ પરમાણંદના હૈયાને હચમચાવી મૂક્યું. બ્રાહ્મણો અપરિગ્રહવ્રતના ઉપાસક ગણાય...દિનભરનું પેટનો ખાડો પૂરવા પૂરતું અન્ન સંઘરવાનો જ એમને અધિકાર શાસ્ત્રોએ આપ્યો છે...ત્યારે...એના બ્રાહ્મણ પિતાના કોઠારો ધનધાન્યથી દુકાળના દિવસોમાં પણ ભરેલા હતા. સોનારૂપાનાં આભૂષણોથી એમનાં ભંડકિયાં ભર્યાં હતાં...પુષ્કળ ધનનો સંચય એમના બાપે એમનાં લગ્ન માટે - એમનાં ભરણપોષણ માટે કર્યો હતો. યજમાનોને ત્યાં યજ્ઞો, ભાગવતકથાઓ...ઇત્યાદિ ધાર્મિક પ્રવૃત્તિઓ કરાવી ધનનું ઉપાર્જન કર્યું હતું...પરમાણંદ ખિન્ન થઈ ગયો...

"પિતાજી...ઘરમાં પધારો...અને આ ક્ષુધાર્તોને...ભિખારીઓને તમારા હાથે...બધું લૂંટાવી પુણ્યનું કાર્ય કરો..."

"પરમાણંદ...પસીનો પાડીને તારાં લગ્ન માટે, તારાં ભરણપોષણ માટે મેં આ ધન ભેગું કર્યું છે...એને એમ લૂંટાવી ન દેવાય...આ તો બધા જનમજનમના ભિખારાઓ છે...ક્ષુધાર્તો છે...ભૂખ્યા કંગાળ લોકો છે...દુકાળમાં વધુ ભિખારા બની...ઘરે ઘરે...ભીખ માગી રહ્યા છે...જિંદગી આખી મેં એમના માટે પસીનો પાડ્યો નથી, બેટા...ચાલ, બારણું બંધ કરી દે...જો હું આજે તારી વહુ માટે...કેટકેટલાં...એકએકથી ચડિયાતાં ઘરેણાંઓ લાવ્યો છું!" - કહેતાં પિતાએ ફળિયામાં પ્રવેશ કર્યો. ડેલી જોરથી ધક્કો મારી બંધ કરી દીધી અને પરમાણંદનો હાથ પકડી હોંશભર્યા પરસાળમાં બાંધેલા હીંચકા પર જઈને બેઠા. ખભેથી ઘરેણાંથી ફાટફાટ થતો ખેસ ઉતાર્યો અને...

"અરે ભાગ્યવાન...અહીં આવો તમારાં કામ મેલીને...આ હું ઓધા ભટની રાધાને જોઈ આવ્યો...દીકરી તો બાકી રૂપરૂપનો અંબાર છે, હોં ભાગ્યવાન...આ હું તો ઓધા ભટને વેણ દઈને આવ્યો છું કે... ભટ...તમારી રાધા મારા પરમાણંદ વેરે લીધી...અને પછી ઓલ્યા ભૂધર સોનીને ત્યાંથી...આ પરમાણંદની વહુ હારુ...આ ઘરેણાં ખેસ ભરીને લઈ આવ્યો છું...સોનાની માળા...ચૂડલો, પગનાં ઝાંઝર...આ બધુંય લાવ્યો છું..."

"વહુને દાગીનો તો ચડાવવો પડશેને...કેમ બોલ્યાં નહીં?" હોંશભર્યો ખમતીધર વિપ્ર બોલી રહ્યો હતો ત્યારે પરમાણંદનું આખુંય શરીર કંપી રહ્યું હતું...

"પિતાજી..." એણે હોઠ ફફડાવ્યા...

"શું છે, બેટા?" - પિતાએ પૂછ્યું.

"હોય શું! તમારા લાડલાને લગ્ન જ નથી કરવાં! સાધુ-સંન્યાસીની હાર્યે રાત-દી પડ્યા રહેતા પરમાણંદને તો વિરક્ત થઈ જિંદગી ગાળવી છે! એને તો એનો "હરિવર" મળી ગયો છે ને એટલે...હવે સંસારની માયા જ રહી નથી!" માતા બોલી.

"શું કહ્યું? પરમાણંદ...આ તારી મા કહે છે એ વાત સાચી?" પિતાએ પૂછ્યું.

"હા, પિતાજી...મારે...મારે..."

- પરમાણંદદાસ હજી તો વાક્ય પૂરું કરે એટલામાં તો બ્રહ્મદેવના દ્વારે ટકોરા પડ્યા...અને...પરમાણંદ હજી તો દ્વાર ખોલે ત્યાં તો ધણધણાટી વધી ગઈ...

બારણું ખૂલતાં જ રાજ્યના હાકેમનો જમાદાર દસેક સિપાહીઓ સાથે ઘરમાં ઘૂસી ગયો.

"ભૂદેવ...રાજ્યમાં દુકાળ પડ્યો છે...રાજ્યને ધનની જરૂર છે...આજ ક્ષણે...તમારું ધન...કોઠારમાં સંઘરેલું ધાન્ય...પટારામાં સંતાડેલાં વસ્ત્રો-આભૂષણો બધું જ અમને સોંપી દ્યો!"

"અરે...જમાદારસાહેબ...રાત-દીની કાળી મજૂરી કરી ભેગું કરેલું ધન તો મારા આ પરમાણંદનાં લગન કરવા માટેનું છે...બે-પાંચ ગૂણ અનાજની લેવી હોય તો...લઈ જાવ...પાંચસો હજાર અશરફી લઈ જાવ...ફાટ્યાં-તૂટ્યાં કપડાં તમને આપી દઉં...બાકી..."

"ભૂદેવ...રાજ્યને આજે અખૂટ ધનની જરૂર પડી છે ત્યારે તમે કૂતરાને રોટલા ફેંકતા હો તેમ...આટલું ઓછું આપવાની વાત કરો છો એ કેમ ચાલે? આજે તો સર્વસ્વનું સમર્પણ કરવાની વેળા આવી છે..."

"જમાદારસાહેબ...હું મરી જઈશ...મારો સંસાર...મારાં બાળકો..."

"પિતાજી, શાસ્ત્રોમાં કહ્યું છે...માણસે અપરિગ્રહી થઈ આ સંસારમાં જીવવું જોઈએ. રોજની રોટી દેવાવાળો મારો કૃષ્ણ કનૈયો છે...કીડીને કણ અને હાથીને મણ દેનારો મારો શામળો બેઠો છે આપણી ચિંતા કરવા માટે...અને હાં, મારાં લગ્નની ચિંતામાં આ ધન ભેગું ન કરતા, કારણકે હું આ જન્મે લગ્ન કરવાનો જ નથી...હું તો વિરક્ત જીવ છું...સંત-સાધુની સેવા અને ભગવાનનું સ્મરણ એ જ તો મારી જિંદગી છે. તમે મારા ભવિષ્યની ચિંતા કર્યા વગર જમાદારને આપણું બધું જ ધનધાન્ય આપી દ્યો..." પરમાણંદદાસ બોલ્યા.

"ના...ના...મારી લોહીપસીનાની કમાણીને હું આમ જતી નહીં કરું." ભૂદેવ પિતા બોલી ઊઠ્યા...

"સિપાહીઓ...ઘરના ખૂણેખૂણે ફરી વળો અને બધું જ લૂંટી લ્યો આ લોભી ધુતારા બ્રાહ્મણનું...હાકેમની આજ્ઞા છે કે જો બ્રાહ્મણ સમજી-વિચારીને એની મિલકત ન આપે તો

એનું બધું જ લૂંટી લેજો...રાજ્યની પ્રજા ખાતર કરેલી આ લૂંટ પાપ નહીં ગણાય."

બેત્રણ ઘડીમાં જ ભૂદેવના મકાનના ઓરડે ઓરડા ખૂંદી વળી, ગાડાનાં ગાડાં ભરી ધન, ધાન્ય, વસ્ત્રો, દાગીનાઓ...બધું જ લૂંટીને હાકેમના સૈનિકો ચાલ્યા ગયા.

ભૂદેવે કપાળ કૂટ્યું...ભૂદેવ-પત્ની બેહોશ થઈને પડી...એક પરમાણંદ નિર્લેપભાવે લૌકિક સમૃદ્ધિની ઉઘાડી લૂંટના પરિણામે મકાનમાં સર્જાયેલી વેરાનિયતને જોઈ રહ્યો. અંતરમાંથી આ ક્ષણોમાં એક જ પદ ઊભરતું હતું: "વામન...આએ બલિ પેં માંગનિ" - ફેર ફક્ત એટલો હતો કે હાકેમના સિપાહીઓ "વામન" નહીં "વિરાટ" શક્તિના સ્રોત બનીને આવ્યા હતા અને બધું જ લૂંટી ગયા હતા.

"પરમાણંદ...તું તે કેવો વિરક્ત જીવ છે! તારા વિવાહ માટે, તારા સુખદ ભાવિ માટે ભેગા કરેલા ધન પ્રત્યે તને જરા પણ માયા નથી? આપણી કમાણી, સમૃદ્ધિને તેં લૂંટાતી જોઈ, ત્યારે તારા પેટનું પાણી પણ હલ્યું નહીં! તું તે કેવો દીકરો પાક્યો!" - પિતા બોલ્યા.

"પિતાજી, દુ:ખી ન થાવ...ભગવાને આપણા પર કૃપા કરી, આપણને નિર્ધન બનાવ્યા...એની માયામાંથી મુક્ત કર્યા...તમે આપણા ભવિષ્યની ચિંતા ન કરો...એ આપણા ધરણીધર ગોપાલની ઉપર છોડી દ્યો. હવે આપણે ગરીબ થઈ ગયાં...તમારી પણ હવે ઉંમર થઈ...મારે લગ્ન નથી કરવાં...તમે બન્ને જણાં નિરાંતે હવે ભગવાનનું નામ લઈ... આયખું સુધારો. સવાર-સાંજ હું તમારા બન્નેનું ભાણું પૂરીશ.. તમને અન્નવસ્ત્રાદિનો કોઈપણ પ્રકારનો વસવસો નહીં રહેવા દઉં... સાદીસીધી, ભૌતિક સુખો અને લાલચોથી પર એવી શેષ જિંદગી જીવો...પિતાશ્રી..."-પરમાણંદદાસ બોલ્યા.

"તું તો ભલા વૈરાગી જીવ છો...રાત-દી સાધુસંતોની જમાતમાં બેસી રહેનારો... શું કમાવાનો...અને અમને શું ખવડાવવાનો? તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ છે...અમારે હજી સંસારમાં જીવવાનું છે...અમારી આબરૂ અને વટ પ્રમાણે મોભો જાળવી સમાજમાં જીવવાનું છે...તું હવે કમાતો થા...અને અમારાં હૈયાં ઠાર, પરમાણંદ!"

"પિતાજી...દ્રવ્યનો સંગ્રહ એ પાપ છે...હું તમને રોજની રોટી કમાઈને આપીશ...દિવસ આખો ભજન કરતાં કરતાં ભવ સુધારી નાખો!" પરમાણંદદાસે કહ્યું.

"ભાઈ...ભવ સુધારવા માટે પણ ધન તો જોઈશે જ ને? તું જ જો ન કમાવાનો હો...તો હું જ આ ઉંમરે કમાવા પૂર્વના દેશોમાં જાઉં છું...અને ત્યાં નહીં જામે તો દક્ષિણમાં જઈ એકાંતમાં અમે બંને માણસ અમારી રીતે જિંદગી જીવી જશું."

- અને પરમાણંદદાસના પિતા અને માતા દક્ષિણના પ્રદેશમાં સદાને માટે વસી ગયાં.

પરમાણંદદાસના જીવને નિરાંત ગઈ...

સાધુ-સંતોનો જમેલો જામવા માંડ્યો...

પરમાણંદદાસે ઘરઆંગણે ભેગા થયેલા ભક્તો સમક્ષ પદ ઉપાડ્યું:

મેરો મન ગોવિંદ સૌં માન્યો, તાં તે ઔર ન જિય ભાયો.
ગયે નહીં શોચ, આયે નહિ આનંદ, ઐસે મારગ વહિયે હરિરસ તબહી તો જાય પૈવે.

૩. ગોકુલ સબ ગોપાલ ઉપાસી

"અરે, પરમાણંદસ્વામી..."

શિયાળાની કડકડતી ઠંડીની એક સવારે પ્રભુસ્મરણ કરતા પરમાણંદના આંગણે પ્રવેશતા યુવાન સાધુએ બૂમ પાડી...

"શું છે, ભાઈ...અંદર આવતા રહો...બહાર તો ઠંડી લાગી જશે..." પરમાણંદદાસે ઉંબરામાં ઊભેલા સાધુને બોલાવ્યા...

માતાપિતાની વિદાયને સારો એવો સમય પસાર થઈ ચૂક્યો હતો. વિરક્ત પરમાણંદદાસે એમનું સમગ્ર અસ્તિત્વ ભગવાન શ્રીકૃષ્ણની સેવામાં - ભજનમાં - ભક્તિમાં સમર્પી દીધું હતું.

બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી, રોજ સવારે એમના કૃષ્ણકનૈયાનું સ્મરણ કરતાં, મધુર કંઠે - તંબૂરના તાલે...એક પછી એક સ્વરચિત પદો લલકારતાં, હૈયામાં બિરાજેલા...ચર્મ-ચક્ષુ સામે નાનકડા સિંહાસન પર બિરાજતા "ગોપાલ"ને, કૃષ્ણમુરારિને રીઝવતા. મધુર કંઠ, રસભર્યાં પદો અને ભક્તિની ઝાલર સુણતા અનેક કૃષ્ણભક્તો, મુમુક્ષુઓ, ભાવિકો, યુવાસાધુઓ, આબાલવૃદ્ધ સૌ કોઈ રાતવરત પરમાણંદદાસના આંગણે આવી, તેમની સાથે ભક્તિમાં ભીંજાતા થઈ ગયા હતા.

"પરમાણંદજી...અમને પદો સંભળાવો..."

"સ્વામી, અમને તમારી સંગાથે રાખો."

"સ્વામી પરમાણંદજી, તમારા સાંનિધ્યમાં રાખી, શામળાનાં દર્શન કરાવો...પદો શીખવો, ભક્તિ શીખવો..."

રાતદિવસ પરમાણંદદાસના આંગણે ભક્તોનો માનવમેળો જામવા માંડ્યો.. કનોજના વિરક્ત યુવાન બ્રાહ્મણ પરમાણંદદાસ જોત-જોતામાં તો "પરમાણંદસ્વામી" રૂપે સારાયે વિસ્તારમાં પ્રખ્યાત થઈ ગયા. ભક્તિરસમાં ડૂબેલા પરમાણંદદાસના લોકો પગ પકડી, "સ્વામી...અમને તમારા શિષ્ય બનાવો" એવી કાકલૂદી કરતા થઈ જતા. એ ભક્તોના હૃદયને દુઃખ ન પહોંચે એ માટે એમને શરણે આવતા ભાવિકોને "કંઠી" બાંધી એમના "સ્વામી પરમાણંદ" બની ગયા.

સવાર બપોર સાંજ કીર્તન અને ભક્તિની ધૂનમાં સમય વ્યતીત થતો ગયો. ચારે બાજુ એમની ખ્યાતિ એક સાદાસીધા સંત તરીકેની ફેલાઈ ગઈ...

શિયાળાની એ કડકડતી ઠંડીની સવારે...

"અરે! પરમાણંદસ્વામી!" એવી ડેલીએ પડેલી બૂમ સાંભળી, ઉંબરે ઊભેલા ઠંડીથી ધ્રૂજતા એક યુવાન સાધુને એમણે એમના ઘરમાં લીધો...ફાનસના અજવાળે નજર કરી...અને ચમકીને બોલી ઊઠ્યા...

"અરે, સિદ્ધાનંદજી, તમે...આટલી વહેલી સવારે? શું પ્રયોજન છે આપના આવવાનું?"

"સ્વામી...બે દિવસ પછી મકરસંક્રાંતિનો તહેવાર આવી રહ્યો છે. ગઈ કાલે રાત્રે કીર્તન પૂરાં થયા પછી અમે થોડાક મુમુક્ષોએ નક્કી કર્યું છે કે મકરસંક્રાંતિના દિવસે પ્રયાગતીર્થની યાત્રાએ તમારી સાથે જવું...ત્રિવેણીસંગમમાં સ્નાન કરવું...ભક્તિરસથી સભર એવાં તમારાં કીર્તનોની રસલ્હાણ પ્રયાગતટે કરવી. વહેલી સવારે આજે જ આપણે નીકળી જવાનું છે. "ચૌરાહા" પર બધા જ ભક્તો - શિષ્યો તમારી રાહ જોઈને ઊભા છે..." યુવાન સાધુ સિદ્ધાનંદ બોલી ઊઠ્યો.

"ચલો, ભાઈ...તમારો પ્રેમ...મારા કૃષ્ણ કનૈયાની પ્રયાગતીર્થે સૌ કોઈને સ્નાન કરાવવાની ઇચ્છારૂપે અત્યારે તમારી વાણીમાંથી પ્રગટ થતો દેખાય છે...ચાલો ભૈયા..." કહેતાં પરમાણંદસ્વામી, ખીંટીએ ભરાવેલી કફની પહેરતા અને ઉપરણો ખભે નાખતા, હાથમાં તંબૂર સાથે ચાલી નીકળ્યા...

ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો
રાધારમણ હરિ ગોવિંદ બોલો...

પરમાણંદસ્વામીના મધુર કંઠે વાતાવરણમાં ધૂન વહેતી થઈ...કનોજથી ભક્ત-સમુદાયનો કાફલો "ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો"ની ધૂન વાતાવરણમાં ગજાવતો...તીર્થરાજ પ્રયાગની પુણ્યભૂમિ પર પહોંચ્યો.

પરમાણંદસ્વામી તો તટ પર ઊભા ઊભા ઘોડાપૂર ધસમસતી ગંગા - શાંત શીતલ યમુના અને ધરતીના પેટાળમાં પ્રચ્છન્ન-પણે વહેતી સરસ્વતીનાં જલના સંગમને ભાવવિભોર બની જોઈ રહ્યા...આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી, હૃદય દ્રવિત થઈ ગયું...

"ત્રિવેણીસંગમ" - ભારતની ત્રણત્રણ લોકસરિતાના મિલનનું દૃશ્ય અદ્‌ભુત હતું...માતા ધરિત્રીના ખોળે રમતી, હસતી, ગાતી...ત્રણત્રણ સરિતાના વહ્યે જતા જલપ્રવાહને જોઈ પરમાણંદદાસને મહાભારતનો માનવજીવનની ક્ષણભંગુરતાનો શ્લોક યાદ આવી ગયો...

સ્રવન્તિ ન નિવર્તન્તે સ્રોતાંસિ સરિતા યથા ।
આયુરાદાય મર્ત્યાનાં તથા રાજ્યહની પુનઃ ॥

'નદીનો વહી ગયેલો પ્રવાહ જેમ પાછો ફરતો નથી તેમ રાતદિન વીતવા સાથે વીતેલું મર્ત્ય જીવોનું આયુષ્ય પાછું આવતું નથી.'

"વહ્યે જવું, વિલીન થઈ જવું એ આપણી આ લોકમાતાઓનો જ ધર્મ નથી, આપણો સૌનો ધર્મ છે...આપણે સૌ તીર્થરાજને આંગણે આવ્યા છીએ ત્યારે એક સંકલ્પ કરી લઈએ...આંખો સામે રચાયેલા ભવ્ય ત્રિવેણીસંગમ-તટે કે આપણે સૌ ભક્તિના રસપ્રવાહમાં - આપણે મન, વચન અને કર્મથી આપણા તનમાં - મનમાં વહેતી

ભાવનાની સરિતાઓને ભક્તિરસમાં લુપ્ત કરી, કાળના પ્રવાહમાં વહેતા જઈએ." પરમાણંદસ્વામી બોલી ઊઠ્યા...

"સાધો...સાધો..." મુમુક્ષો, ભક્તો, સાધુઓ...એકીઅવાજે પરમાણંદદાસની વાણીને વધાવતા બોલી ઊઠ્યા...

પ્રયાગરાજના તટ પર એકત્રિત થયેલી માનવમેદની અલગારી યુવાન પરમાણંદદાસને જોઈ રહી, એમનો વાણીપ્રવાહ ઝીલતી રહી.

"ગોવિંદ બોલો હરિ ગોપાલ બોલો"ની ધૂનથી પરમાણંદસ્વામીએ પ્રયાગતટ ગજાવી દીધો. એમના કીર્તનસમાજમાં અનેક શ્રદ્ધાળુ ભક્તો આવીને પરમાણંદસ્વામીના કંઠે વહેતાં થતાં કૃષ્ણભક્તિનાં પદો સાંભળવા "અઠે દ્વારિકા" કરતા તટ પર બેસી જતા.

રોજ સવારસાંજ અને મોડી રાત સુધી પરમાણંદદાસના કીર્તનસમાજમાં પદોની, જ્ઞાન અને ભક્તિની ચર્ચાઓ થવા માંડી...પરમાણંદસ્વામીનો મધુર કંઠ, તંબૂરના તાલે હૃદયની આર્દ્રતા અને ભક્તિરસથી છલકાતાં પદોથી વાતાવરણમાં ગુંજી ઊઠ્યો.

"કૃપાનાથ...તીર્થરાજ પ્રયાગમાં એક યુવાન સ્વામી આવ્યા છે...પરમાણંદસ્વામી એમનું નામ છે. કનોજ બાજુના યુવાન સંત લાગે છે...ખૂબ જ સુંદર, ભક્તિરસથી ભરપૂર એવાં કીર્તનો ગાય છે...એમના કંઠમાં, એમનાં પદોમાં, એમની વાણીમાં અનોખું માર્દવ છે...અનોખું કામણ છે..."

એક રાત્રે પ્રયાગતીર્થના સામે કિનારે વસેલા અડેલમાં વસતા પુષ્ટિસંપ્રદાયના મહાન સંત શ્રીમદ્ વલ્લભાચાર્યજી યમુના-કિનારે ગાયત્રી સંધ્યા પૂર્ણ કરી નિરાંતે યમુનાતટ પર બેઠા હતા, ત્યારે શ્રી વલ્લભના કીર્તનપ્રેમી જલધરિયા ક્ષત્રી કપુરે ખૂબ જ ડરતાં ડરતાં શ્રી વલ્લભ પાસે વાત કાઢી.

"હા, કૃપાનાથ...અમે પણ ભક્તિરસનાં પદોના શ્રવણનો લાભ માણ્યો છે...ખૂબ જ સુંદર પદો રચે છે..." એમની સાથેના વૈષ્ણવોએ ક્ષત્રી કપુરની વાતમાં પૂર્તિ કરતાં કહ્યું.

શ્રી વલ્લભે એમનાં નેત્રો ક્ષત્રી કપુર પર સ્થિર કર્યાં...અજબગજબનો જીવ હતો ક્ષત્રી કપુર...સર્વસ્વનું સમર્પણ કરી... શ્રી વલ્લભના સાંનિધ્યમાં સતત રહેતા જલધરિયા ક્ષત્રી કપુરના સંગીતના - કીર્તનશ્રવણના શોખથી શ્રી વલ્લભ પરિચિત હતા. સાદા સીધા અભણ જલધરિયા ક્ષત્રી કપુરનું સંગીતનું જ્ઞાન પણ અગાધ હતું...

શ્રી વલ્લભની આંખો સામે પંદરેક વર્ષ પહેલાંની એ કાળરાત્રીની કાળઘડી તરવા માંડી...

શ્રી વલ્લભ ઘોર જંગલમાંથી...અંધારી રાત્રે એમના સેવકો સાથે પસાર થઈ રહ્યા હતા...ત્યારે ઓચિંતો જ અંધકારમાંથી...

"ઊંહ...ઓહ...પાણી...બાપુજી...મને છોડીને ચાલ્યા ગયા...હું નોધારો થઈ

ા જઈએ."

ાણંદદાસની

ારી યુવાન

મે પ્રયાગતટ
ણંદસ્વામીના
ટ પર બેસી

જમાં પદોની,
ંબૂરના તાલે
ઠ્યો.
...પરમાણંદ-
દર, ભક્તિ-
ની વાણીમાં

ષ્ટસંપ્રદાયના
કરી નિરાંતે
ી કપુરે ખૂબ

યો છે...ખૂબ
ં પૂર્તિ કરતાં

જબનો જીવ
સતત રહેતા
ભ પરિચિત
ગાધ હતું...
ની કાળઘડી

પસાર થઈ

નોધારો થઈ

ગયો...બાપુજી? મને ભૂખ લાગી છે...મને બીક લાગે છે...ચારે કોર બસ અંધારું છે...તમને વાઘ ફાડી ગયો...તો મને શું કામ જીવતો રાખ્યો?"

- અને અવાજ સાથે ઘોર કલ્પાંત કરતું રુદન વાતાવરણમાં પ્રસરી ગયું.

શ્રી વલ્લભનાં ચરણ ધરતી પર ખોડાઈ ગયાં. અવાજની દિશામાં કાન માંડ્યા...આંખો પહોળી કરી નજર માંડી...

"કૃષ્ણદાસ...વાસુદેવ છકડા...જુઓ તો, કોણ આટલું ભીષણ કલ્પાંત કરી રહ્યું છે?" શ્રી વલ્લભે સેવકો કૃષ્ણદાસ મેઘન અને વાસુદેવ છકડાને આજ્ઞા કરી.

પાંચેક મિનિટમાંજ બન્ને જણા શ્રી વલ્લભ પાસે આવીને બોલી ઊઠ્યા:

"કૃપાનાથ...એક ચૌદેક વર્ષનો કિશોર રડી રહ્યો છે...ઘોર અંધકારમાં એના પિતાને વાઘે ફાડી ખાધો છે...દીકરો બાપની લોહી-નીંગળતી લાશ પાસે બેઠો બેઠો ભૂખતરસનો માર્યો રડી રહ્યો છે."

"કૃષ્ણદાસ...મને એ બાળક પાસે લઈ ચાલો."

અને શ્રી વલ્લભ એમની મંડળી સાથે...પિતાની લાશ પર માથું પછાડી રુદન કરતા કિશોર પાસે પહોંચ્યા. બાળકના રુદને કોમળહૃદયી સંતનું હૈયું દ્રવિત કરી મૂક્યું...ઝડપથી એ કિશોર પાસે પહોંચી ગયા...ખભે વીંટાળેલા ખેસ સમા વસ્ત્રથી બાળકને ગોદમાં લઈ કરુણાનો સાગર વરસાવતાં શ્રી વલ્લભે બાળકની આંખોનાં અશ્રુ લૂછી...એને ગોદમાં લઈ પૂછ્યું:

"બેટા...આ બધું શું છે? તારા પિતાને કોણે માર્યા?"

"બાપુજી, હું ને મારા પિતા સાંજના અમારે ગામથી...જંગલ પાર કરી...સામેના ગામ જવા નીકળ્યા...અંધારી રાતના જંગલમાં ભૂલા પડ્યા...મારા બાપુની ઉપર વાઘે હુમલો કરી એમને મારી નાખ્યા...આ અભાગિયાને જીવતો રાખ્યો...હવે હું કેમ જીવીશ? હું તો નોધારો થઈ ગયો..."

"બેટા...નોધારાનો આધાર...મારો વ્હાલો ગોવર્ધન ગિરિધારી હાજરાહજૂર બેઠો છે...ચાલ, બેટા, ઊઠ...તારા પિતાને વંદન કરી...એમની અંત્યેષ્ટિ ક્રિયા કરવા તૈયાર થઈ જા...કૃષ્ણદાસ...વાસુદેવ...આ બાળકના પિતાના અંત્યેષ્ટિ સંસ્કાર કરવાની તૈયારી કરો...ચાલ બેટા...આવ મારી સાથે...આ પીપળાના વૃક્ષ નીચે થોડીવાર તું મારી સાથે બેસ." કરુણાના સાગર શ્રી વલ્લભ અજાણ્યા કિશોરનો હાથ પકડી, નજીકના પીપળાના વૃક્ષ પાસે દોરી ગયા...

"બોલ, બેટા...તારું નામ શું?" શ્રી વલ્લભે પ્રશ્ન કર્યો.

"ક્ષત્રી કપુર."

"વાહ, નામ તો સરસ છે...આજથી, દીકરા, તું અનાથ નથી...તું મારી સાથે રહેજે. મારો વ્હાલો ગોકુળનો નાથ, નટખટ નંદકિશોર તારું કલ્યાણ કરશે. તારા

બાપને ગુમાવ્યાનો શોક ના કરતો...આપણા સૌનો બાપ મુરલી મનોહર નંદલાલો હજી બેઠો છે...તારી મારી અને જગતના સૌ કોઈની સંભાળ રાખવાવાળો...તું ચિંતા અને શોક ત્યજી દે..." શ્રી વલ્લભ બોલી ઊઠ્યા...

"બાપજી...તમારા જેવા સંતની છાયામાં રહેવાનો અવસર મળે એ જ મોટી વાત છે...બાપજી, હું તમારી બધી જ સેવા રાતદિવસ જોયા વગર કરતો રહીશ...બાપજી...તમે મારા બાપ...ને હું તમારો દીકરો..."

"બેટા...સેવા માણસની નહીં...માણસને બનાવનારાની, આપણા કૃષ્ણમુરારિની, કનૈયાની સેવા કર..."

"કૃપાનાથ...આપ સેવાની આજ્ઞા કરો...હું તન, મન અને ધનથી...તમારી આજ્ઞાનુસાર જે કાંઈ સેવા આપશો એ કરીશ..."

"બેટા...આપણા સૌના હૃદયના પ્રેમજલના તૃષાર્ત એવા શ્રી ગોવર્ધનધરની જલસેવા કરવાનું - જલધરિયાની સેવાનું કાર્ય તને હું સોંપું છું...આપણા શ્રીજીબાવા માટેની જલની સેવા એ એક ઉત્તમ સેવા છે..."

અને એ દિવસથી ક્ષત્રી કપુર શ્રીજીબાવાના જલધરિયા બની ગયા. રાતદિવસ ખભે ગાગર મૂકી, શ્રી વલ્લભ જ્યાં જ્યાં યાત્રા દરમિયાન મુકામ કરતા, ત્યાં ત્યાં સરિતા, સરોવર, કૂવા ઇત્યાદિ ક્ષેત્રે જલભંડારને શોધી, ક્ષત્રી કપુર જલસેવા કરતા. શૈશવથી જ શ્રી વલ્લભના સાંનિધ્યમાં સમા-સમાની શ્રી ગોવર્ધનધરની ઝાંખી દરમિયાન કીર્તનસેવા કરતા સૂરદાસજી, કુંભનદાસજી, કૃષ્ણદાસ ઇત્યાદિનાં કીર્તનો સાંભળી ક્ષત્રી કપુર પણ કીર્તનરસિયા જીવ બની ગયા હતા. નદીકિનારે કે સરોવરતટે કે કૂવામાંથી જલ ભરીને માથે ગાગર સાથે આવતા ક્ષત્રી કપુરના મુખમાંથી તાલબદ્ધ પદોનો ગુંજારવ આજુબાજુથી પસાર થતા રાહદારીઓને સંભળાતો હોય. રાતવરત સમય કાઢી, ક્યાંય પણ કીર્તનની બેઠક યોજાઈ હોય તો ક્ષત્રી કપુર એ કીર્તનની બેઠકમાં - સંગીતના જલસામાં પહોંચી જતા...

પ્રયાગતીર્થમાં રોજ સવારસાંજ પરમાણંદસ્વામીનાં થતાં કીર્તનોની વાત ક્ષત્રી કપુરના કાને પડી. સંગીતરસિયો જીવ "કીર્તનસભા"માં જવા તલપાપડ થવા માંડ્યો. પરંતુ વહેલી સવારથી મોડી રાત સુધીની "જલસેવા"ના કાર્યને કારણે એ પ્રયાગ પરમાણંદસ્વામીનાં પદો સાંભળવા જઈ શકતો નહોતો. સંગીત અને કીર્તનના શ્રવણનો ભારે શોખીન ક્ષત્રી કપુર શ્રી વલ્લભે સોંપેલી "જલસેવા"ના કાર્યથી વિચલિત થતો નહોતો. શ્રી વલ્લભની સોંપેલી શ્રી ગોવર્ધનનાથજીની જલસેવા એ એની જિંદગીનું પ્રથમ ધ્યેય અને શ્રેય હતાં. જલધરિયાની સેવામાંથી સમય મળે તો કીર્તનશ્રવણ કરવું એ એની મનોવાંછના રહેતી.

વૈષ્ણવોની સાથેસાથે આજે ક્ષત્રી કપુરે જ્યારે પરમાણંદસ્વામીના કીર્તનસમાજની વાત શ્રી વલ્લભને કરી, ત્યારે શ્રી વલ્લભના હૃદયે પ્રસન્નતા અનુભવી...પરમાણંદસ્વામી

:ર નંદલાલો
ો...તું ચિંતા

એ જ મોટી
ગર કરતો

આપણા

થી...તમારી

વર્ધનધરની
શ્રીજીબાવા

રાતદિવસ
, ત્યાં ત્યાં
વા કરતા.
દરમિયાન
ભળી ક્ષત્રી
કૂવામાંથી
દ્ધ પદોનો
રત સમય
બેઠકમાં -

વાત ક્ષત્રી
વા માંડ્યો.
એ પ્રયાગ
ા શ્રવણનો
લિત થતો
જિંદગીનું
વણ કરવું

સમાજની
ણંદસ્વામી

વિષે એમણે અગાઉ પણ સાંભળ્યું હતું...મનોમન આ "દૈવી જીવ" પર શ્રી વલ્લભના હૃદયમાં કરુણાના ભાવ જાગ્યા...

"કૃપાનાથ...પરમાણંદસ્વામીના કીર્તનસમાજમાં આમ તો ચારે ઘડી કીર્તનની રસલ્હાણ વહેતી જ હોય છે...પરંતુ એકાદશીના દિવસે...તો આખી રાત ભજન-કીર્તનની, સત્સંગની રમઝટ બોલતી હોય છે...આજે જ જેઠ સુદી અગિયારશ છે, આજે પરમાણંદસ્વામીનાં કીર્તન સવારોસવાર ચાલશે." વૈષ્ણવ બોલ્યા.

ક્ષત્રી કપુરનું સંગીતપ્રેમી હૃદય આકુળવ્યાકુળ થઈ ગયું. શ્રી વલ્લભ આજે રાત્રે પોઢી જાય, એટલે ગુપચુપ નદી પાર કરી પ્રયાગ પહોંચી, પરમાણંદસ્વામીનાં કીર્તનો સાંભળવાનો લાભ જરૂર લેવો, એવું મનોમન નક્કી કરતા ક્ષત્રી કપુર શ્રી વલ્લભના પોઢવાની રાહ જોતા કુટિર બહાર બેઠા.

શ્રી વલ્લભે ભક્તો સાથે રાત્રીનો સત્સંગ કરી, ક્ષત્રી કપુરના હાથનું જલપાન કરી, શય્યામાં પોઢ્યા. નિદ્રાધીન શ્રી વલ્લભને વંદન કરી ક્ષત્રી કપુર નદીકિનારે પહોંચ્યા ત્યારે નદી પાર કરવા એકેય નૌકા મોડી રાત થઈ જવાથી હાજર નહોતી. ક્ષત્રી કપુરે ધોતીનો કછોટો મારી નદીના વહેતા જલપ્રવાહમાં ઝંપલાવ્યું...

"ગિરિરાજધરણ...શ્રીજી તમારે શરણ..." અને યમુનાષ્ટકના શ્લોકોનું પઠન કરતા ક્ષત્રી કપુર પરમાણંદસ્વામીના કીર્તન-સમાજમાં પહોંચ્યા ત્યારે પરમાણંદસ્વામીના કંઠમાંથી-

"બ્રજ કે વિરહી લોગ બિચારે
ગોકુલ સબ ગોપાલ ઉપાસી"

- એ પદ વાતાવરણમાં વહેતું હતું. ક્ષત્રી કપુર પરમાણંદસ્વામીના મધુર કંઠે વહેતા થયેલા પદના રસપ્રવાહમાં ડૂબી ગયા...બંધ આંખો સામે વ્રજના વિરહી જનોનો આર્તનાદ અથડાવા માંડ્યો...

૪. પરમાણંદસ્વામી પરમાણંદદાસ બન્યા

ક્ષત્રી કપુર "બ્રજ કે વિરહી લોગ"ના પદની ભાવના આત્મસાત્ કરતા કીર્ત
સમાજના શ્રોતાજનોની પાછલી હરોળમાં ચૂપચાપ બેસી ગયા...અડેલથી યમુના પા
કરીને આવેલા ક્ષત્રી કપુરનું શરીર અને વસ્ત્રો જમુનાજલથી લથબથ હતાં. સાથેસા
કેટલાય સમયથી પરમાણંદસ્વામીનાં કીર્તનો સાંભળવાની ઇચ્છાના આજના આનંદથ
પણ એમનું તન અને મન તરબતર હતાં.

કીર્તનસમાજના એક રસિયા જીવનું ધ્યાન ખૂણામાં બેઠેલા ક્ષત્રી કપુર પર ગયું
ક્ષત્રી કપુરને એક સંગીતપ્રેમી - સંગીતશાસ્ત્રના જાણકાર - અને સૌથી વિશેષ પુષ્ટિ
સંપ્રદાયના પ્રવર્તક - અડેલ ગામમાં કૃષ્ણભક્તિની ધૂણી ધખાવીને બેઠેલા શ્રી વલ્લભન
પરમ કૃપાળુ શિષ્ય તરીકે જાણતો હતો. સંગીતનો જીવ સંગીતના જ્ઞાતાને ઓળખ
ગયો...એ સરકતો ક્ષત્રી કપુર પાસે પહોંચ્યો અને પરમાણંદસ્વામીનું કીર્તન પૂરું થતાં જ
વિનયપૂર્વક બોલી ઊઠ્યો:

"કપૂરજી...તમારું સ્થાન પરમાણંદસ્વામીની સામે હોય...આપ ત્યાં બિરાજો..
બાપજી, આ ક્ષત્રી કપુર છે...અડેલમાં પુષ્ટિસંપ્રદાયના પ્રણેતા શ્રી વલ્લભના શિષ્ય
છે...એટલું જ નહીં પણ કીર્તન-સાહિત્ય તેમજ શાસ્ત્રીય સંગીતના ખૂબ જ મોટ
જાણકાર છે. ક્યારેક ક્યારેક પ્રયાગમાં સંગીતની ભક્તિ-મહેફિલમાં દેખાઈ જાય
છે...કપુરજી, આપણા વલ્લભ બાપજી છે તો આનંદમાં ને? ચરણસ્પર્શ કરવા આવવું
છે. અરે બાપજી...તમે પણ અમારી સાથે ચાલજો...શ્રી વલ્લભ તો અમારા *અજ્ઞાનતિમિરાંધસ્ય જ્ઞાનાંજન શલાક્યા છે."*

"અરે, કપુરજી...આવો પધારો...અહીં મારા સામે બિરાજો...આપણે તો સમરસિયા જીવો કહેવાઈએ...તમારી સંગીતપ્રીતિ અને જ્ઞાન વિષે મેં પણ સાંભળ્યું છે...આજે
તમારા જેવા ભગવદીયનાં દર્શન થયાં..." ખુદ પરમાણંદસ્વામીએ ઊભા થઈને ક્ષત્રી
કપુરને આગલી હરોળમાં બેસાડી બહુમાન કરતાં પદ ઉપાડ્યું...અને ગાયક અને
શ્રોતાઓ સૂરની કુંજગલીમાં ખોવાઈ ગયા...ક્ષત્રી કપુર આંખો બંધ કરી
પરમાણંદસ્વામીના પદના એક એક શબ્દને અંતરમાં ગટગટાવતાં તલ્લીન થઈ તાલ
દેવા માંડ્યા...અને પરમાણંદસ્વામીએ તાલ પર જુગલબંદી જમાવતાં તંબૂરના સહારે
પદના શબ્દોમાંના ભક્તિરસને પ્રગટ કરતાં...એમાં ડૂબી ગયા...આખીય રાત સત્સંગની
સરવાણી વહેતી રહી...

ક્ષત્રી કપુર પણ મનોમન શ્રી વલ્લભના અનોખા કૃપાદાનનો વિચાર કરતા મન
સાથે સંવાદ રચવા માંડ્યા...

"વાહરે શ્રી વલ્લભ...મારા નાથ...આ પરમાણંદસ્વામી કેવો દૈવી જીવ છે!
વિરહનાં પદો ગાતાં...તમારા સાંનિધ્યને કેમ જાણ્યે-અજાણ્યે ઝંખતો ન હોય, એમ

ભાવવિભોર થઈ જાય છે. લીલાનો જીવ લાગે છે. શ્રી વલ્લભ અને શ્રી વલ્લભસેવ્ય નવનીતપ્રિયાજીનો - શ્રી ગોવર્ધનધરનો લાડલો આ પામર જીવ પ્રભુથી - શ્રી વલ્લભથી વિખૂટો પડી ગયેલો લાગે છે. શ્રી વલ્લભ અને શ્રીજીબાવાનાં દર્શનથી વંચિત એવા આ "સ્વામી" પર શ્રી વલ્લભે અનુગ્રહ કરવા - એમના સાંનિધ્યમાં લેવા - કેવો ત્રાગડો રચ્યો? શ્રી વલ્લભ જાણે છે કે શ્રીનાથજી સન્મુખ થવું હોય, દર્શન કરવાં હોય, તો એ તો ભગવદીયોના સંગ-સત્સંગથી જ થાય. સાચા વૈષ્ણવજનનો સંગ થાય ત્યારે જ ઠાકોરજીની કૃપા વિખૂટા પડી ગયેલા જીવ પર વરસે. પરમાણંદસ્વામી પર કૃપા કરવા જ શ્રી વલ્લભે મોડી રાત્રે - યમુનાપાર કરી એને પ્રયાગતીર્થે મોકલ્યો હતો...આ "જીવ"ને શ્રી વલ્લભશરણે દોરી જવાનું કાર્ય કરવા જ ક્ષત્રી કપુરને લાગ્યું કે પરમાણંદસ્વામીનાં પદો સાંભળવાની એને શ્રી વલ્લભે પ્રેરણા કરી...અને એ મોડી રાત્રે- યમુના પાર કરીને એ આવ્યો હતો.

માઈ કો મિલિવે નંદકિસોર
એક બાર કો નૈન દિખાવે મેરે મનકે ચૌરે...

ક્ષત્રી કપુર ભાવપ્રકાશની સમાધિમાંથી - તંદ્રામાંથી ઝબકીને પદની ઉપરની પંક્તિઓ સાંભળી જાગી ગયા.

"એક બાર કો નૈન દિખાવે મેરે મનકે ચૌરે" એ પંક્તિ સાંભળી ક્ષત્રી કપુર ઝૂમી ઊઠ્યા અને ચાર ઘડી રાત્રી પૂરી થઈ ત્યારે કીર્તન બંધ થતાં ભાવવિભોર બની બોલી ઊઠ્યા.

"પરમાણંદસ્વામી...તમારા વિષે...તમારા ગુણો વિષે, ભક્તિ વિષે જે કાંઈ સાંભળ્યું હતું તેવા જ તમે છો...ભગવાનની કૃપા થશે તો આપણે અવારનવાર મળતા રહીશું. આપણે બન્ને એક નાવના ઉતારુઓ છીએ...અને યમુનાતટે અડેલ મુકામે બિરાજતા શ્રી વલ્લભ આપણા સ્વામી છે...આપણી નાવના નાવિક છે."

- અને પ્રસન્ન ચિત્તે ક્ષત્રી કપુર તટ પર આવ્યા...અને હજી તો પ્હો ફાટે એ પહેલાં યમુના પાર કરી શ્રી વલ્લભની નિશ્રામાં હાજર થઈ ગયા.

આ બાજુ પરમાણંદસ્વામી કીર્તનો પૂરાં થતાં વીખરાઈ રહેલા વૈષ્ણવોને "જય શ્રીકૃષ્ણ" કહેતા એમની કુટિરમાં ચાલ્યા ગયા.

કૌન રસિક હૈ ઈન બાતન કૌ
નંદનંદન બિનું કાસૌં કહિએ સુનિરી સખી મેરે દુ:ખ યાતન કો
કહાં વહ જમુના...પુલિન મનોહર કહાં ખટપટ જલ જાતન કૌ
કહાં વહ સૈજ પૌઢિવો બનકો ફૂલ બિછૌના મૃદુ પાતન કૌ
કહાં વહ દરસ પરસ પરમાનંદ કમલનૈન કોમલ ગાતન કૌં...

નંદનંદનની "સૈજ"ની કલ્પના કરતાં કરતાં પરમાણંદદાસજી ઊંઘી ગયા...અને ઓચિંતા જ ચિત્તાકાશમાં ઊપસી ઊઠેલા સ્વપ્નમાં એમને ક્ષત્રી કપુરનાં દર્શન થયાં...પોતે

સુંદર પદથી વાતાવરણને મહેકાવી રહ્યા હતા ત્યારે જ સ્વપ્નમાં એમણે જોયું તો ક્ષત્રી કપુર એમની સામે બેઠા બેઠા કીર્તન સાંભળી રહ્યા હતા...અને એમની ગોદમાં શ્રી નવનીતપ્રિયાજી બિરાજતા હતા...અને એમને આજ્ઞા આપી રહ્યા હતા કે-

"તારાં પદો...કીર્તનો મેં સાંભળ્યાં...મન પ્રસન્ન પ્રસન્ન થઈ ગયું...આજે પેલા ક્ષત્રી કપુર સાથે હું જ આવ્યો હતો અને આ જ રીતે ગોદમાં બેસી તારાં કીર્તન મેં સાંભળ્યાં."

પરમાણંદસ્વામીના આશ્ચર્યનો પાર ન રહ્યો. બંધ આંખો સામે નવનીતપ્રિયાજી હાસ્યના ઝૂલે હસી રહ્યા હતા.

પરમાણંદસ્વામીની ઊંઘ ઊડી ગઈ. ઝબકીને જાગી ગયા. વિચારમાં પડી ગયા. હૈયે અજંપો જાગી ગયો હતો. બુદ્ધિના પ્રદેશમાંથી તર્ક અને સંદેહ મનમાં પ્રશ્નો બની સળવળતા હતા...

"ઠાકોરજીએ કૃપા તો કરી - પરંતુ એવું કેમ બોલ્યા હશે કે આજ મેં તારાં કીર્તન સાંભળ્યાં? આજ સુધી તો હું રોજ સવાર સાંજ અને રાતે કીર્તનસમાજમાં કીર્તનો જ કરતો આવ્યો હતો, તે શ્રીજીબાવા...નાનલા નવનીતપ્રિયાજી તો હંમેશાં સાંભળતા જ હશેને? મારો ગિરિધર ગોપાલ તો સર્વવ્યાપી છે. તો એમણે એમ કેમ કહ્યું કે આજે તારાં કીર્તનો મેં સાંભળ્યાં - હું પ્રસન્ન થયો?" - બુદ્ધિનો તર્ક મરકટ-મનને મૂંઝવવા લાગ્યો. પરમાણંદસ્વામીની મૂંઝવણનો પાર ન રહ્યો. બંધ આંખો કરી વિહ્વળ હૈયે એમણે કૃપાળુ કરુણાનિધાનનું ધ્યાન ધર્યું...ફરી એક વખત નવનીતપ્રિયાજી ક્ષત્રી કપુરના ખોળામાં બેસી હસતા દેખાયા...

"પ્રભુ...પ્રભુ! કૃપા કરીને કહો...કે આજ પહેલાં તમે મારાં કીર્તન નહોતાં સાંભળ્યાં? મારા સૂરનો ધ્વનિ આપ સુધી નહોતો પહોંચ્યો? મારા વ્હાલા પ્રભુ...તમારી અલૌકિક વાણી મને સમજાતી નથી...પ્રભુ, કૃપા કરી તમારા શબ્દોનું હૃદય ખોલો, મારા વ્હાલા..." - પરમાણંદસ્વામી ગળગળા અવાજે બોલી ઊઠ્યા.

"પરમાણંદ, તારી ભક્તિ...તારો સૂર...તારી મારા પ્રત્યેની લગની...અજોડ છે. કીર્તનસભામાંથી વહેતાં તારાં પદો...હું અંતર્યામી સાક્ષીભાવે સાંભળતો આવ્યો હતો. અત્યાર સુધી મારા ભક્ત તરીકેનો તારો સ્વીકાર મેં કર્યો નહોતો...પરંતુ આજે...તારા પર મારા વલ્લભની કૃપા ઊતરી અને ક્ષત્રી કપુરને તારાં પદો શ્રવણ કરવાની હૈયે પ્રેરણા આપી...ક્ષત્રી કપુર જમુના નદી તરીને તારી પાસે આવ્યો...એની સાથે હું પણ શ્રી વલ્લભના હૃદયનો તારા માટેનો વિરહી તાપ ન જિરવાતાં, ક્ષત્રી કપુર સાથે આવ્યો...અને તારાં પદો સાંભળ્યાં...ભગવદીય ક્ષત્રી કપુર થકી તું મારા વલ્લભને હવે પામીશ...મારી તારા પર પૂર્ણ કૃપા ઊતરી છે. હવે તું મને જલદી મેળવી શકીશ..."

પરમાણંદસ્વામીની ઊંઘ ઊડી ગઈ...એમને થયું કે આટલાં વર્ષો સુધી એ ઊંઘતા જ હતા... "ગુરુ બિન જ્ઞાન કહાંસે પાઉં" - જેવી જ એમની પરિસ્થિતિ

હતી...સ્વામીભાવે એ શિષ્યો બનાવ્યે જતા હતા, પરંતુ સખ્યભાવે સત્સંગી નહીં...ક્ષત્રી કપુરના આગમને - સત્સંગે એમની વર્ષો જૂની ઊંઘ ઉડાડી દીધી...સમગ્ર ઉરતંત્રમાં ચેતના જાગૃત થઈ ગઈ...

આંખો સામે કોટિ કંદર્પ લાવણ્યમૂર્તિ શ્રી નવનીતપ્રિયાજીની રમવા માંડી...એમનો એ હસતો ચહેરો...એ નમણું નાજુક મુખારવિંદ...નાના નાના કરમાં ભોગનો લાડવો, ચંચળ આંખો, વાંકડિયા વાળ...

પરમાણંદસ્વામીનું હૈયું શ્રી વલ્લભને મળવા ઘેલું થઈ ગયું...જિંદગી આખી રાત જાગીને દિવસોના દિવસો સુધી જાગરણ કર્યું...કીર્તન ગાયાં...પરંતુ નવનીતપ્રિયાજીનાં દર્શન ક્યારેય સ્વપ્નામાં પણ નહોતાં થયાં...અને થયાં ત્યારે એક વૈષ્ણવ - નામે ક્ષત્રી કપુરના ખોળામાં એમનાં કીર્તન માણતા હોય એવાં થયાં...

એ વહેલી સવારે યમુનાતટ પર એમના તંબૂરને ખભે નાખતા આવી પહોંચ્યા. નાવમાં બેસી જમુના પાર કરી અડેલ ગામની દિશામાં વિહ્વળ હૈયે દોડવા માંડ્યા, ત્યાં જ એમની નજર યમુનાતટે પ્રાત:કાળની સંધ્યા કરતી, એમનાથી દસેક વર્ષ મોટી...જાજ્વલ્યમાન વ્યક્તિત્વ ધરાવતી...વ્યક્તિનાં એમને દર્શન થયાં.

પરમાણંદસ્વામીનાં ચરણો આગળ વધતાં અટકી ગયાં...જાણે જંજીરમાં જકડાયાં ન હોય.

ગોળમટોળ તેજસ્વી ચહેરો, કમલની બંધ પાંખડીઓ જેવી બંધ આંખો, સિંહની છાતી ધરાવતા એ સંતનાં ચરણોમાં પરમાણંદસ્વામી ઝૂકી પડ્યા. મુખમાંથી એક જ હૃદયભીનો ગદ્‌ગદ્‌ અવાજ ઊઠ્યો:

“કૃપાનાથ...હું...” પરમાણંદસ્વામી હજુ તો વાક્ય પૂરું કરે એ પહેલાં...

“પરમાણંદ, તમે આવ્યા? હું તમારી વાટ જ જોતો હતો...” ચહેરા પર પ્રસન્નતાની લહેર ઉછાળતા - આંખોમાં કરુણાનો સાગર ઉછાળતા સંત બોલી ઊઠ્યા.

“પ્રભુ...પ્રભુ...આપ...મને...નામથી જાણો છો?” પરમાણંદસ્વામીને આશ્ચર્ય થયું...

“જનમજનમથી, પરમાણંદજી, તમે તો ભગવાન શ્રીકૃષ્ણની લીલાના જીવ છો...લીલામાં તમે “તોક” સખા હતા...તમારું બીજું સ્વરૂપ નિકુંજમાં “ચંદ્રભાગા” સખીરૂપ છે...શ્રી કૃષ્ણની લીલાભૂમિ વ્રજના ગિરિરાજજીના એક દ્વારના મુખિયા છો...સુરભિકુંડ તમારું નિવાસ્થાન છે...પરમાણંદજી...તમે તો મારા વ્હાલા નવનીતપ્રિયાજીના અંતરંગના જીવ છો...”

“વાહ, પ્રભુ, ધન્ય થયો...આ પામર જીવ પર કૃપા કરી શરણે લ્યો...” પરમાણંદદાસ દ્રવિત હૈયે બોલી ઊઠ્યા.

“પરમાણંદજી...કાંઈક ભગવલ્લીલાનાં પદો સંભળાવો...” સંત બોલ્યા...ત્યાં જ જમુનાજીનું જલ ભરવા ખભે મોટી ગાગર સાથે ક્ષત્રી કપુર યમુનાતટની દિશામાં

આવી રહ્યા હતા...એમણે યમુનાજીના તટ પર ભક્ત અને સંત...શિષ્ય અને ગુરુના મિલનનું અદ્‌ભુત દૃશ્ય નિહાળ્યું. દૂરથી માથા પરની ગાગરને આનંદથી હાથમાં લેતાં...સંતના ચરણે ઢળી પડતાં બોલી ઊઠ્યા:

"કૃપાનાથ...શ્રી વલ્લભ...આ જ...આ જ એ પરમાણંદસ્વામી જેમનાં પદો સાંભળવા, મોડી રાત્રે આપ પોઢી ગયા પછી, આપની આજ્ઞા લીધા વગર હું આ સ્વામીનાં કીર્તનો સાંભળવા જમુના નદીમાં તરીને સામે પાર પ્રયાગ ગયો હતો અને ચાર ઘડી...એમનાં પદોનું શ્રવણ કરી થોડીવાર પહેલાં જ અડેલ પાછો ફર્યો. કૃપાનાથ...મારો અપરાધ થયો હોય તો ક્ષમા કરજો...પરંતુ પરમાણંદ-સ્વામીનાં વિરહપદો સાંભળવા કેટલાય સમયથી મન વ્યાકુળ હતું. આજે સ્વામી અડેલ પધાર્યા...એની પાછળ પણ મારા નવનીતપ્રિયાજીનો કાંઈક સંકેત જરૂર હશે...અરે, પરમાણંદસ્વામી... અમારા શ્રી વલ્લભને તમારાં પદો તો સંભળાવો..."

પરમાણંદસ્વામી ક્ષત્રી કપુરને શ્રી વલ્લભની સૌમ્ય મૂર્તિને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરતા જોઈ રહ્યા. પરમાણંદસ્વામી પણ શ્રી વલ્લભને સાષ્ટાંગ દંડવત્ કરતા એમનાં ચરણે પડી ગયા.

"સ્વામી, ઊઠો...કંઈક ભગવલ્લીલાનાં પદો...આજના સુપ્રભાતે સંભળાવો." શ્રી વલ્લભ બોલ્યા.

"કૃપાનાથ...સ્વામી શેનો? હું તો તમારી કૃપા મેળવવા મથતો તમારો દાસ છું- પરમાણંદદાસ. આપના મુખારવિંદનાં પ્રથમ દર્શને જ મારું સ્વામીપણું આપનાં ચરણમાં ખરી પડ્યું છે. કૃપાનાથ...આપની આજ્ઞા જ થઈ છે તો સાંભળો આ પદ-

જિય કી સાધિ જિય હિ રહી રી ।
બહુરિ ગોપાલ દેખન નહીં પાએ વિલપતિ કુંજ અહીરી ॥
ઈક દિન સો જુ સખી યહ મારગ બેચન જાતિ દહિરી ।
પ્રીતિ કે લિએ દાન મિશ્ર મોહન મેરી બાંહ ગહીરી ॥
બિનુ દેખે છિન જાત કલપ ભરી વિરહા અનલ દહીરી ।
પરમાનંદ બિનુ દરસન નૈનનિ નદી બહીરી ॥

પરમાણંદદાસનું વિરહી પદ સાંભળી શ્રી વલ્લભની આંખોમાંથી અશ્રુધારા વહેવા માંડી...

"બિનુ દેખે છિન જાત કલપભરી વિરહા અનલ દહીરી" - શબ્દો પર શ્રીવલ્લભ અતિ પ્રસન્ન થયા...

પરમાણંદદાસે એ પછી "કૌન બૈર ચલેરી ગોપાલૈ..." તેમજ "યહ બાત કમલ દલ નૈન કી" ઉપરાંત "સુધિ કરત કમલ દલ નૈનકી"એ વિરહી પદો શ્રી વલ્લભની નિશ્રામાં યમુનાતટ પર વહેતાં કરી પૂર્વની દિશામાં પ્હો ફાટતા - મંગલપ્રભાતનું વાતાવરણ સંગીતમય કરી દીધું...

"પરમાણંદદાસ...તમારાં વિરહી પદો સાંભળ્યાં...હવે થોડાંક નટખટ નંદકિશોર...મારા નવનીતપ્રિયાજીની બાળલીલાનાં પદો સંભળાવો."

"કૃપાનાથ...બાળલીલાનાં પદો તો અંતરંગની અનુભૂતિનાં પદો છે...હજી એ અધિકાર મને પ્રાપ્ત થયો નથી...મને આપ કૃપા કરી સમજ આપો...લીલાની અનુભૂતિનો કૃપાપ્રસાદ આપો તો આ જીવ બાળલીલાનાં પદો ગાવાનો અધિકારી બની શકે...આપની કૃપા વગર આ જીવનો અધિકાર કેટલો?" પરમાણંદદાસે પ્રથમ શ્રીવલ્લભ સામે અને પછી એમનાં ચરણોમાં માથું ટેકવીને પડેલા ક્ષત્રી કપુર સામે દૃષ્ટિ કરતાં વિનમ્રભાવે કહ્યું.

"ક્ષત્રી કપુર...પરમાણંદદાસને આપણી યમુનામૈયાના ખોળે બેસાડી - સ્નાન કરાવીને અમારી પાસે લાવો...અમે એમને બધી જ સમજ આપીશું...પરમાણંદદાસ, તમને અહીં સુધી દોરી લાવનાર ક્ષત્રી કપુર સાથે જમુનાજીમાં સ્નાન કરી આવો..."

"પરમાણંદદાસજી, ચાલો. જમુનામૈયાની ગોદમાં એમના શરણે આવેલા "જીવ"ને મારો વ્હાલો નવનીતપ્રિયાજી અને મારા શ્રી વલ્લભ ખૂબ જ પ્રેમથી શરણે લેશે...મારી જમુનામૈયા...એની ગોદમાં રમતા એમના બાળક પરમાણંદદાસને શ્રીજીચરણે - શ્રી વલ્લભચરણે ધરી એનો ઉદ્ધાર કરી દેશે." ક્ષત્રી કપુર બોલી ઊઠ્યા. પરમાણંદદાસજી હોંશભર્યા ક્ષત્રી કપુર સાથે યમુનાસ્નાન કરવા ચાલી નીકળ્યા.

"કપુરજી...રાત્રે તમે કૃપા કરી જાગરણમાં આ પામર જીવનાં પદો સાંભળવા, આપણા સૌના વ્હાલા શ્રી નવનીતપ્રિયાજી સાથે પધાર્યા અને તમારા સત્સંગે મારી જિંદગીનો પ્રવાહ બદલાઈ ગયો. તમારી કાનીથી મને શ્રીનવનીતપ્રિયાજીનાં દર્શન થયાં...એમની આજ્ઞા થઈ...આ બધું જ તમારા થકી થયું છે...તમે મારા પથદર્શક બની, સાચા વૈષ્ણવસખાનું કાર્ય કર્યું છે..."

"અરે, પરમાણંદદાસ...શું બોલ્યા તમે? મારો સંગીતપ્રેમ - શ્રી વલ્લભની અકલ્પ્ય પ્રેરણા અને મારી ગોદમાં બિરાજમાન થઈ પદો સાંભળવાના શોખીન નવનીતપ્રિયાજીની કૃપાથી આ બધું બની ગયું છે... બાકી તમે જો મને આ યમુનાતટ પર પહેલાં મળ્યા હોત તો...તો..." કહેતાં ક્ષત્રી કપુર અટકી ગયા...આંખો સામે વહેલી સવારે જમુના નદી તરીને અડેલ ગુપચુપ પાછા ફરેલા ક્ષત્રી કપુર નિજ-મંદિરમાં ડરના માર્યા કેવા ઘૂસી ગયા હતા, એ યાદ આવી ગયું.

આખી રાત અડેલ છોડી - કોઈક પરમાણંદસ્વામીનાં ભજનો સાંભળવા જવા માટેની એમણે શ્રી વલ્લભની આજ્ઞા લીધી નહોતી. એમને મનમાં સતત ડર હતો કે શ્રી વલ્લભની આજ્ઞા લીધી નહોતી. એમને મનમાં સતત ડર હતો કે શ્રી વલ્લભ એમને ક્યારેય આવાં કીર્તનો સાંભળવા જવાની આજ્ઞા નહીં આપે...અને હવે જ્યારે શ્રી વલ્લભની આજ્ઞા વગર એ પ્રયાગ જઈ આવ્યા છે એની ખબર શ્રી વલ્લભને પડશે તો નક્કી એમના પર ગુસ્સે થશે અને એટલે જ એ સેવાની અપરસમાં નાહીને એ જમુનાજલ ભરવા નીકળ્યા અને પરમાણંદદાસને શ્રી વલ્લભ સાથે વાતો કરતા જોયા ત્યારથી

ડરના માર્યા એમના તો મોતિયા જ મરી ગયા હતા. પરંતુ વાતાવરણમાં માધુર્ય છલકાતું હતું. શ્રી વલ્લભ પરમાણંદદાસ સાથે થયેલા મિલનથી પ્રસન્ન હતા.

"તમને અગાઉ મળ્યો હોત તો..." - પરમાણંદદાસે પ્રશ્ન કર્યો.

"તો...તો...કદાચ શ્રી વલ્લભની આટલી બધી કૃપા ન ઊતરવાનો દોષ મને લાગી જાત." ક્ષત્રી કપુર બોલ્યા.

"એ જે હોય તે, કપુરજી, પણ ઘડી બે ઘડીનો સત્સંગ માનવીને ઈશ્વર નજીક જરૂર દોરી જાય છે...અને તમે આ કર્યું છે, ક્ષત્રી કપુર!"

પરમાણંદદાસ જમુનાજીમાં સ્નાન કરીને શ્રી વલ્લભ પાસે આવ્યા. શ્રી વલ્લભે એ જ ક્ષણે એમને નિજમંદિરમાં શ્રી નવનીતપ્રિયાજી પાસે આવવાની આજ્ઞા કરી અને નિજમંદિરમાં પ્રવેશતાં જ શ્રી વલ્લભે કહ્યું: "પરમાણંદદાસ...બેસો."

શ્રી વલ્લભ મંદિરમાં ગયા. શ્રી નવનીતપ્રિયાજીને પ્રેમથી જગાડ્યા અને શ્રી પરમાણંદદાસને શ્રી નવનીતપ્રિયાજીના સાંનિધ્યમાં બ્રહ્મસંબંધ આપ્યું અને શ્રી ભાગવતના દસમસ્કંધની અનુક્રમણિકા સંભળાવી...અને "બાળલીલા"નાં પદો ગાવાની આજ્ઞા કરી.

શ્રી વલ્લભની આજ્ઞાનુસાર પહેલાં વિરહ-પદો ગાઈ ચૂકેલા પરમાણંદદાસને મનમાં વિચાર આવતાં શ્રી વલ્લભની કાર્ય-પ્રણાલિકા પર ધર્મના ઊંડા અભ્યાસી તરીકેની જાણ થતાં એ પ્રસન્ન થઈ ગયા.

શ્રી વલ્લભે એમને પહેલાં ભગવદ્-લીલાનાં પદો ગાવાની આજ્ઞા કરી ત્યારે પરમાણંદદાસે એક પછી એક વિરહી પદો ગાઈ શ્રી વલ્લભ અને શ્રી નવનીતપ્રિયાજી બન્નેને પ્રસન્ન કરી દીધા.

પરંતુ બાળલીલાનાં પદો ગાવાની આજ્ઞા એ માટે કરી કે "બાળલીલા" એ નંદરાયના ઘરની લીલા છે અને જશોદા અને કૃષ્ણ - નંદબાવા અને નંદકિશોરના મિલનની - સંયોગરસની લીલા હતી. એક વખત સંયોગ થયો હોય - અનુભવાયો હોય ત્યાર પછી જ વિરહ ફલસ્વરૂપ બની રહે છે. રાસપંચાધ્યાયીમાં વ્રજભક્તોને બોલાવી લઘુરાસ કરી પ્રભુ અદૃશ્ય થઈ ગયા...પરિણામે વ્રજભક્તોને વિરહનું દાન અને જ્ઞાન થયું. ધન મેળવીને ધન ગુમાવે ત્યારે ધનના વિરહ દ્વારા ધનની કિંમત થાય, ચિંતા પણ થાય. પરમાણંદદાસજીને પોતાને ક્યારેય સંયોગરસનો અનુભવ આજ પહેલાં થયો નહોતો...એટલે સંયોગરસથી સભર એવી બાળલીલાનાં પદો ગાવાની સમજ ક્યાંથી હોય? પરમાણંદદાસને થયું કે એ લીલામાંથી અલગ પડી ગયેલા જીવ હતા - પરિણામે અનુભવેલા વિરહનાં પદો જ એમના હૈયામાંથી આર્દ્રતા પ્રગટાવતા બહાર પડતાં જતાં હતાં...શ્રી વલ્લભના મિલન અને એમણે આપેલા બ્રહ્મસંબંધથી લીલાનો વિખૂટો પડી ગયેલો જીવ બ્રહ્મ સાથે - ઈશ્વર સાથે સંબંધિત થયો અને પરિણામે સંયોગલીલાનાં - બાળલીલાનાં પદો ગાવાનો અધિકારી થયો...

પરમાણંદદાસજીએ તંબૂર હાથમાં લીધો. શ્રી વલ્લભ પ્રતિ દૃષ્ટિ કરી...કરુણાથી

વરણમાં માધુર્ય
. હતા.

વાનો દોષ મને

ને ઈશ્વર નજીક

યા. શ્રી વલ્લભે
ાજ્ઞા કરી અને

ાડ્યા અને શ્રી
શ્રી ભાગવતના
ની આજ્ઞા કરી.
રમાણંદદાસને
ઊંડા અભ્યાસી

જ્ઞા કરી ત્યારે
વનીતપ્રિયાજી

ાળલીલા" એ
. નંદકિશોરના
નુભવાયો હોય
ક્તોને બોલાવી
ાન અને જ્ઞાન
ાય, ચિંતા પણ
' પહેલાં થયો
સમજ ક્યાંથી
તા - પરિણામે
ર પડતાં જતાં
વિખૂટો પડી
ાગલીલાનાં -

રી...કરુણાથી

છલકતાં નેત્રોના અમીરરસના ઘૂંટ પીતા - કરુણાના સાગર શ્રી વલ્લભને વંદન કરતાં બાળલીલાનું પદ પરમાણંદદાસે નવનીતપ્રિયાજીના સાંનિધ્યમાં ઉપાડ્યું:

માઈ! મીઠે હરિ જૂ કે બોલના ।
પાંય પૈંજની રૂનઝુન બાજત, આંગન આંગન ડોલના ॥
કઠુલા કંઠ, રૂચિર પહુંચી કર, પીતાંબર કૌ ચોલના ।
પરમાણંદદાસ કૌ ઠાકુર, ગોપી ઝુલાવેં ઝૂલના ॥

પરમાણંદદાસના મધુર કંઠે ગવાયેલા બાળલીલાના પદની અંતિમ પંક્તિ વાતાવરણમાં ગુંજી રહી, ત્યારે શ્રી વલ્લભની આંખોમાંથી આનંદની અશ્રુધારા વહેતી હતી...કારણ, સામે સિંહાસને બિરાજતા શ્રી નવનીતપ્રિયાજી પદની એકએક પંક્તિને એમના નાજુક કરની થાપટ મારતા તાલ આપી રહ્યા હતા.

૫. ગોકુલ કે ચિંતામણિ માધૌ...

"શ્રી વલ્લભ રતન જતન કરિ પાયૌ"

પરમાણંદસ્વામીમાંથી શ્રી વલ્લભ-કૃપાથી પરમાણંદદાસ થઈ ચૂક્યા હતા. પ્રયાગ છોડી અડેલની ભોમકામાં "શ્રી વલ્લભ રતન"ની છાયામાં નીતનવાં બાળલીલાનાં પદોથી શ્રી નવનીતપ્રિયાજીને પ્રસન્ન કરતા સમય પસાર કરી રહ્યા હતા..

પ્રયાગમાં ગંગાયમુનાના સંગમ પરના ભારદ્વાજ આશ્રમમાં રહેલા પરમાણંદદાસને શ્રી વલ્લભના સાંનિધ્યમાં જ્ઞાન અને ભક્તિના અદ્‌ભુત સંગમનાં દર્શન થતાં હતાં. ભક્ત પરમાણંદ અને ભગવાન નવનીતપ્રિયાજીના મિલનનાં દર્શન થતાં હતાં, સાક્ષાત્કાર થતો હતો...

વહેલી સવારે પરમાણંદદાસ શ્રી યમુનાજીના વહેતા નીરની ધારા જોતાં અનોખી સૃષ્ટિમાં ઓગળી ગયા...આ ખળખળ વહેતાં નીર...મારા કૃષ્ણકનૈયાની ભોમકા - ગોકુળ, વૃંદાવન, મથુરાની વ્રજભૂમિમાંથી - લીલાની ભૂમિમાં રમમાણ કરીને આવતા હતા...આ એ જ કૃષ્ણભૂમિ જ્યાં નંદનંદને બાળલીલા કરી હતી. "મીઠા મદન ગોપાલે" ગોપીઓની મટુકી ફોડી માખણ આરોગતા હતા...એ ગોપીઓ પણ કેવી ભાગ્યશાળી...! પરમાણંદદાસના મુખમાંથી પદ સરી પડ્યું:

બડભાગિન ગોકુલ કી નારિ ।
માખન રોટી દૈ જુ નૈચાવતિ, જગદાતા મુખ લેતિ પસારિ ॥

પરમાણંદદાસ ભાવવિભોર થઈ વહ્યે જતાં જમુનામૈયાનાં જલ આંખોમાં અશ્રુની ધારા સાથે જોઈ રહ્યા...શ્રીકૃષ્ણની ચતુર્થ પટરાણી - સ્વામિનીજીની સખી યમુનાજીનાં ખળખળ વહ્યે જતાં નીરને જોઈ અંતરમાંથી પદ સ્ફુરી ઊઠ્યું:

શ્રી યમુને કી આસ સબ ફરત હૈં દાસ
મન કર્મ વચન, કર જોરિં કે માકત
નિસદિના રાખિયે, પને જુ પાસ
જહાં પિત રસિકવર, રસિકનિ રાધિકા
દોઊં જન, સંગ મિલ કરત રાસ
દાસ પરમાનંદ પાયે અબ વ્રજચંદ
દેખિ સિરાને નેન મંદ હાસ.

"નિસદિના રાખિયે પને જુ પાસ" - પરમાણંદદાસજીનો વિરહી પોકાર - વ્રજભૂમિનાં દર્શનની આરાત - એમને શ્રી વલ્લભના સાંનિધ્યમાં પણ વિહ્‌વળ બનાવી રહી હતી. રોજ સવારે બ્રાહ્મમુહૂર્તમાં યમુનાપાન કરવા આવતા અડેલવાસી પરમાણંદદાસ યમુનાતટ પર વિરહના પદ ગાતા...

યા હરિ કૌ સંદેસ ન આયૌ
બરસ માસ - દિન બીતન લાગે, બિનુ દરસન દુ:ખ પાયૌ

હરિના વ્રજભૂમિમાં આવવાના સંદેશાની રાહ જોતા બેઠા હતા ત્યાં જ ક્ષત્રી કપુર વહેલી સવારે યમુનાજલ ભરવા આવી પહોંચ્યા. એમની ચાલમાંથી ઉત્સાહનું ગીત રણકતું હતું. પ્રસન્ન ચહેરો, હસતું મુખ, આંખોમાં ઊછળતો ઉન્માદ... આજ તો એમનાં ચરણ ધરતી પર સ્થિર રહી શકતાં નહોતાં, ઉત્સાહથી ઊછળતાં હતાં.

પરમાણંદદાસ ક્ષત્રી કપુરના આનંદમય ચહેરા સામે વિસ્મયભાવે એક ક્ષણ પૂરતા જોઈ રહ્યા અને બોલી ઊઠ્યા:

"અરે...કપુરજી...આજ તો ખૂબ પ્રસન્ન છો...શી વાત છે? નવનીતપ્રિયાજીએ કાંઈ ભારે કૃપા કરી લાગે છે કે આ તમારા ચરણ ધરતી પર ટકતા નથી...નર્તન કરતાં ચરણ, ઝૂમતું અંગ, ચહેરા પર હાસ્ય...વાત શી છે, કપુરજી, અમને તો કહો!"

"પરમાણંદદાસ...શું કહું...આજ મારા વલ્લભે વ્રજયાત્રાએ જવાની ઇચ્છા પ્રગટ કરી...છે..." ક્ષત્રી કપુર હોંશના માર્યા બોલ્યા.

"શું વાત કરો છો, કપુરજી! વ્રજમાં શ્રી વલ્લભ પ્રયાણ આદરી રહ્યા છે? વાહ, મારા નવનીતલાલ...મારી યમુનામૈયા...મારા વલ્લભ, મારાં તો ભાગ્ય ખૂલી ગયાં, કપુરજી! આપણા સાંવરેલાલની ભૂમિમાં શ્રી વલ્લભની સાથે હું પણ આવીશ." અને પરમાણંદદાસજીના હાથમાં રમતા તંબૂરના તાર ઝણઝણી ઊઠ્યા...ગાંડાતૂર બની બેઠા હતા ત્યાંથી ઊભા થઈ ગયા અને ક્ષત્રી કપુરનો હાથ પકડી, નાચતા-નાચતા ગાઈ ઊઠ્યા:

ચલિ સખી નંદગામ જાઈ બસિયે ।
ખરિક ખેલત વ્રજચંદ જુ સૌં હસિયે ॥
ચલિ સખી નંદગામ જાઈ બસિયે ।
બસિ બઠૈન સબૈ સુખ માઈ ॥
એક કઠિન દુ:ખ દૂર કન્હાઈ ।
માખન ચોરત દુરિ દુરિ દેખોં ॥
સજની જનમ સુફલ કર લેખોં ।
જલચર લોચન છિનુ છિનુ પ્યાસા ॥
કઠિન પ્રીતિ પરમાણંદદાસા...

છેલ્લી પંક્તિ પૂરી કરતાં પરમાણંદદાસજી યમુનાતટેથી અડેલ ગામની દિશામાં દોડ્યા.

"અરે...અરે, પરમાણંદદાસ...આમ દોડ્યા ક્યાં? ઊભા રહો, હું પણ જમુનાજલની ગાગર ભરીને તમારી સાથે આવું છું."

ક્ષત્રી કપુર બોલતા રહ્યા...પરંતુ પરમાણંદદાસ એમના શબ્દો સાંભળે તો ને?

અડેલ ગામમાં પ્રવેશતાં જ શ્રીવલ્લભની કુટિર તરફ વળ્યા અને પરસાળમાં પ્રાત:સંધ્યા કરતા શ્રીવલ્લભ બેઠા હતા એમનાં ચરણમાં ઢળી પડતાં હાંફતા શરીરે પરમાણંદદાસજી બોલ્યા:

"કૃપાનાથ...મેં સાંભળ્યું તે સાચું?"

શ્રી વલ્લભની આંખો ખૂલી ગઈ. એમને આશ્ચર્ય થયું. રોજ વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં જ શ્રી યમુનાજીના કિનારે જઈ યમુનાપાન કરી...

શ્રી યમુનાજી ! યહ પ્રસાદ હોં પાઉં ।
તિહારે નિકટ રહો નિસિ બાસર રામકૃષ્ણ ગુન ગાઉં ।

જેવાં પદોથી ઉષાના આગમનને વધાવતા યમુનાજીની સ્તુતિ કરતા પરમાણંદદાસ હાંફળાફાંફળા, હોંશભર્યા એમનાં ચરણમાં કેમ લેટી ગયા તેનું શ્રી વલ્લભને આશ્ચર્ય થયું.

"શું સાંભળ્યું તમે, પરમાણંદદાસ?" શ્રી વલ્લભે પૂછ્યું.

"કૃપાનાથ...આપ...આપ વ્રજમાં પધારી રહ્યા છો?" - પરમાણંદદાસ માંડમાંડ વાક્ય પૂરું કરી શક્યા. શરીર હાંફતું હતું. ચહેરા પર આનંદની લહરો ઊઠતી હતી.

"હા...કેમ? તમને કોણે કહ્યું?" - શ્રી વલ્લભે આશ્ચર્ય સાથે પૂછ્યું.

"કૃપાનાથ...બીજું કોણ હોય? તમારાં ચરણ સુધી પહોંચાડનાર મારા ગુરુભાઈ...ક્ષત્રી કપુર! પ્રભુ...હું વ્રજમાં આવું?" - પરમાણંદદાસ બોલ્યા અને હૈયાના ઉમળકા સાથે એમના મુખમાંથી પદ સરી પડ્યું:

યહ માંગો શ્રી ગોપીજનવલ્લભ ।
માનુષ જનમ ઔર હરિસેવા, વ્રજ બસિવો દીજે મોહી સુલભ ॥

"અરે, પરમાણંદદાસ...આ અડેલ પાસેથી વહેતાં યમુનાજી તો છે, હું પણ અહીં જ છું...ગંગા, યમુના અને સરસ્વતીનો સુભગ સંગમ પણ અહીં જ છે, પછી વ્રજમાં જવા તમારું ચિત્ત શા માટે આતુર થયું છે?" - શ્રી વલ્લભે પરમાણંદદાસને તાવવા - એમની વ્રજભોમકાની આસક્તિ કેવીક છે એ જાણવા પૂછ્યું.

"પ્રભુ! શું કહું! ઈ વ્રજભૂમિની લીલાનું શું વર્ણન કરું, મહારાજ!"

શ્રી વલ્લભકુળ કો ચેરો વૈષ્ણવજન કો દાસ કહાઉં ।
શ્રી યમુનાજલ નીતપ્રતિ ન્હાઉં, મન, કર્મ વચન કૃષ્ણગુન ગાઉં ॥
શ્રીમદ ભાગવત શ્રવણ સુનો નિત ઈન તજી ચિત્ત કહું અનતનલાઉં ॥

પરમાણંદદાસજીએ દિલ ખોલીને એમના અંતરની "વ્રજ"ની મુલાકાતની ઝંખનાની વાત શ્રી વલ્લભ સમક્ષ મૂકી દીધી.

શ્રી વલ્લભને ખ્યાલ આવી ગયો કે આ પદ દ્વારા પરમાણંદદાસને "વ્રજ"વિહાર કરવાની અનોખી તાલાવેલી લાગી હતી.

“પરમાણંદદાસ...તમે તૈયાર થઈ જાઓ...આપણે વ્રજ તરફ પ્રયાણ આદરવાનું છે.”

“ખરેખર, કૃપાનાથ! આપની અનહદ કૃપા થઈ...આપની કૃપા થકી આ પામર જીવને શ્રી વ્રજપરિક્રમા કરવાનો લાભ મળશે.”

શ્રી વલ્લભ પરમાણંદદાસની વ્રજનાં દર્શન કરવાની આરઝૂને પ્રસન્નચિત્તે જોઈ રહ્યા.

“દમલા, કૃષ્ણદાસ, યાદવેન્દ્રજી, આપણી વ્રજયાત્રામાં પરમાણંદદાસજી પણ આવે છે. મુહૂર્ત કાઢી વ્રજયાત્રાની તૈયારી શરૂ કરી દ્યો.” શ્રી વલ્લભ બોલ્યા.

“કૃપાનાથ, આ સેવકને કાં ભૂલી ગયા? જ્યાં જ્યાં મારા વલ્લભ, મારો પરમાણંદ, ત્યાં હું તો હોઉં જ ને!” ખભે છલકતી ગાગર સાથે ક્ષત્રી કપુર જલધરિયાએ મંડળીમાં પ્રવેશ કરતાં કહ્યું.

“અરે, તમારી વગર તો યાત્રા જ કેમ થાય? આપણા નવનીતલાલજીને રસ્તામાં પ્યાસ બહુ લાગે. તમે તો ખરા જ, ક્ષત્રી કપુર!” શ્રી વલ્લભ હસતાં હસતાં બોલી ઊઠ્યા.

વહેલી સવારે બ્રાહ્મમુહૂર્તમાં શુભ ચોઘડિયામાં શ્રી વલ્લભે પરમાણંદદાસ, કૃષ્ણદાસ મેઘન, દામોદરદાસ હરસાણી તેમજ યાદવેન્દ્રદાસ ઇત્યાદિ વૈષ્ણવો સાથે “ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ”ની ધૂન સાથે અડેલથી યાત્રાસંઘ ઉપાડ્યો.

પરમાણંદદાસનો તો આનંદ માતો નહોતો. વહેલી સવારે ઊઠીને-

પ્રાતસમૈં રસના રસ પીજૈ, લીજૈ વલ્લભ પ્રભુજી કો નામ ।
આનંદ મેં બીતત નિસબાસર, મનવાંછિત સુધર સબકામ ॥

એ ભાવના સાથે “ગોપાલકૃષ્ણ રાધેકૃષ્ણ”ની ધૂન બોલતા યાત્રાસંઘ સાથે નીકળી પડ્યા.

“ગિરિરાજધરણ પ્રભુ તુમ્હારે શરણ”ની ધૂન સાથે નદી, નાળાં, કાળમીંઢ પહાડો વટાવતાં જંગલની વાટે યાત્રા આગળ ધપી. ઘેઘૂર જંગલમાં ભક્તિની ધૂન સાથે શ્રી ગોવર્ધનધરના મિલનની અદમ્ય ઉત્કંઠા સાથે, શ્રી યમુનાજીનું જલપાન કરવાની ઊંડી તિતિક્ષા સાથે શ્રી વલ્લભની રાહબરીની નીચે નાનકડો સંઘ ચાલતો હતો.

પરમાણંદજી ઉત્સાહિત અને વિરહાનુભૂતિનો સ્પર્શ કરાવતાં-

જઈએ વહ દેસ જહાં નંદનંદન ભૈંટિયે ।
નિરખિયે મુખકમલ કાંતિ, વિરહ તાપ મૈંટિયે ॥
સુંદર મુખ રૂપ સુધા, લોચન પુટ પિજીયે ।
લંપટ લવ નિમિષ રહતિ ઐચય ઐચય જીજીએ ॥
નખસિખ મૃદુ અંગ, કોમલ કર પરસિયે ।

એ પદ ગાતા ઉત્સાહભેર આગળ વધી રહ્યા હતા, ત્યાં જ એમનાં ચરણ અટકી

ગયાં...વતનનાં ઝાડવાં અને આકાશ દેખાવા માંડ્યાં. પરમાણંદદાસ માતાપિતાના દક્ષિણપ્રદેશમાં ગમન પછી મકરસંક્રાંતિના દિવસે પ્રયાગતીર્થે ત્રિવેણીસંગમમાં સ્નાન કરવા એમના નાનકડા શિષ્યસમુદાય સાથે આવ્યા હતા. રાત ને દિવસ ક્યારેક ગંગાકિનારે, તો ક્યારેક વનાંચલની નિર્દોષ ભોમકામાં આવ્યા હતા. પરિણામે વાતાવરણમાં મધુરપ વેરાઈ રહી હતી. પ્રયાગતીર્થના ત્રિવેણીસંગમમાં સ્નાન કરી અઠે દ્વારિકા કરનારા હતા. એમને કોઈને ગંગાના ધસમસતા પ્રવાહ, જગતજનની - કૃષ્ણની પ્યારી શ્યામલવર્ણી જમુનામૈયાના તાલબદ્ધ સૌમ્ય પ્રવાહ અને સરસ્વતી નદીના અંતરંગના જલપ્રવાહના “સંગમે” સ્નાન કરતાં એ દિવસે આ ભૂમિ પર જ રહી જવાનો સંકલ્પ કરી, પરમાણંદ દાસ કનોજ પાછા ફર્યા જ નહોતા. “કીર્તનસમાજ”માં પ્રયાગતીર્થના તટ પર પદોની રમઝટ સાથે કૃષ્ણભક્તિમાં જ લીન થઈ ગયા હતા. અને...એમની એ કૃષ્ણભક્તિએ જ એમને શ્રી વલ્લભનાં ચરણમાં લાવીને મૂકી દીધા હતા.

“કૃપાનાથ...”

કનોજનું પાદર આવતાં જ પરમાણંદદાસના હૃદયમાં એક વિચાર સ્ફુર્યો અને હાથ જોડી શ્રી વલ્લભ પાસે ખડા થઈ ગયા.

“શું છે, પરમાણંદદાસ?”

“કૃપાનાથ...આપની આજ્ઞા થાય તો મારા વતન કનોજમાં આપ મારા ઘરને પાવન કરવા પધારો! વર્ષોથી મેં તો ગામ છોડી દીધું છે, પરંતુ જ્યારે આ રસ્તા પરથી પસાર થઈ રહ્યા છીએ, તો આપનાં ચરણારવિંદથી મારા વતનને - વતનમાંના મારા ઘરને પાવન કરો...” પરમાણંદદાસે વિનંતી કરી.

“પરમાણંદદાસ...જરૂર તમારા ઘરે કનોજમાં પધારીશું. તમે ગામમાં જઈ અગાઉથી અમારી પધરામણીની તૈયારી કરો, ત્યાં અમે વૈષ્ણવો સાથે આવીએ...ક્ષત્રી કપુર...તમે પણ પરમાણંદદાસ સાથે જઈ, અમારા સૌની રહેવા-કરવાની વ્યવસ્થા કરો.” શ્રી વલ્લભે ક્ષત્રી કપુરને પરમાણંદદાસનાં વર્ષોથી બંધ પડેલા અવાવરુ ઘરને “રહેવા લાયક” બનાવવાની તૈયારીમાં મદદ કરવા સાથે જવાની આજ્ઞા કરી.

પરમાણંદદાસ તો રાજીના રેડ થઈ ગયા. આજે એમના ભાગ્યનો ચન્દ્રમા સોળે કળાએ ખીલી ઊઠ્યો હતો. અંતરમાં

આજ મારે ઘેર થાય લીલાલ્હેર
કૃષ્ણ પધારે મારે આંગણેજી રે

એ ભાવ છલકાતો હતો. રસ્તામાં ક્ષત્રી કપુર સાથે શ્રી વલ્લભ અને એમની વૈષ્ણવમંડળીની કઈ રીતે શ્રેષ્ઠ સેવા કરવી એની જ વાતો કર્યા કરતા હતા. શ્રી વલ્લભને સખડી-અનસખડીમાં કઈ કઈ સામગ્રી માટે અભિરુચિ છે એ વાતો પૂછતાં થાકતા નહોતા. ઘરે આવી વર્ષોથી બંધ મકાનનાં દ્વાર ખોલી અંદર પ્રવેશ્યા, ત્યાં જ ચામાચીડિયાં અને કબૂતરોની ફડફડાટીથી ઘરના ઓરડાઓ ગાજી ઊઠ્યા. મકાનની

મધ્યમાં ખુલ્લા ચોક વાટે કબૂતરોએ અવાવરુ ઓરડાઓમાં ઘૂસી જઈ એમનાં નિવાસસ્થાનો બનાવી લીધાં હતાં.

"અરે પરમાણંદ ભૈયા, કબ્બી આયો?"

"અરે ભલા, ઈતને દિન કહાં થે?"

"અરે ભલા, ચિઠ્ઠી તો લિખી હોતી!"

આસપાસમાં રહેતા જૂના પાડોશીઓના પ્રશ્નોની રમઝટ બોલવા માંડી.

"અપના પરમાણંદ સ્વામી આયો હે ના સમાચાર ગામમાં પ્રસરી જતાં, પરમાણંદદાસના શિષ્યોનો મોટો સમૂહ પરમાણંદદાસજીને વંદન કરવા આવી પહોંચ્યો.

સૌ કોઈના ચહેરા પર આનંદમંગલ વરતાઈ રહ્યું હતું. મંગલમય વાતાવરણ વચ્ચે શ્રી વલ્લભે "ગિરિરાજધરણ પ્રભુ તમારે શરણ"ની ધૂન સાથે એમની વૈષ્ણવમંડળી સહિત પ્રસન્નતા સાથે પરમાણંદદાસના ઘરમાં પ્રવેશ કર્યો ત્યારે આનંદવિભોર પરમાણંદદાસ હાથમાં તંબૂર સાથે નાચવા માંડ્યા અને એ વખતે એમના મુખમાંથી શ્રી ઠાકોરજીનાં - શ્રી વલ્લભનાં ચરણારવિંદના માહાત્મ્યનું પદ સરી પડ્યું. શ્રી વલ્લભની પધરામણી એમને મન ઠાકોરજીની જ પધરામણી હતી. સૂરદાસજીની જેમ એમણે હંમેશ શ્રી વલ્લભમાં ઠાકોરજીના અને ઠાકોરજીમાં શ્રી વલ્લભનાં જ દર્શન કર્યાં હતાં.

ચરનકમલ બંદો જગદીસ જે ગોધન કે સંગ ધાએ ।
જે પદકમલ ધૂરિ લપટાને કર ગહિ ગોપિનિ ઉર લાએ ॥
જે પદકમલ યુધિષ્ઠિર પૂજિત, રાજસૂયમેં ચલે આએ ।
જે પદકમલ પિતામહ ભીષમ ભારત મેં દેખન પાએ ॥
જે પદકમલ સંભુ ચતુરાનન હૃદયકમલ અંતર રાખે ।
જે પદકમલ રમા ઉર ભૂષન વેદ ભાગવત મુનિ સાખે ॥
જે પદકમલ લોકત્રય પાવન બલિરાજા કે પીઠ ધરે ।
સો પદકમલ દાસ પરમાણંદ ગાવત પ્રેમ પીયૂષ ભરે ॥

શ્રી વલ્લભના ચરણારવિંદમાં "સો પદકમલ દાસ પરમાણંદ ગાવત..." ગાઈ, એમનું અને એમના ઘરમાં સૌ કોઈ એકત્રિત થયેલાઓનાં હૈયાં "પ્રેમપીયૂષ"થી છલકાવી દીધાં. શ્રી વલ્લભે પરમાણંદદાસના ભક્તિસભર ભાવજગત પર પ્રસન્ન થતાં આજ્ઞા કરી:

"પરમાણંદદાસજી, તમારી ઠાકોરજી પ્રત્યેની ભક્તિ, સેવા અને એકાત્મતા નિહાળી અમને ખૂબ જ સુખ થયું છે...તમે અમને ધરાવેલી સામગ્રી શ્રીજીને પ્રિય પણ છે..."

- અને ભોજન ઇત્યાદિથી પરવારી, આથમતી સાંજનાં અજવાળાં ધરતી પરથી વિલીન થઈ રહ્યાં હતાં...ત્યારે આઠેક વર્ષના શ્રી વિઠ્ઠલેશજીને ગોદમાં પધરાવતાં...શ્રી વલ્લભે પરમાણંદદાસને આજ્ઞા કરી:

"પરમાણંદદાસજી, કાંઈક ભગવલ્લીલાનાં પદ સંભળાવો."

પરમાણંદદાસજીએ શ્રી વલ્લભ સામે જોયું. આંખોમાં વિરહનો ભાવ - વ્રજવિહારી શ્રી ગોવર્ધનનાથજીને મળવા હૈયું તલપાપડ થઈ રહ્યું હતું. વિરહનો ભાવ ઉત્સુક્તામાં છલકાતો હતો. શ્રી વલ્લભની આ પરિસ્થિતિને નજરમાં રાખી - જેનું ચિત્ત આ ક્ષણોમાં વ્રજમાં શ્રી ગોવર્ધનનાથજી પાસે હતું...અને વિરહથી તડપતો દેહ અહીં સ્થિર થયો હતો - એ પરિસ્થિતિની વેદનાનું - વિરહનું પદ પરમાણંદદાસજીએ તંબૂરના તાર પર અંગુલિ ફેરવી - સમગ્ર હૃદયતંત્રને ધણધણાવી મૂકતું પદ ગાવાનું શરૂ કર્યું:

હરિ તેરી લીલાકી સુધિ આવે ।
કમલ નૈન મનમોહન મુરતિ, મન મન ચિત્ર બનાવે ॥
એક બાર જાહિ મિલત મયા કરી સો કૈસે બિસરાવે ।
મુખ મુસકાન બંક અવલોકન ચાલ મનોહર ભાવે ॥
કબહુ નિવિડ તિમિર આલિંગત કબહુક પિકસૂર ગાવે ।
કબહુક સંભ્રમ ક્વાસિ ક્વાસિ કહિ સંગહિ ઊઠિ ધાવે ॥
કબહુક નૈન મૂંદિ અંતર ગતિ મણિમાલા પહરાવે ।
પરમાણંદ પ્રભુ સ્યામ ધ્યાન કરિ ઐસે વિરહ ગંવાવે ॥
હરિ તેરી લીલાકી સુધિ આવે...

શ્રી વલ્લભ પ્રથમ પંક્તિ સાંભળી જ ડોલી ઊઠ્યા. અંતરમાં વિરહી સ્વામિનીજીના સ્વરૂપનો વિરહ પ્રગટ થવા માંડ્યો.

"હે હરિ, મને તમારી લીલા યાદ આવી રહી છે. આંખો સામે કમલ જેવાં જેનાં નેત્રો છે એની મૂર્તિ ખડી થવા માંડી. શ્રી વલ્લભનું સ્વામિનીજીનું સ્વરૂપ વિરહદશા અનુભવતું મૂર્છાવશ થઈ ગયું. શ્રી વલ્લભ પરમાણંદદાસજીના પદની એક-એક પંક્તિના શ્રવણ સાથે દેહાનુસંધાન ગુમાવવા માંડ્યા. હૃદય ગદ્ગદિત થઈ ગાઈ ઊઠ્યું:

એક બાર જાહિ મિલત મયા કરી સૌં કૈસે બિસરાવે...

અંતરમાં પિયામિલનની એ પળો કેમ ભૂલી ભુલાય? હૈયામાં આનંદની હેલી સર્જતું એ સ્મિત - એ મુસકાન - એ હૈયાને મનભાવન કરતી એ લચકતી મુરલી મનોહરની એ ચાલ...

વાતાવરણમાં પદની એકએક પંક્તિ ગુંજતી રહી અને શ્રી વલ્લભ લીલામાં મગ્ન થતા ગયા. ત્રણ દિવસ અને ત્રણ રાત...શ્રી વલ્લભ આ ધરતીના માનવી જ ન રહ્યા હોય એમ લીલામાં સ્વામિનીજી સ્વરૂપે બિરાજતા મુર્છાવશ થઈ ગયા. શ્રીવલ્લભ નેત્ર બંધ કરી ગાદી પર બિરાજતા રહ્યા. દામોદરદાસ હરસાણી ઇત્યાદિ શ્રી વલ્લભના અંતરંગના સેવકો શ્રી વલ્લભના શ્રી ગુસાંઈજીએ અનુભવેલા - પાછળથી શ્રી સર્વોત્તમસ્તોત્રમાં ગાયેલા "રાસલીલૈકતાત્પર્ય" અને "વિરહાનુભવૈકાર્થ"ના સ્વરૂપને

પામેલા હોવાથી નિશ્ચિત ભાવે ચૂપચાપ - શ્રી વલ્લભની ચહેરા પરની અદ્ભુત - પ્રસન્ન કાંતિનાં દર્શન કરતા શ્રી વલ્લભની આ લીલાને જોતા રહ્યા. આઠ વર્ષના વિઠ્ઠલનાથજી પણ પિતાની આ અવસ્થા સજળ નયને જોઈ રહ્યા.

શ્રી વલ્લભ આખરે તો રસાત્મક સ્વામિનીજીનું જ સ્વરૂપ હતા. “વૃંદાવનેન્દુ: પ્રકટિત રસિકાનંદસન્દોહરૂપ”...રસથી ભર્યા ભર્યા હતા. ચોથે દિવસે ધીમેધીમે શ્રી વલ્લભનાં નેત્રો કમલની ખીલતી પત્તીઓ જેમ ખૂલ્યાં. દામોદરદાસ હરસાણી અને અન્ય ભક્તોના જીવમાં જીવ આવ્યો...અને બધા એકીઅવાજે જયઘોષ કરતા - “શ્રી વલ્લભાધીશ કી જય” કરતા આનંદથી નાચી ઊઠ્યા. હેબતાઈ ગયેલા પરમાણંદદાસજીએ શ્રી વલ્લભનાં ચરણ પકડી લીધાં. આંસુભીના ચહેરે દર્દભર્યા અવાજે બોલી ઊઠ્યા:

“કૃપાનાથ...હવે પછી હું આવાં વિરહી પદો કદી નહીં ગાઉં!”

“કેમ કેમ...પરમાણંદદાસજી...આમ અચાનક...” શ્રી વલ્લભે સ્મિત સાથે પ્રશ્ન કર્યો. અંતર અંદરથી પ્રફુલ્લિત હતું...મનોમન “નિત્યલીલા”ની એ પળોને - એ પ્રસંગોને યાદ કરતું વિરહી દશા અનુભવતું હતું. ત્રણ ત્રણ દિવસ અને ત્રણ ત્રણ રાત્રીનાં એ ત્રણે સ્થળોની યાદ હૈયામાં ગુંજતી હતી...

પ્રથમ રાત્રિ શ્રી ગિરિરાજ-સ્વરૂપની હતી...જેમાં બધી જ લીલાસામગ્રી સિદ્ધ થતી હોવાનો અનુભવ થયો હતો...બીજા દિવસની શ્રી વૃંદાવનની લીલા ‘રસો વૈ સ:’ની રસાત્મક કુંજવિહારની, સંયોગાત્મક સ્વરૂપની કલાત્મક લીલાનો અનુભવ શ્રી વલ્લભના હૃદયમાં બિરાજતાં સ્વામિનીજીના ભાવે કર્યો...અને ત્રીજા દિવસની લીલા - બધા જ રાસના મૂળરૂપે જળ-સ્થળની યમુનાજીની લીલાનો અનુભવ કર્યો. એ ગિરિરાજની કંદરામાંના રસાત્મક મિલનની એ ક્ષણો, બીજા દિવસની ધન્ય વૃંદાવન...ધન્ય બંસીબટ....ધન્ય વેણુધરની ભૂમિ પરની લીલાનો અનુભવ...અને યમુનાતટ પર થયેલી એ રાસલીલા...એ જલવિહારની લીલાના અનુભવને હૈયામાં સ્થાપિત કરી ચૂકેલા શ્રી વલ્લભ પરમાણંદદાસના સવાલ પર સ્મિત વેરી રહ્યા હતા.

પરમાણંદદાસને ડર લાગ્યો હતો કે એમના વિરહી પદના શ્રવણથી રસાનંદ માણવામાં જો શ્રી વલ્લભ આમ સાનભાન ગુમાવી, નિત્યલીલામાં રસાનુભવમાં રમમાણ બની ભૂતલ પર પાછા જ ન ફરે તો? ભૂતલ પરના એમના જેવા જીવોના ઉદ્ધારનું આખું કાર્ય ખોરંભે પડી જાય...અટકી જાય...અને આવું બનવાની શક્યતા ઘણી હતી, કારણ કે “નિત્યલીલા” જ એવી એક સ્વરૂપલીલા હતી કે એમાં પ્રવેશતા “જીવ”ને પાછા ફરવાનું ગમે તેમ નહોતું...કારણ, એ એક એવી નિત્યલીલા... નૌતમલીલા હતી કે શ્રુતિ પણ એનો પાર પામી શકી નહોતી.

“પરમાણંદદાસ...વિરહી લીલાનાં પદો અજોડ છે...તમે વિના સંકોચે ગાતા રહો, પરંતુ બાળલીલાનાં, સંયોગલીલાનાં પદોને ભૂલશો નહીં...” શ્રી વલ્લભે આજ્ઞા કરતાં કહ્યું.

અને જવાબમાં પરમાણંદદાસે...પદ ઉપાડ્યું :

માઈરી હો આનંદમંગલ ગાઉં
ગોકુલ કે ચિંતામણિ માધૌ જો માંગો સો પાઉં"

શ્રી વલ્લભ ભોજન કરી શય્યાઘરમાં પધાર્યા એટલે શ્રીવલ્લભ પાસે વ્રજભૂમિના સૌંદર્યનું દર્શન કરાવતું બાળલીલાનું

બિમલ જસ વૃંદાવન કે ચંદ કૌ ।
કહા પ્રકાસ સોમ સૂરજ કૌ જો મેરે ગોવિંદ કૌ ।
કહતિ જસૌદા ઔરન આગે વૈભવ આનંદ કંદ કૌ ॥
ખેલત ફિરન ગોપબાલક સંગ ઠાકુર પરમાણંદ કૌ ।

એ પદ ગાયું... અને શ્રી વલ્લભની ઘેરાતી આંખો નિદ્રામાં સમાઈ ગઈ.

૬. વ્રજમાં નંદમહોત્સવ

વ્રજકી બીથી નિપટ સાંકરી ।
ઈહ ભલી રીતિ ગાઉં ગોકુલકી ॥
જિત હી ચલિયે તિતહી બાંકરી ।
જહીં જહીં બાટ ઘાટ ઉપવન ॥
તહિં તહિં ગિરિધર રહત તાકરી ।
તહાં વ્રજ-બધુ નિકસી ન પાવત ॥
ઈત ઉત ડોલત હારત કાંકરી ।
છિરકત પીક પટ મુખ દિએ મુસકાન ॥
છાજે બૈઠી ઝરોંખે ઝાખરી ।
પરમાણંદ ડગમગત સીત ઘટ
કૈસે કેં જૈવે બદન ઢાંકરી"

કનોજથી શ્રી વલ્લભે એમના સંઘ સાથે વ્રજપ્રવેશ કર્યો...અને ગોકુલની ગલીઓમાં પ્રવેશતાં જ પરમાણંદદાસનું કવિહૃદય હર્ષાન્વિત થઈ ગાઈ ઊઠ્યું...

વ્રજકી બીથી નિપટ સાંકરી
ઈહ ભલિ રીતિ ગાઉં ગોકુલકી

કૃષ્ણ કનૈયાની ચરણરજથી પવિત્ર એવી વ્રજભૂમિની શોભા જ અનેરી હતી...હૃદય આનંદવિભોર થઈ જાય એવી આ ધરતીના કણેકણમાંથી, શ્યામતમાલનાં ઝૂલતાં પર્ણોમાંથી, ખળખળ વહેતી મા યમુનાના જલશીકરોમાંથી, ગિરિરાજની કદમખંડીઓમાંથી, નંદગામ-બરસાનાની 'સાંવરેલાલ અને રાધારાણી કી જય...મહારાણી કી જય,'ના ગુંજારવથી સદાય ગુંજતી...ચોરાસી કોસની ભૂમિ નિહાળી ક્ષણેક્ષણે... પરમાણંદદાસજીનું અંતર અને આંખો તો નંદનંદનને શોધતાં...

અબ હૌં કહા કરોં રી માઈ
નંદનંદન બિનુ દેખે સખી રી ।
પલ છિનુ રહ્યો ન જાઈ

-ગાઈ રહ્યાં હતાં...

"પરમાણંદદાસ...આ આપણા "લાડલેલાલ"ની ભૂમિ ગોકુળ...આંખોમાં સમાઈ જતાં...અંતરમાં ઊતરી જતાં જમુનામૈયાનાં આ વહેતાં જલ, કદંબની ડાળે હીંચતા...મદનગોપાલ...એમના બાળસખાઓ...અને આ જુઓ માથે મટુકી લઈ... "માખણ"ને બદલે કોઈ 'માધવ લ્યો'નો કલરવ કરતી, હસતી-નાચતી. મહી...ના, માધવ વેચવા નીકળેલી મહિયારીઓ - ગોપકન્યાઓ...ધન્ય વૃંદાવન...ધન્ય ગોકુળિયું ગામ અને...ધન્ય યમુનાતટ...ધન્ય આ ગોવિંદઘાટ..."

શ્રી વલ્લભ ભાવવિભોર બની, ગોકુળ, યમુનામૈયા, મહિયારી, કદંબની ડાળોથી લચી પડતી કૃષ્ણભૂમિ પર ભાવવિભોર બની જતાં બસ બોલ્યે જતા હતા...

ગોવિંદઘાટ પર સંઘ આવી પહોંચ્યો...

પરમાણંદદાસ મુગ્ધભાવે...જમુનામૈયાના ખળખળ વહેતા જલપ્રવાહને જોતા હતા...ત્યાં જ શ્રી વલ્લભે આજ્ઞા કરી:

"પરમાણંદદાસ...આ આપણી યમુનામૈયા...જગતજનની...એની કૃપા વગર આપણો વ્હાલો કૃષ્ણ મળે નહીં...આ આપણે જે ભૂમિ પર - જે ઘાટ પર ઊભા છીએ એ છે ગોવિંદઘાટ...જે છોકરનું વૃક્ષ છે...એ બ્રહ્મસ્વરૂપ છે. અને બાજુનો ઠકરાણી-ઘાટ...આ જ ઘાટ પર શ્રી યમુનામૈયાની મારા પર કૃપા થઈ હતી...અને

"નમામિ યમુનામહં સકલસિદ્ધિહેતું મુદા ।
મુરારિપદપંકજ- સ્ફુરંદ્‌ મંદ રેણૂત્કટામ્ ॥...

આ શ્રી યમુનાષ્ટકના માની સ્તુતિ કરતા શ્લોકો વર્ષો પહેલાં માનાં પ્રથમ દર્શને જ અંતરમાંથી ઊછળ્યા હતા...હું તમને આ પાઠ કરાવું તે ધ્યાનથી શ્રવણ કરી...યમુનામૈયાને વંદન કરી, પાઠ કરી, માનાં ચરણને વંદન કરો..." અને શ્રીવલ્લભના મધુર કંઠેથી શ્રી યમુનાષ્ટકના એકએક શ્લોક વાતાવરણમાં વહેતા થયા...અને પરમાણંદદાસ સાથે સકળ સંઘે એ ભાવભર્યા અવાજે ઝીલી, વાતાવરણને મહેકાવી દીધું.

"પરમાણંદદાસ...આપણાં શ્રી યમુનામૈયાનાં પ્રથમ દર્શને હૈયામાંથી કાંઈ સ્ફુરતું હોય તો...ગાઓ..." શ્રીવલ્લભે આજ્ઞા કરી.

શ્રી યમુનાષ્ટકના શ્લોકોનો ગુંજારવ હજી પરમાણંદદાસના અંતરને ભક્તિરસથી ભીંજાવી રહ્યો હતો...અંતરમાં શ્રી યમુનાજીના આધિભૌતિક...આધિદૈવિક સ્વરૂપનો વાત્સલ્યસભર આકાર હૈયામાં જ સ્થાપિત થઈ રહ્યો હતો...ત્યાં જ શ્રી વલ્લભ કેમ જાણે એમના હૈયાની વાત જાણી ન ગયા હોય...એમ હૃદયમાં સ્થિર થતા શ્રી યમુનાજીના ત્રિવિધ ભાવસ્વરૂપને કાવ્યદેહે પ્રગટ કરવાની આજ્ઞા આપી રહ્યા હતા...

"કૃપાનાથ...શું કરું...મારી આ હેતથી ઊભરતી મારી માવડીનું વર્ણન...બે કાંઠે - દિલ ખોલીને...વહાલપનાં વારિ વહાવ્યે જતી...આ લોકમાતા...તો...દેવોને પણ દુર્લભ છે...આપણને સૌને એનો પ્રેમપ્રસાદ આ ક્ષણે આપની કૃપાથી પ્રાપ્ત થયો છે...એની ભાવના...આનંદ કંઈક આ રીતે હૈયામાં જાગે છે..." કહેતાં પરમાણંદદાસે હાથમાંના તંબૂરના તાર પર એમની આંગળીઓ રમતી કરતાં પદ ઉપાડ્યું:

શ્રી યમુનાજી! યહ પ્રસાદ હોં પાઉં ।
તિહારે નિકટ રહો નિસી બાસર રામકૃષ્ણ ગુન ગાઉં ॥
મજ્જન કરોં બિમલ જલ પાવન, ચિંતા કલહ બહાઉં ।
તિહારી કૃપા તેં ભાનુતનયા હરિ પદ પ્રીત બઢાઉં ॥
બિનતી કરોં યહીં વર માંગો અધમ સંગ બિસરાઉં ।
પરમાણંદ ચારિ ફલદાતા મદન ગોપાલ લડાઉં ॥

"બિનતી કરોં યહીં વર માંગો અધમ સંગ બિસરાઉં - વાહ, પરમાણંદદાસ... યમુનામૈયા પાસે સરસ વસ્તુ માગી લીધી! આજના કળિકાળમાં "અધમ સંગ"થી ચેતતા રહેવું ખૂબ જરૂરી છે...કંઈ ઔર પદ ગાઓ...પરમાણંદદાસ...આજે જમુનામૈયાનાં દર્શન થતાં જ માતા સરસ્વતી તમારા અંતરમાં બિરાજી માની વંદના કરી રહી છે..." શ્રી વલ્લભ બોલી ઊઠ્યા...

અને પરમાણંદદાસના હૈયે "અધમ ઓધારણ" - સર્વનો ઉદ્ધાર કરતી - શ્રીજીબાવાને શરણે "જીવ"ને દોરી જતી યમુના-મૈયાનું રસભરી છબીનું ચિત્ર બંધ આંખો સામે ખડું થઈ ગયું. શ્રી યમુનાજીના આધિદૈવિક સ્વરૂપનાં દર્શન થતાં જ હૈયું ગાઈ ઊઠ્યું:

કાલિંદી કલિ કલ્મષ હરની ।
રવિ તનયા, જમ અનુજા, સ્યામા, મહાસુંદરી ગોવિંદ ઘરની ।।
જૈ જમુને શ્રી કૃષ્ણવલ્લભા પતિતન કો પાવન ભવ તરની ।
સરનાગત કૌં દેતિ અભયપદ, જનની તજત જૈસે સુતકી કરની ।।
સીતલ મંદ સુગંધ સુધાનિધિ ધારા ધરિ તપુ ઉતરી ધરનિ ।
પરમાનંદ પ્રભુ પરમ પાવની જુગ જુગ સાખી નિગમ નિત બરની ।।

ગોકુલનું આકાશ, સમગ્ર યમુનાતટ, જમુનાજલનો પ્રવાહ અને ગોવિંદઘાટ પર શ્રીવલ્લભનાં દર્શને આવેલા ગ્વાલબાલ, સૌ કોઈ દૂબળાપાતળા પરમાણંદદાસનાં પદો પર ઝૂમી ઊઠ્યા...

"પરમાણંદદાસ, તમારા પર શ્રીયમુનાજીની અનહદ કૃપા ઊતરી છે... નવનીતલાલજી અને બાલકૃષ્ણજીના ગોકુલધામમાં આપણે થોડો વિશ્રામ કરીશું. શ્રીગોકુળની નંદનંદનની બાળલીલાનાં પદો રચી, તમે લાડલેલાલને રીઝવજો."

- અને શ્રીવલ્લભે ભીતરની બેઠકમાં રાતવાસો કર્યો.

શ્રાવણ માસનાં સરવડાંથી વ્રજભૂમિ પ્લાવિત થઈ રહી હતી. સમગ્ર વ્રજમંડળ લીલોતરીની ઓઢણી ઓઢી હિલોળા લેતું હતું. જમુનામૈયા દોમદોમ સાહ્યબીથી...એમના જલપ્રવાહને બે કાંઠે વહાવ્યે જતાં હતાં. દાદુર મોર બપૈયાના ટહુકાથી વાતાવરણ ગુંજતું રહેતું હતું... અને શું કામ ન ગુંજતું રહે?

શ્રાવણ માસની અંધારી અષ્ટમી નજીક આવી રહી હતી. આઠમની રાત્રે જશોદાનો જાયો, નંદનો દુલારો, કૃષ્ણ-કનૈયો અવતાર ધારણ કરવાનો હતો. મથુરાની કંસભૂમિ ત્યજીને વ્રજભૂમિમાં વસુદેવજીના માથે છાબડામાં આનંદકલોલ્લ કરતો - ધોધમાર વર્ષાની જલધારાથી પ્લાવિત થતો, જમુનામૈયાના હૃદયસિંહાસને બિરાજી, જમુનાજલ પાર કરી "નંદનો દુલારો" બનવા ગોકુલ પધારવાનો હતો. અને આ બાળલીલાનું ગોકુળ પણ કેવું હતું?

ગોવિંદઘાટ પર શ્રાવણ વદ સાતમની સંધ્યાએ શ્રી યમુનાજીના જલપ્રવાહની

પાછળ વસેલા ગોકુળનાં દર્શન કરતાં, તંબૂરના તારે...એકલા એકલા ભાવવિભોર બની પરમાણંદદાસ ગણગણી રહ્યા હતા:

ગાવતિ ગોપી મધુ મૃદુ બાનિ ।
જા કે ભવન બસત ત્રિભુવન પતિ રાજા નંદ જસોદા રાની ॥
ગાવત વેદ ભારતી ગાવતિ ગાવત નારદાદિ મુની જ્ઞાની ।
ગાવત ગન ગંધર્વ કાલ સિવ ગોકુલનાથ મહાતમુ જાની ॥
ગાવત ચતુરાનન જગનાયક ગાવત સેસ સહસ્ર મુખ રાસ ।
મન ક્રમ બચન પ્રીતિ અંબુજ અબ ગાવત પરમાણંદદાસ ॥

શ્રી યમુનાજીની આરતીનાં દર્શન કરી પરમાણંદદાસ રાતના સત્સંગમાં શ્રી વલ્લભના નિવાસસ્થાને પહોંચ્યા અને જામેલી સત્સંગ-મંડળીનો માહોલ જોઈ આશ્ચર્ય પામ્યા.

આખુંય ગોકુળ ગામ ભીતરી બેઠકના પરિસરમાં ઊમટ્યું હતું. સૌ કોઈના ચહેરા પર આતુરતાભર્યો ઉત્સાહ તરવરતો હતો, ઉત્સવનું વાતાવરણ જામ્યું હતું.

આગ્રાથી ગજન ધાવન આવ્યા હતા. કૃષ્ણદાસ મેઘન, દામોદરદાસ હરસાણી, વાસુદેવ છકડા, યાદવેન્દ્રદાસ ઇત્યાદિ વૈષ્ણવો શ્રી વલ્લભને લગભગ ઘેરો ઘાલીને બેઠા હતા.

"આવો, પરમાણંદદાસ..." ભીતરી બેઠકના પરિસરમાં પ્રવેશીને દૂરથી શ્રીવલ્લભને વંદન કરતા પરમાણંદદાસ એક ખૂણામાં બેસવા જતા હતા ત્યાં જ શ્રીવલ્લભે એમને બોલાવ્યા.

પરમાણંદદાસ શ્રીવલ્લભની નજીક ગયા અને સાષ્ટાંગ દંડવત્ કરીને કૃષ્ણદાસ મેઘનની બાજુમાં બેઠા.

"પરમાણંદદાસ, આ છે આગ્રાના વૈષ્ણવ ગજન ધાવન..." શ્રીવલ્લભે પરમાણંદદાસની સામે જ બેઠેલા એક આધેડ વયના જાજરમાન વ્યક્તિત્વ ધરાવતા વૈષ્ણવનો પરિચય કરાવતાં કહ્યું.

"જય શ્રીકૃષ્ણ..." કહેતાં પરમાણંદદાસે કૃષ્ણદાસ મેઘન સામે જોયું. થોડાં વર્ષો પહેલાં શ્રી વલ્લભ આગ્રા પધાર્યા હતા ત્યારે ગજન ધાવન યમુનાકિનારે એકલા સૂનમૂન બેઠા હતા...કૃષ્ણદાસ મેઘનની નજર એમના પર ગઈ. ચહેરા પર વિષાદની કાલિમા પથરાયેલી હતી. આંખોમાંથી આંસુ પડવાનાં જ બાકી હોય એવું કૃષ્ણદાસ મેઘનને લાગ્યું.

ગજન ધાવન ક્ષત્રિય હતા. શ્રીમંત પિતાના ચાર બેટામાંના એ એક હતા. એક દિવસ ગજનના શ્રીમંત પિતાએ નાવમાં ભવૈયાઓનો નાચ કરાવ્યો, એમાં હાલકડોલક થઈ ગયેલી નાવ ડૂબી ગઈ. પચાસ-સાઠ માણસો એમાં ડૂબી ગયા. અર્ધી રાત્રે એ ગમખ્વાર બનાવ બન્યો હતો. આટલા બધા યાત્રીઓમાં, એક ગજન ધાવન તૂટેલી

નાવનો લાકડાનો ટુકડો હાથમાં આવતા તરીને કિનારે પહોંચ્યા. કુટુંબનાં બધાં જ સભ્યો ડૂબી ગયાં હતાં. એકલવાયા દુ:ખી જીવને કૃષ્ણદાસે જોયા અને આગ્રા પધારેલા શ્રી વલ્લભ પાસે લઈ આવ્યા. શ્રી વલ્લભે એમને શ્રીમદ્ ભગવદ્ ગીતાનો બોધ આપી, આ અસાર સંસારસાગર તરવા માટે શ્રીકૃષ્ણ જ સાચો સગો છે, રાહબર છે એ વાત કરી...અને ગજન ધાવનને બ્રહ્મસંબંધ આપી, મહાવનની ક્ષત્રાણીને બ્રહ્માંડઘાટ પર સ્નાન કરવા જતાં શ્રી યમુનાજીમાંથી ચાર સ્વરૂપો મળ્યાં હતાં, એમાંથી શ્રીનવનીતપ્રિયાજીને ગજન ધાવનને માથે પધરાવ્યા હતા.

ગજન ધાવન આગ્રાથી નવનીતપ્રિયાજીના સ્વરૂપને પધરાવી શ્રીવલ્લભને દંડવત્ કરવા આવ્યા હતા.

"જય શ્રીકૃષ્ણ, પરમાણંદદાસજી...તમારાં પદો પર આપણા ગુરુદેવ અને શ્રી ગોવર્ધનની કૃપા સારી ઊતરી છે...અમે આગ્રામાં ઠાકોરજીની સન્મુખ તમારાં, સૂરદાસજી-કુંભનદાસજીનાં પદો ગાતા હોઈએ છીએ. હું તો કૃપાનાથને વિનંતી કરવા આવ્યો છું કે આવતી કાલે "જન્માષ્ટમી" છે, તો ધામધૂમથી કૃષ્ણજન્મ ઊજવીએ..." ગજન ધાવન બોલ્યા.

"કૃપાનાથ...ગજન ધાવનનો વિચાર ખૂબ જ ઉત્તમ છે...આપની નિશ્રામાં "કૃષ્ણજન્મ"નો ઉત્સવ જરૂર ઊજવીએ."

"હા...હા...કૃપાનાથ...આપની ઉપસ્થિતિમાં આખોય ઓચ્છવ દીપી ઊઠશે..."

ગોકુલવાસી વૈષ્ણવો એકીઅવાજે બોલી ઊઠ્યા...

"ભલે...જેવી મારા ગોકુલનાથની ઇચ્છા!" કહેતાં શ્રીવલ્લભ ઊઠ્યા અને સમગ્ર વૈષ્ણવગણ ઉત્સવની તૈયારીમાં ઓતપ્રોત થઈ ગયો.

પ્રાત:કાલે બેઠકજીના પરિસરમાં મંડપ બંધાઈ ગયો...તોરણોનાં પુષ્પોની સુગંધથી વાતાવરણ મહેકી ઊઠ્યું. એક મટકીમાં "દધિ-કાદવ" કર્યો. પછી ઉપરણામાં શ્રીનવનીતપ્રિયાજીને પધરાવ્યા. ઉપરણાના એક બાજુના બે છેડા દામોદરદાસ અને કૃષ્ણદાસ મેઘને પકડ્યા, સામેના બે છેડા પરમાણંદદાસ અને વાસુદેવ છકડાએ પકડ્યા અને

"લાડલેલાલ કી જય"

"નંદ ઘેર આનંદ ભયો જય કનૈયાલાલ કી"

"જવાનન કો હાથી દિયો
બુઢ્ઢન કો દિયો પાલખી..."

આ આનંદોચ્ચારથી વાતાવરણ ગાજી ઊઠ્યું. બેઠકજીના પહેલા માળના ગવાક્ષમાંથી પારણામાં શ્રી વલ્લભના હાથે ઝૂલતા નવનીતપ્રિયાજી પર પુષ્પવર્ષા ગોકુલના ગ્વાલોએ કરી. ગજન ધાવન સાનભાન ગુમાવી નાચવા માંડ્યા...એમની સાથે ગોકુલની વ્રજબાળાઓ, ગોપીઓ પણ નૃત્ય કરવા માંડી...

નંદાલયની લીલાથી વાતાવરણ ધમધમી ઊઠ્યું...

"પરમાણંદદાસ, બાળલીલાનાં પદો સંભળાવો." - ઉપરણાના પારણામાં નવનીતલાલને ઝુલાવતા શ્રીવલ્લભે આજ્ઞા કરી અને પરમાણંદદાસનો મધુર કંઠ હવામાં વહેવા માંડ્યો...

"માઈરી કમલનૈન સ્યામ સુંદર ઝૂલત હૈ પલના ।
બાળલીલા ગાવતિ સબ ગોકુલ કી લલના ॥

અને

જશોદા તેરે ભાગ્યકી કહીય ન જાઈ ।
જો મુરતિ બ્રહ્માદિક દુર્લભ સો પ્રકટે હૈ આઈ ॥
સિવ, નારદ, સનકાદિ મહામુનિ મિલિવે કરત ઉપાઈ ।
તે નંદલાલ ધૂરિ સૂધર વપુ રહત કંઠ લપેટાઈ ॥
રતનજડિત પોઢાયે પાલને વદન દેખી મુસિકાઈ ।
ઝૂલો મેરે લાલ જાઉં બલિહારી પરમાણંદ બલિ જાઈ ॥

આ પદથી વ્રજમંડળ ઝૂમી ઊઠ્યું...બેઠકજીના સાંનિધ્યમાં વહેતાં શ્રીયમુનામૈયા પ્રચંડ આનંદઘોષ સાથે પ્રસન્નચિત્તે ઊછળવા માંડ્યાં...મોર, બપૈયા, કોકિલ, મેનાં, પોપટે કદંબની ડાળ પરથી એમનાં વિહગગાન આકાશમાં વહેતાં કર્યાં...અને પરમાણંદદાસના મુખેથી "પ્યારે હરિ કો જસ ગાવતિ ગોપાંગના"નું પદ ફોરી ઊઠ્યું. શ્રી વલ્લભનું શ્રીઅંગ નંદબાવાના આનંદનું શિખર બની ડોલવા માંડ્યું...

૭. આજ દધિ-મીઠો મદનગોપાલ...

ગિરિધર સબહી અંગ કૌ બાંકૌ ।
બાંકી ચાલ ચલત ગોકુલમેં છેલછબીલો કહાં કો
બાંકી ભોંહ ચરનગતિ બાંકી, બાંકો હૃદય હૈ તાકો
પરમાણંદદાસ કૌ ઠાકુર કિયો ખૌર વ્રજ સૌ કો

જન્માષ્ટમીનો ઓચ્છવ ધામધૂમથી સૌ કોઈના હૃદયમાં આનંદનો મહાસાગર છલકાવતો પૂરો થઈ ગયો. ગજન ધાવન ઠાકોરજીને પધરાવીને આગ્રા ચાલ્યા ગયા.

પરમાણંદદાસજી ક્યારેક વલ્લભઘાટ પર, તો ક્યારેક ઠકુરાણીઘાટ પર, તો ક્યારેક ગોવિંદઘાટ પર પ્રાતઃકાળમાં આવી ''ગોકુલ''ની ''છબી ન્યારી''ને જોતા શ્રી યમુનાજીનાં પદો એમના મધુર કંઠે ગાતા.

શ્રી યમુનાજી! દીન જાનિ મોહિ દીજે ।
નંદ કો લાલ સદાવર માંગો, ગોપિન કી દાસી મોહિ કિજે ॥
તુમ હો પરમ ઉદાર કૃપાનિધિ, ચરન સરન સુખકારી
તિહારે બસ સદા લાડિલિવર, વર્તત જાતિ ગિરિધરધારી

તો ક્યારેક ટેઢી ચાલ ચાલતા, ગૌચારણલીલામાં પધારતા કૃષ્ણ કનૈયાનાં દર્શન થતાં ''ગિરિધર સબહી અંગ કો બાંકૌ'' ગાઈ નાખતા.

શ્રીવલ્લભ રોજ સવારે નવનીતપ્રિયાજીને જગાડતા. શંખનાદના અવાજ સાથે જ પરમાણંદાસજી યમુનાતટ પરથી સીધા મંગલાનાં દર્શન કરવા પહોંચી જતા અને ''મંગલમુખી સદા સુખી''ના ભાવવિભોર નાદ સાથે

મંગલ આરતી કરિ મનમોર ! બ્રહ્મ નિસા બીતી ગયો ભોર ।
મંગલ વાજત ઝાલર તાલ મંગલરૂપ ઉઠૌ નંદલાલ ॥

અને ''બાલ કૌ મુખ દેખન હો આઈ'' તેમજ ''હો પરભાત સમૈ ઉઠી આઈ કમલનૈન દેખન કોં તિહારૌ મુખ'' જેવાં પદોથી નવનીતપ્રિયાજી સમક્ષ વ્રજના સૌંદર્યની લીલા ગાતા. આંખો સામે નંદાલય ખડું થઈ જતું...જશોદામૈયા એમના બાલકૃષ્ણને જગાડવા એમના હળવા હાથ લાલનના ગાલ પર પ્રસારતાં, નંદલાલનાં વાંકડિયાં ઝુલ્ફાંમાં એમની આંગળીઓ પ્રસારતાં કનૈયાની સ્વપ્નિલ આંખો ચૂમી લેતાં...

શ્રીવલ્લભ ''મંગલા''ની આરતી કરતાં, પરમાણંદદાસની એમના વ્હાલા નંદનંદન નવનીતપ્રિયાજીની ભક્તિ પર - ભક્તિરસ-સભર પદો પર પ્રસન્નતા અનુભવતા.

''કૃપાનાથ...''

એક દિવસ સવારના મંગળાનાં દર્શન પછી પરમાણંદદાસ વિહ્વળતા અનુભવતા શ્રીવલ્લભનાં ચરણમાં આળોટી પડતાં બોલી ઊઠ્યા. શ્રીવલ્લભે પરમાણંદદાસની

વિહ્વળતામાં ભક્તિરસની હેલી ચડેલી જોઈ. એમણે નીચા નમીને પરમાણંદદાસને ઉઠાડ્યા અને માથે હાથ મૂકતાં પૂછ્યું:

"પરમાણંદદાસ...આજ આટલા વિહ્વળ કેમ છો?"

"કૃપાનાથ...આ ગોકુળિયું ગામ...ખળખળ વહેતી મૈયા જમુનાનાં જલ, મીઠા દહીં જેવો મદનગોપાલ, અને બધા વચ્ચે પરમ કૃપાળુ આપ...અને આ પરમાણંદનો આયખાનો ખેલ, કૃપાનાથ, આપશ્રીનાં ચરણારવિંદમાં ખેલાતો રહે...હું મારા લાલાની લીલાને પામતો રહું...માણતો રહું...એવી કૃપા આપ કરો...તો બસ ભવસાગર તરી જાઉં!"

"પરમાણંદદાસ...આજ કાંઈ અચાનક...તમને આ વાત કરવાનો સોલો ક્યાંથી ચઢ્યો? તમે મારા હૈયામાં જ વસો છો...અને તમારા હૈયામાં વસે છે મારો નટખટ નંદકિશોર. નવનીતલાલની સેવામાં તો તમે પ્રવૃત્ત છો જ. તમારું મન...તમારું ચિત્ત...અત્યારે જ નહીં, સદાના માટે 'માનુષ જનમ ઔર હરિસેવા વ્રજ બસિવો'માં જ ઓતપ્રોત છે, પછી આ વિષાદ...આ મૂંઝવણ શાનાં છે?" - શ્રીવલ્લભ હસતાં હસતાં બોલ્યા.

"કૃપાનાથ, સાંભળ્યું છે કે આપ આવતી કાલે પ્રાતઃકાળે જતીપુરા - ગિરિરાજજી તરફ પ્રયાણ આદરી રહ્યા છો?"

"હા, મારો ગોવર્ધનનાથ...એના હાથ ગિરિરાજજીના શિખર પરથી ઊંચા કરી-કરી કેટલાય વખતથી બોલાવી રહ્યો છે...વૃંદાવનની રેણુ...કુંજગલીઓ મને સાદ પાડીને બોલાવી રહી છે, તો જવું તો પડશે જ ને! ગોકુલ અને ગિરિરાજ વચ્ચે મારી અને મારા વંશજની આવનજાવન તો થતી જ રહેવાની...પરંતુ તમને શેની ચિંતા થઈ...?"

"ચિંતા તો કાંઈ નથી...કૃપાનાથ...પણ મારે તમારી છાયા...તમારું સાંનિધ્ય છોડવું નથી."

"તો ચાલો અમારી સાથે ગિરિતળેટીમાં - શ્રી ગિરિરાજજીની છાયામાં...આપણા શ્રી ગોવર્ધનધરનાં ચરણમાં...રસ્તામાં મથુરા, મધુવન, કુમુદવન, વૃંદાવનની કુંજગલીઓમાં, ચન્દ્રસરોવરના શીતળ કાંઠે, રાસ રમતા કાન્હાને પણ ભેટશું." શ્રીવલ્લભ બોલી ઊઠ્યા..

પરમાણંદદાસજી આનંદવિભોર થઈ નાચી ઊઠ્યા...

"કૃપાનાથ, એક ઔર કૃપા આ દુષ્ટ જીવ પર કરો!" પરમાણંદદાસ આંખોમાં લોભિયાનું સ્મિત ઉછાળતા આનંદિત સ્વરે બોલી ઊઠ્યા.

"વળી શેની કૃપા જોઈએ છે તમારે? તમારા પર તો મારા નંદનંદન કૃષ્ણ કનૈયાની કૃપા તો છે જ..."

"પ્રભુ, મને આપણા નટખટ નંદકિશોરની લીલાનો અનુભવ કરાવવાની કૃપા કરો. હું નિત્ય શ્રીઠાકોરજીનાં દર્શન કરતો રહું, એની લીલાનો ગુણાનુવાદ મારા પદોમાં ગાતો રહું..." કહેતાં પરમાણંદદાસજીએ પદ ઉપાડ્યું:

યહ માંગો જસોદાનંદન ।
ચરન કમલ કેરો મધુકર, યહ છબિ નૈનન પાઉં દરસન ॥

"પરમાણંદદાસ, તમારા પર તો મારા નવનીતલાલની કૃપા ખૂબ જ ઊતરી છે. તમે "લીલા"ના જીવ છો. અને આ પદોનું અવતરણ તમને ભગવદ્-લીલાનાં સતત દર્શન આપણી આ વ્રજયાત્રા દરમિયાન થતાં જ રહેવાનાં...અને આ વ્રજભૂમિ... શ્રીકૃષ્ણની લીલાભૂમિ તો અદ્ભુત છે...અહીંના કણે કણમાં, પર્ણે પર્ણમાં, રજે રજમાં, શ્વાસે શ્વાસમાં મધુર મીઠો મદન ગોપાલ... મારો કૃષ્ણ વસે છે...અહીંનું બધું જ મધુર છે...બધું જ સુંદર છે, બધું જ પવિત્ર છે...સૂરદાસનું આ પદ તો તમે સાંભળ્યું હશે-

યહ બિધિ ક્રીડત ગોકુલમૈં, હરિ નિજ વૃંદાવન ધામ ।
મધુવન ઔર કુમુદવન સુંદર બહુલાવન અભિરામ ॥
નંદગામ, સાકેત, ખિદરવન ઔર કામવન ધામ ।
લોહવન, માટ, બેલવન, સુંદર ભદ્ર બ્રહદ વન ગામ ॥
ચોરાસી વ્રજ કોસ નિરંતર ખેલત હૈ બાલમોહન ।
સામવેદ, ઋગ્વેદ, યજુર્વેદ મેં કહેઉં ચરિત બ્રજમોહન ॥

આવા વ્રજમાં જેમ જેમ તમે વિહરતા રહેશો તેમ તેમ ભગવલ્લીલાના અનુભવો મારો વ્હાલો તમને કરાવતો રહેશે...અને તમારા હૈયામાંથી આપોઆપ પદોની રસલ્હાણ વહેતી રહેશે."

અને બીજે જ દિવસે પ્રાત:કાળમાં શ્રીનવનીતપ્રિયાજીનાં મંગળાની આરતીનાં દર્શન કરી, ગોકુલથી મથુરા થઈ, મધુવનમાં "મધુબનિયા" ઠાકુરનાં દર્શન કરી, સંઘ તાલવન થઈ કુમુદવનમાં પ્રવેશ્યો...અને આખુંય વાતાવરણ પલટાઈ ગયું...

"રામદાસજી..." શ્રીવલ્લભે રામદાસને યાદ કર્યા.

"આજ્ઞા, કૃપાનાથ..." રામદાસજી દંડવત્ કરતાં બોલી ઊઠ્યા. એટલી વારમાં તો કૃષ્ણદાસ, વાસુદેવ છકડા અને પરમાણંદદાસજી સહિત બધા જ વૈષ્ણવો શ્રીવલ્લભને વીંટળાઈ વળ્યા.

"રામદાસ...કૃષ્ણદાસ...પરમાણંદદાસ...આ કુમુદવન વ્રજનાં બાર વનોમાંનું એક વન છે...એક વખત ઠાકોરજી અને સ્વામિનીજીએ આ વનમાં વનવિહાર કર્યો હતો. પૂનમની ચાંદની આ ભૂમિ પર પૂરબહારમાં ખીલી હતી..સ્વામિનીજીને કોડ જાગ્યા કે આ ધરતી પર સરસ મજાનો કુંડ હોય, પૂનમની ચાંદનીમાં એમાં કમળનાં પુષ્પો હોય... ઠાકોરજી પ્રિયતમાનો મનોભાવ જાણી ગયા...અને કુમુદા અને કુમુદિની નામની બે સખીઓને આજ્ઞા કરી વિલાસકુંડ અને પદ્મકુંડનું સર્જન કર્યું...અને આ સખીઓનાં નામ પરથી આ વનવિસ્તારનું નામ કુમુદવન પાડવામાં આવ્યું." શ્રીવલ્લભ બોલ્યા.

"કૃપાનાથ...આ થોડે દૂર દેખાતી કદમખંડીના લાલ કદંબ પર ચઢીને નટખટ નંદકિશોરે - મદનગોપાલે વેણુનાદ કરી વ્રજભક્તોને બોલાવ્યાં હતાં...એ આ જ વનમાં

કે?" - પરમાણંદદાસે પૂછ્યું. આંખો સામે અડેલમાં શ્રીવલ્લભના શરણે આવતી વખતે શ્રીવલ્લભે પ્રેમપૂર્વક શ્રીમદ્ ભાગવતની અનુક્રમણિકાનું એમને કરાવેલું શ્રવણ આ ક્ષણોમાં સ્મૃતિપટ પર ઊપસી આવ્યું...આખુંય દશ્ય આંખો સામે ઊપસી આવ્યું.

"પરમાણંદદાસ...હા...આ જ એ લાલ કદંબ...આ જ કદંબની ડાળે મારા વહાલા મદનગોપાલે બિરાજી, વેણુનાદ કરી, વ્રજભક્તોને વનલીલા કરવા બોલાવ્યાં હતાં."

પરમાણંદદાસ શ્રીવલ્લભવાણી સાંભળી ભાવવિભોર થઈ ગયા...

"કાન્હા...તું ક્યાં છે? તારો વેણુનાદ સાંભળતાં જ અમે અહીં વનમાં દોડી આવ્યાં...અને નટખટ કનૈયા, તું ક્યાં છુપાઈ ગયો?"

વ્રજભક્તોનો વિરહી પ્રલાપ પરમાણંદદાસજીના કાને પડ્યો...અને વ્રજવાસીઓની વિરહાકુળ વ્યથા શબ્દોમાં સરી પડી...

બ્રજ મેં બાત પૈં રહી ।
સુમિરત હી સાલતિ ઉર અંતર મદન ગોપાલ કહી ॥
સુનિ રી સખિ બિથા યા તન કી જ્યૌં બન બેલિ દહી ।
"પરમાનંદ" સ્વામી કે બિછુરેં બન બન ફિરતી બહી ॥

"બિછુરેં બન બન ફિરતી રહી" - શબ્દો કેમ જાણે લાલ કદંબ પર છુપાયેલા કૃષ્ણ કનૈયાના હૃદયને હલબલાવી ગયા હોય, તેમ કૂદકો મારી વ્રજવાસીઓ વચ્ચે શ્રીકૃષ્ણ બંસરીનો નાદ સુણાવતા પ્રગટ થયા.

ચારેકોર આનંદનો સાગર ઊછળી ઊઠ્યો...

"અરે, કાના...અમે જો, તારા માટે છાક લઈને આવ્યાં છીએ" - વ્રજભક્તો છાકની મટુકીઓ એમના કૃષ્ણ મુરારિ સમક્ષ ધરી દેતાં બોલી ઊઠ્યાં. શ્રી વલ્લભે પરમાણંદદાસજીની ભાવવિભોરતા અને લીલાની આસક્તિ જોઈ...એમના પદમાંથી ઊભરી આવેલી વિરહવેદના જોઈ, રામદાસને બાજુમાં બોલાવી આજ્ઞા કરી:

"રામદાસ...કૃષ્ણદાસ...છાકલીલાના મનોરથનાં દર્શન તમે પણ તમારા ભાવવિભોર વિરહી હૃદયથી કરો..."

અને રામદાસજી અને અન્ય વૈષ્ણવોની આંખો સામે છાકલીલાનાં દૃશ્યો ખડાં થઈ ગયાં...આનંદવિભોર રામદાસજી ગાઈ ઊઠ્યા:

"કુમુદવન ભલી પહોંચી આઈ
સુફલ ભઈ યહ છાક તિહારી
લાલ કદંબ તર પાઈ"

લાલ કદંબની છાયામાં લાલો બિરાજ્યો...વ્રજવાસીઓ એની પ્રદક્ષિણા કરતાં એના મુખમાં દધિ મૂકતાં જાય...લાલાનો જયઘોષ બોલાવતાં જાય...લાલો એની વેણુ વગાડતો જાય...કોકિલાનો કલશોર, મયૂરના ઠેકા, બપૈયાના બોલથી વાતાવરણ દધિમય

દધિ ખાતા કનૈયામય બની ગયું અને ભાવવિભોર બની વ્રજવાસીઓ જેવા વૈષ્ણવોની સાથે શ્રીવલ્લભની આસપાસ નાચતા, કૂદતા, આંખો સામે "છાકલીલા"નાં દર્શન કરતા હતા. વ્રજવાસીઓ એમની મધુર વાણીથી "લાલા...લાલા...દધિમાં આંગળી નાખી તેં ચાખ્યું...કેવો સ્વાદ આવ્યો...કનૈયા...તારું એઠું દધિ અમને તો ખૂબ ભાવે, કનૈયા, અમને ચખાડને!" કહેતાં કનૈયાને એઠું દધિ આપવા વીનવતાં હતાં...

"જાઓ...વૃક્ષના પાંદડાના પડિયા બનાવી લાવો...હું તમને દધિ-પ્રસાદ આપું છું."

વ્રજવાસીઓ ઘેલાં ઘેલાં થતાં, પાંદડાં તોડી, એના દૂના બનાવીને કનૈયાનું એઠું દધિ લેતાં ગયાં..ખાતાં ગયાં...પાંદડાં ખલાસ થઈ ગયાં...એક સખો દોડતો પાછળથી આવ્યો. દધિ તો સફાચટ થઈ ગયું હતું. બિચારો નિરાશ થઈ કનૈયા પાસે આવ્યો અને સૂનમૂન ઊભો રહ્યો અને બોલી ઊઠ્યો:

"લાલા, મને દધિ આપ!"

"ખલાસ થઈ ગયું! પાંદડાના દૂના પણ નથી."

"લાલા, આ તારી હથેળીમાં જે દધિ ચોંટ્યું છે ને...એ મને ચાટવા આપ!"

કૃષ્ણ કનૈયાએ એક ક્ષણ માટે પેલા દીન મુખે - વિષાદભર્યા વદને ઊભેલા સખા સામે જોયું અને હથેળી ધરતાં નંદનંદન પ્રેમથી બોલી ઊઠ્યા:

"લે, ચાટી લે...અને કેવો સ્વાદ આવ્યો એ કહે!"

- અને પરમાણંદદાસજીનું કવિહૃદય હર્ષાન્વિત થઈ દ્રવી ઊઠ્યું...જાણે ભગવાન કૃષ્ણના એ જ સખા હોય...એમને જ હથેળીનું દધિ મદનગોપાલે ચટાડ્યું ન હોય...તેવો ભાવ અંતરમાં જાગતાં ગાઈ ઊઠ્યા:

આજ દધિ મીઠો મદન ગોપાલ ।
ભાવત મોહિ તિહારો જૂઠો, ચંચલ નયન વિશાલ ॥
આને પાત બનાયે દોના દિયો સબનકો બાંટ ।
જિન નહીં પાયો સુનોરિ ભૈયા મેરી હથેરી ચાટ ॥
બહુત દિનન હમ બસે કુમુદવન કૃષ્ણ તિહારે સાથ ।
ઐસો સ્વાદ હમ કબહુ ન ચાખ્યો, સુન ગોકુલ કે નાથ ॥
આપુન હંસત હંસાવત ગ્વાલન માનસ લીલારૂપ ।
"પરમાનંદ" પ્રભુ હમ સબ જાનન તુમ ત્રિભુવન કે ભૂપ ॥

"ઐસો સ્વાદ હમ કબહુ ન ચાખ્યો...સુન ગોકુલ કે નાથ"...છાકના પદની આ પંક્તિએ શ્રીવલ્લભને ડોલાવી દીધા. એ પરમાણંદદાસજીને ભેટી પડ્યા...

૮. વૃન્દાવન સો બન નહીં

"પરમાણંદદાસ !"

"આજ્ઞા, કૃપાનાથ !"

"જાગો...'ઐસો સ્વાદ કબહુ ન ચાખ્યો' ગાઓ છો...તો ક્યાંથી આવે આવો રસાસ્વાદ? મારા વહાલાની કોમળ હથેલી ઉપરનું એ દહીં ચાટન નહોતું...એ તો આખા ને આખા કૃષ્ણના રસાનંદ-સ્વરૂપ દૈવી દેહને તમારામાં સમાવી દેવાની, એકરૂપ - કૃષ્ણમય - કૃષ્ણરૂપ બની જવાની લીલા હતી..."

"કૃપાનાથ...છાકલીલા તો શ્રીકૃષ્ણના વનવિહારની રોજની લીલા છે. રોજ ગૌચારણ માટે કૃષ્ણકનૈયો એની બાલગ્વાલની ટોળી લઈને આ બધાં વનોમાં વિહાર કરે છે. રોંઢાટાણે સૌ કોઈ એ જ ખાખરાના પાનના પડિયામાં દહીં લઈને ખાય છે...તો આજે સ્વાદમાં કેમ ફેર પડી ગયો?" - શ્રીવલ્લભને સંઘમાં સાથે આવેલા એક વૈષ્ણવે પ્રશ્ન કર્યો.

શ્રીવલ્લભે વૈષ્ણવ પર કૃપાદૃષ્ટિ સ્થિર કરતાં, મુખારવિંદ પર એમનું નિર્મળ સ્મિત ફરકાવતાં કહ્યું:

"આપણું આ શરીર પંચમહાભૂતનું પૂતળું છે. ભૌતિક સ્વરૂપનો આ માનવદેહ પ્રાકૃત છે. આ પૃથ્વી પરના બધા જ પદાર્થો એ રીતે પ્રાકૃત - ભૌતિક છે. આપણે જે કાંઈ ખાઈએ-પીએ છીએ એ બધું જ પ્રાકૃત છે...દહીં પણ પદાર્થ રૂપે...ભૌતિક સ્વરૂપે આપણા શરીરમાંના પંચમહાભૂતના પોષણ માટે છે, જ્યારે બંસીધર નટખટ નંદકિશોર તો પરબ્રહ્મ પરમાત્મા છે. પૃથ્વી પરનો એનો અવતાર-દેહ તે પ્રાકૃત દેખાવા છતાં અપ્રાકૃત છે...દિવ્ય છે...અલૌકિક છે. એ બે તત્ત્વોનો બનેલો છે: રસ અને આનંદ...એટલે કે શ્રીકૃષ્ણ રસાનંદ-સ્વરૂપે છાકલીલામાં બિરાજતા હોય, ત્યારે એમની હથેળી પરનું દહીં પણ રસાનંદનું સ્વરૂપ હોય છે...અને એ રસાનંદની લ્હાણ પ્રભુ એના લાડલા એકાદ સખાને હથેળીનું દહીં ચટાડી કરાવે...ત્યારે જે રસાનંદનો સ્વાદ ભક્તને પ્રાપ્ત થાય એ તો પછી 'ઐસો સ્વાદ કબહુ ન ચાખ્યો' જ હોય ને? પ્રભુની લીલાનો પાર કોઈક જ લાડલો એનો ભક્ત પામી શકતો હોય છે. પરમાણંદદાસ, તમે પ્રભુના લાડલા છો, તો તમને એ રસાનંદનો સ્વાદ ચાખવા મળ્યો અને શ્રીકૃષ્ણના સ્વરૂપનો રસાનંદ પામી ગાઈ ઊઠ્યા: "ઐસો સ્વાદ કબહુ ન ચાખ્યો!" આ હૃદયની રસાનુભૂતિની આપોઆપ ઊપસી આવેલી વાણી હતી...પરમાણંદદાસ, તમે ધન્ય થઈ ગયા."

શ્રીવલ્લભના આનંદનો પાર નહોતો.

બાંકે બિહારી, કૃષ્ણમુરારિ...એમના શ્રીગોવર્ધનનાથ...એમના સેવકો પર કેવી કૃપાનું વર્ષણ કરી...લીલાનો રસાનંદ એમના જ સાંનિધ્યમાં કરાવે છે...જે "લીલા"

પણ એવી છે કે એનો પણ "સ્વાદ કબહુ ન ચાખ્યો" જેવો છે. પરમાણંદદાસ, સૂરદાસ, કુંભનદાસ...આ બધા જ એમના સેવકો...જેમના પર કૃપા કરી વ્રજનો બાંકે બિહારી...એમની લીલામાં પ્રવેશ કરાવે છે..

"આ બધી આપની કૃપાનું ફળ છે, કૃપાનાથ!"

"પરમાણંદદાસ...જીવનો અધિકાર પણ હોવો જરૂરી છે...તમે, સૂરદાસ, કુંભનદાસ, દમલા, કૃષ્ણદાસ...બધા સંપૂર્ણપણે કૃષ્ણરંગે રંગાયેલા મતવાલા જીવો છો. સર્વસ્વનું સમર્પણ કરી, એના આધારે, એની કૃપા પર જીવતા જીવો છો. આ દુનિયા, એના માણસો, એમના વ્યવહારોથી સાવ છૂટા પડી ગયેલા જીવો છો." શ્રીવલ્લભ બોલી ઊઠ્યા...

"કૃપાનાથ...હવે આપણું પ્રયાણ...રાસરાસેશ્વરની રાસલીલાની ભૂમિ વૃંદાવન તરફ જ હશે ને?" કૃષ્ણદાસે પૂછ્યું.

"હા, કૃષ્ણદાસ! આ વૃંદાવન એટલે તો મારા રાસબિહારી...નિકુંજનાયક કૃષ્ણકનૈયાની ભૂમિ...પરમાણંદદાસ, તમારા પદથી, ચાલો આપણે વૃંદાવનમાં પ્રવેશ કરીએ..."

શ્રીવલ્લભે આજ્ઞા કરી અને પરમાણંદદાસના મુખમાંથી પદ સરી પડ્યું:

લગે જો શ્રી વૃંદાવન કો રંગ
મનકે મેલ સબ છૂટ જહે, અરૂવિષયન કો સંગ

"અરૂવિષયન કો સંગ" છોડી, શ્રીવલ્લભના તાદશી વૈષ્ણવોની સંગાથે પરમાણંદદાસજીએ શ્રીકૃષ્ણચન્દ્રની રસલીલાના, રાસલીલાના પરમધામ વૃંદાવનમાં પ્રવેશ કર્યો...અને કદંબની ડાળે હુપાહુપ કરતા વાંદરાઓ, આંબાડાળે કૂજતી કોકિલાનું કૂજન, ગોપીજનોની કુંજગલીની આવનજાવન...અને વહેલી સવારના મહી વેચવા ચાલી નીકળેલી મહિયારીઓની આગળપાછળ ગળામાં પહેરેલી રૂપેરી ઘંટડીનો નાદ સુણી પરમાણંદદાસ વિહ્વળ બનતા-

બિમલ જસ વૃંદાવન ચંદ કૌ ।
કહા પ્રકાસ સોમ સૂરજ કૌ, જો મેરે ગોવિંદ કૌ ॥
કહતિ જસોદા ઔરન આગે વૈભવ આનંદકંદ કૌ ।
ખેલત ફિરત ગોપ બાલક સંગ ઠાકુર પરમાનંદ કૌ ॥

પરમાણંદદાસજી તો વૃંદાવનની કુંજગલીમાં, નિધિવનમાં હરતા, ફરતા, ખેલતા, ગોપબાળકોમાં એમના આનંદઘન બાલમુકુંદને શોધતા - સંઘની સાથે શ્રીવલ્લભની આજ્ઞા સાથે બંસીબટ પર પહોંચ્યા.

શ્રીવલ્લભે બંસીબટ પર પ્રવેશતાં જ વૃંદાવનની સૌંદર્યભૂમિનું વર્ણન વૈષ્ણવજનો સમક્ષ શ્રીમદ્ ભાગવતનો શ્રીશુકદેવજીનો પેલો અજર અમર શ્લોક -

“બર્હાપીડં નટવરવપુઃ કર્ણયો કર્ણિકારં ।
બિભ્રદ્વાસઃ કનકપીશ વૈજયન્તી ચ માલામ્ ॥
રન્ધ્રાન્ વેણોરધરસુધયા પૂરયન્ ગૌપવૃન્દૈઃ ।
વૃંદારણ્યં સ્વપદ-રમણં પ્રાવિશદ્ ગીતકીર્તિ ॥”

એમના મધુર કંઠે વહેતો કર્યો, ત્યારે પરમાણંદદાસજી શ્રીવલ્લભના દેદીપ્યમાન મુખારવિંદ સામે જોઈ રહ્યા...અને આંખો સામે મયૂરપિચ્છનો મુકુટ, બન્ને કાનમાં કરેણનાં પુષ્પો, પીળું પીતાંબર અને છેક ચરણ સુધી પહોંચે એવી વૈજયંતીમાલાને ધારણ કરનારા એવા “નટવરવપુ” - નટોમાં શ્રેષ્ઠ એવા ભગવાન શ્રીકૃષ્ણને વૃંદાવનમાં ગૌબાલકો અને વ્રજબાળાઓના સમૂહ સાથે પ્રવેશતા હોય એવાં શ્રીવલ્લભમાં દર્શન થયાં.

“પરમાણંદદાસ, શું વિચારી રહ્યા છો?” - શ્રીવલ્લભ એમના શિષ્યની વિહ્‌વળદશાને પામી જતાં બોલી ઊઠ્યા...

“કૃપાનાથ...કાંઈ નહીં...કાંઈ નહીં.” - અથરા થતા પરમાણંદદાસ સારસ્વત કલ્પના વ્રજમાંથી શ્રીવલ્લભના વ્રજમાં આવી પડતાં ક્ષોભ સાથે બોલી ઊઠ્યા.

“કૃપાનાથ, વ્રજના વૃંદાવન વિષે આપશ્રી કાંઈ કહો તો આ ભૂમિનું માહાત્મ્ય સમજાય...” કૃષ્ણદાસ મેઘન બોલ્યા.

“કૃપાનાથ, વૃંદાવનનો વિસ્તાર કેટલો? વ્રજમાં વૃંદાવન કેટલાં?” - અન્ય ભાવુક વૈષ્ણવ વાસુદેવ છકડા બોલી ઊઠ્યા.

શ્રીવલ્લભે વૈષ્ણવ-સંઘના દૈવી જીવો પર એમની કૃપાદૃષ્ટિ કરતાં પરમાણંદદાસ પર એમની આંખો સ્થિર કરી...અને બંસીબટની છાયામાં વૃંદાવનની રસભૂમિનું પાન કરતા પરમાણંદદાસજીની બંધ આંખો ખૂલતાં જ બોલી ઊઠ્યા:

“વૃંદાવન સો બન નહીં, નંદગાંવ સો ગાંવ ।
બંસીબટ સો બટ નહીં, કૃષ્ણ નાંવ સો નાંવ ॥

પરમાણંદદાસ, કૃષ્ણદાસ, દમલા...શ્રીકૃષ્ણની રમણલીલાની આ ભૂમિ પ્રકૃતિના ત્રણેય ગુણો રજસ, તમસ અને સત્વથી પર છે...માનવીનું ચિત્ત આ ભૂમિમાં પ્રવેશતાં જ ત્રણેય ગુણધર્મોથી પર થઈ જાય છે...કદંબડાળે, આંબાડાળે આપણા વ્હાલા કૃષ્ણને ગમતું વિહગગાન - આ વિહગો સારસ્વત કલ્પના ઋષિઓ હોવાને કારણે ઋચાગાન બની રહે છે. વૃંદાવન સર્વ સંપ્રદાયોના આચાર્યોનું પિયર છે...ભગવાન કૃષ્ણના સખા મહાજ્ઞાની ઉદ્ધવજી પણ કહે છે કે -

“અસામહો ચરણરેણુજુષામહં સ્યાં ।
વૃંદાવને કિમપિ ગુલ્મલતૌષધિનામ્ ॥

આપણે જે સ્થળે બેઠા છીએ એ બંસીબટ પાસે શ્રીકૃષ્ણે મહારાસ કર્યો હતો અને ભગવાન શંકર ગોપીરૂપ ધારણ કરી રાસમાં પ્રવૃત્ત થયા હતા. આજે પણ શંકર

ભગવાનનું એ સ્વરૂપ ગોપેશ્વર મહાદેવના નામે વૃંદાવનમાં નજીકમાં જ બિરાજે છે." અને પરમાણંદદાસજી પર નજર નાખતાં શ્રીવલ્લભે આજ્ઞા કરી: "પરમાણંદદાસ...કંઈક વૃંદાવનભૂમિ પર પદ સંભળાવો."

"જેવી, આજ્ઞા કૃપાનાથ!" કહી પરમાણંદદાસે એમના કંઠની મીઠી હલકે

ધનિ ધનિ વૃંદાવન વાસી
નિતપ્રતિ ચરનકમલ કે અનુરાગી
શ્યામા શ્યામ ઉપાસી

એ પદ શ્રીવલ્લભ અને ભક્તગણને સંભળાવ્યું.

શ્રીવલ્લભે "બંસીબટ"ની બેઠકમાં સાત દિવસનું શ્રીમદ્ ભાગવતપારાયણ કરી વ્રજવાસીઓનાં દિલ હરી લીધાં...આજુબાજુના વનપ્રદેશમાં વિહાર કરતાં, વૃંદાવનની દિવ્યતા પ્રાપ્ત કરતાં, શ્રીવલ્લભે બંસીબટના તટ પાસેથી વહેતાં યમુનાજીમાં સ્નાન કરી, યમુનાષ્ટકનો પાઠ કરી, વૃંદાવનની કુંજગલીઓની પદયાત્રા કરતાં વૃંદાવનની સ્તુતિ કરી:

વૃંદાવનેશ્વર, મુકુંદ મનોજ્ઞવેશ
વંશી વિભૂષિત કરામ્બુજ પદ્મનેત્ર
વિશ્લેષ, કેશવ, વ્રજોત્સવ, ભક્તિવશ્ય
દેવેશ પાંડવપતે મમ દેહિ દાસ્યમ્

વૃંદાવનેશ્વરનું આમ દાસત્વ સ્વીકારી...ભક્તિભાવથી આ ભૂમિ પર પ્રણિપાત કરતાં શ્રીવલ્લભે એમના વહાલા વૈષ્ણવો સાથે ગિરિરાજજી તરફ પ્રયાણ આદર્યું, ત્યારે સૌ કોઈના હૈયામાં તો સૂરદાસજીના પદની પંક્તિ -

એક પલક જો રહિયે, વૃંદાવન એક પલક જો રહિયે
જન્મ જન્મ કે પાપ કટત હૈ શ્રીકૃષ્ણ કૃષ્ણ મુખ કહિયે...

રમતી હતી...અને પરમાણંદદાસજીના હૈયામાં તો એ વખતે "ગિરિ પર ચઢિ ગિરિવર ધર ટેરેં" એ પદ ગુંજતું હતું. શ્રીવલ્લભનો સંઘ "ગિરિરાજધરણ શ્રીજી તુમ્હારે શરણ"ના નાદથી વનાંચલોને ભરી દેતો શ્રીગિરિરાજજી તરફ આગળ વધી રહ્યો હતો...

૯. માઈ મેરો માધૌં સે મન માન્યો

"માનસી ગંગા, શ્રી હરિ દેઉ, શ્રી ગિરિવરકી પરક્મા દેઉં ।
કુંડ કુંડ ચરનામૃત લેઉં, અપનો જનમ સુફલ કરી દેઉં ॥"

શ્રીવલ્લભ એમના વૈષ્ણવ સંઘ સાથે "ગિરિરાજધરણ શ્રીજી તુમ્હારે શરણ"ની ધૂન સાથે ગોવર્ધન ગામમાં પ્રવેશ્યા કે તુરત જ એમના અંતરમાં સ્થાનિક તીર્થગોરોના મુખેથી સાંભળવા મળતો ગોવર્ધન ગામનાં પ્રમુખ તીર્થોનો દોહરો યાદ આવી ગયો...અને પરમાણંદદાસ સામે કૃપાદષ્ટિ કરતા "માનસી ગંગા, શ્રી હરિ દેઉ"નો દોહરો બોલી ઊઠ્યા.

પરમાણંદદાસજી શ્રીવલ્લભના મુખેથી વહેલી વ્રજભાષાની માધુરી સાંભળતાં જ ચારે દિશામાં નજર ઘુમાવતા ઝૂમી ઊઠ્યા.

ગોવર્ધન ગામમાં પ્રવેશ કરતાં પહેલાં જમનાવતા ગામ યાદ આવતાં શ્રીવલ્લભે એમના પરમભક્ત શ્રીકુંભનદાસને યાદ કરતાં વૈષ્ણવમંડળીને કહ્યું હતું તે યાદ આવ્યું...

"આપણા કવિ કુંભનદાસનું આ ખેતર, આ કૂવો, આ એની મઢૂલી...અહીં મારો વહાલો ગોવર્ધનનાથ ગિરિરાજજી પરથી ઊતરી, કુંભનદાસ સાથે રમવા આવે છે. કુંભનદાસનો ઘોડો કરી એમના પર બિરાજતા શ્રીગોવર્ધનનાથજીના કૃપાપાત્ર સેવકનું આ ગામ છે."

"કૃપાનાથ...આવા તાદશી વૈષ્ણવનાં દર્શન ન થાય?" પરમાણંદદાસજી બોલ્યા. ગોવર્ધનનાથજીની સેવામાં આયખું ખપાવી દેનારા સૂરદાસજી અને કુંભનદાસજીનાં દર્શન કરવાની આતુરતા પરમાણંદદાસજીમાં ગોકુલથી પ્રયાણ આદર્યું ત્યારથી વધી ગઈ હતી...સૂરદાસે બાળલીલાનાં અને કુંભનદાસે યુગલલીલાનાં શ્રીજીબાવાનાં ચરણે ધરેલાં અનેક પદો પરમાણંદદાસના સ્મૃતિપટ પર વર્ષોથી અંકાઈ ગયાં હતાં.

"સાંઝ કે સાંચે બોલ તિહારે..." કે પછી "ભાવત હૈ તોહિ ટોંડ કો ઘનો" કે પછી "નૈન ભરી દેખ્યો નંદકુમાર" અને બાદશાહને મોઢામોઢ સુણાવી દીધેલું પેલું "ભક્તન કો કહાં સિકરી સે કામ..." પદે તો પરમાણંદદાસજીને પાગલ કરી દીધા હતા.

ચન્દ્રસરોવરમાં સ્નાન કરતાં આવી જ રીતે એમને સૂરદાસ યાદ આવી ગયા હતા...

"હોં હરિ સબ પતિતન કો ટીકો" ગાનાર દીન સૂરદાસનું નંદમહોત્સવ વખતે ગવાતું "વ્રજ ભયો મહરિ કે પુત", "ચકઈરિ ચલિ ચરન સરોવર", "અબ હૌં નાચ્યો બહુત ગોપાલ..." અને અકબર બાદશાહને સંભળાવી દીધેલી સૂરપચીસીના "મનારે! તું કર માધોં સે પ્રીત..." જેવાં સૂરદાસજીનાં અનેક પદો પરમાણંદદાસજીના કવિહૃદયમાંથી સ્મૃતિરૂપે ઊછળ્યાં હતાં...

શ્રીવલ્લભે અગાઉની શ્રીગોવર્ધનધરની થયેલી આજ્ઞા પ્રમાણે શ્રીગિરિરાજજીની યાત્રા વખતે પધાર્યા હતા ત્યારે સર્વદમન, નાગદમન અને ઇન્દ્રદમનના નામે ગિરિરાજજીમાં પ્રગટ થયેલા શ્રીગોવર્ધનનાથજી માટેનું નાનકડું મંદિર સિદ્ધ કરીને શ્રીજીબાવાને પધરાવ્યા હતા. શ્રીવલ્લભ એ વખતે આ બન્ને કવિઓના મધુર કંઠે વ્રજભૂમિની હવામાં ગુંજતાં પદોને સાંભળી, તેમણે સૂરદાસજી અને કુંભનદાસને આજ્ઞા કરતાં કહ્યું હતું કે -

"આપણા શ્રી ગોવર્ધનનાથજી આપણું સર્વસ્વ છે. તેમની સેવામાં તત્પર રહેજો. રામદાસ ચૌહાણ ઠાકોરજીની સેવામાં પહોંચશે. સૂરદાસજી અને કુંભનદાસજી, તમને ભગવદ્-સ્વરૂપની લીલાના પ્રત્યક્ષ અનુભવો શ્રીગોવર્ધનનાથજીની અનહદ કૃપાથી થયા છે, જેને તમે પદોમાં ગાઈને વ્રજભાષાની સમૃદ્ધિ વધારી છે...તમને બન્નેને રોજ સમા-સમાનાં કીર્તન ઠાકોરજીને ચરણે ધરી શ્રીગોવર્ધનાથજીને પ્રસન્ન રાખવાની સેવા સોપું છું." -

અને શ્રીવલ્લભના બે પરમ કૃપાપાત્ર ભક્તકવિઓ વહેલી સવારથી કીર્તન કરવા શ્રીજીબાવાના સાંનિધ્યમાં આવી જતા...અને નવાં નવાં પદો રચી શ્રીજીબાવાના ચરણે રજૂ કરી એમને રીઝવતા રહેતા.

ગોવર્ધન ગામમાં પ્રવેશતાં જ પરમાણંદદાસજીના હૈયામાં શ્રીવલ્લભના પ્યારા એવા આ સંતકવિઓ સાથે સત્સંગ કરવાની, એમને મળવાની તાલાવેલી ઊપડી હતી.

ગોવર્ધન ગામમાં માનસીગંગામાં પાન કરી, હરિદેવજીના મંદિરમાં મસ્તક નમાવી, શ્રી દાનઘાટી તથા દાનરાયજીના મંદિર તેમજ કુંડોમાંના પવિત્ર જલનું આચમન કરી, શ્રીવલ્લભની પાછળ પાછળ શ્રીગિરિરાજજીના નામનો જયઘોષ બોલાવતા વૈષ્ણવો સાથે શ્રી ગિરિરાજજીની તળેટીમાં દંડવતી શિલા પાસે આવીને ઊભા અને શ્રીવલ્લભે "શ્રીગોવર્ધનનાથ કી જય" બોલાવી ત્યારે આંખોમાંથી અશ્રુધારા વહાવતાં પરમાણંદદાસજીએ શ્રીગિરિરાજજીનાં ભવ્ય દર્શન કરતાં દંડવતી શિલાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને શ્રીગિરિરાજજી ઉપર પહોંચ્યા. સ્નાન કરી શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરતાં...સાનભાન ગુમાવી શ્રીજીબાવાના ચરણે ઢળી પડ્યા. આંખોમાંથી અનર્ગળ અશ્રુધારા વહેવા માંડી. જનમજનમથી ઝંખેલું શ્રીજીબાવાનું મધુર સ્વરૂપ આંખો સામે હસી રહ્યું હતું...ઉત્થાપનનાં દર્શનનો સમય હતો. ઉન્નત ભાવાવેગમાં સરી પડેલા પરમાણંદદાસજીને શ્રીવલ્લભે ખભે હાથ મૂકીને મૃદુ સ્વરે આજ્ઞા કરી:

"પરમાણંદદાસ...કંઈક ભગવલ્લીલાનાં પદોથી મારા શ્રીજીબાવાને પ્રસન્ન કરો...શ્રીગોવર્ધનનાથજીને તમારાં પદો સંભળાવો."

"પ્રભુ...હું પામર જીવ...શું ગાઉં? મારે જીભ તો એક જ છે...જ્યારે આ બાવરાં નયનો સામે શ્રીગોવર્ધનનાથજીનાં અનેક સ્વરૂપો ખીલી રહ્યાં છે - ક્યાંક ગોપીઓની મટુકી ફોડતા નટખટ નંદકિશોરના 'નવનિકુંજ રેં ગૌરસ્યામ' તન વારંવાર

દેખાય છે, તો ઘડીકમાં હાલરે હુલરાવતી માતાનો કાનુડો દર્શન દે છે...તો ઘડીકમાં... "અપને લાલ કો બ્યાહ કરોંગી બડે ગોપકી બેટી" સાથે - વૃષભાણની રાધા સાથે રાસલીલા રમતા..."હજાર નામ" ધરાવતા આ કાનુડાની લીલા, કૃપાનાથ, એવી છે કે મારી તો કલ્પના સ્થિર થઈ જાય છે, બુદ્ધિ વિક્ષિપ્ત થઈ જાય છે...શું ગાઉં અને શું ન ગાઉં, એની કાંઈ સમજણ જ પડતી નથી...પરંતુ કૃપાનાથ, આપે જ્યારે આજ્ઞા જ કરી છે... તો કાંઈક ગાવું તો પડશે જ ને...આપની કૃપાથી...પ્રેરણાથી એવું પદ રજૂ કરું કે પહેલાં અવતારલીલા, પછી કુંજ-લીલા અને પછી ચરણવંદના...અને પછી "સબહી અંગ કૌ બાંકો" ગિરિધરનું સ્વરૂપવર્ણન અને પછી માહાત્મ્ય સહિતની ઠાકોરજીની લીલાનું પદ આપણા "બડે ઠાકુર"ના ચરણારવિંદમાં રજૂ કરું?"

"જરૂર જરૂર...પરમાણંદદાસ...તમારા હૈયામાં જે કાંઈ સ્ફુરે એ ગાઓ...મારો ગોવર્ધનનાથ ખૂબ જ કૃપાળુ છે... જલદી રાજી થઈ જશે." - શ્રી વલ્લભ બોલ્યા. અને પરમાણંદદાસજીએ પદ ઉપાડ્યું:

મોહન નંદરાઈ કુમાર ।
પ્રકટ બ્રહ્મ નિકુંજ નાયક ભક્ત હિત અવતાર ।।
પ્રથમ ચરનસરોજ વંદો, સ્યામ ધન ગોપાલ ।
મકરકુંડલ ગંડમંડિત ચારૂ નૈન બિસાલ ।।
બલરામ સહિત વિનોદલીલા સેસ શંકર હેત ।
દાસ પરમાણંદ પ્રભુ હરિ નિગમ બોલત નેતિ ।।

અને પરમાણંદદાસજીએ નેત્રો બંધ કરતાં ભાવસમાધિમાં લીન થતાં અંતરની આરઝૂ વ્યક્ત કરતાં ગાયું:

"માઈ મેરો માધૌં સો મન માન્યો...
અપનો મન ઔર વા ઢોટા કૌં એકમેક કરી સાન્યો ।।
લોક વેદકી કાનિ તજી મૈં જ્યોતિ આપુને આન્યો ।
એક ગોવિંદચંદ કે કારન બૈર સબન સોં ઠાન્યો ।।
અબ ક્યોં ભિન્ન હોઈ મેરી સજની, દૂધ મિલ્યૌ જ્યોં પાયો ।
પરમાણંદ મિલે હૈ ગિરિધર, હૈં પહેલો પહચાન્યો ।।

શ્રી વલ્લભનું હૈયું જ્ઞાનસભર ભક્તિનાં પદો સાંભળી દ્રવી ઊઠ્યું અને શ્રીગોવર્ધનનાથજીની શયન આરતીનું "પૌઢે રંગ મહલ ગોવિંદ" સાંભળીને શ્રીવલ્લભ પરમાણંદદાસજીને ભેટી પડ્યા અને બોલી ઊઠ્યા:

"ધન્ય છો, પરમાણંદદાસ...આજથી સૂરદાસ-કુંભનદાસની સાથેસાથે તમને પણ હું સમા-સમાનાં પદો રચવાની સેવા સોંપું છું. શ્રીગોવર્ધનનાથજીને રીઝવતા રહો...આયખું સુધરી જ નહીં જાય...તમારો તો બેડો પાર થઈ જશે."

અને શ્રીગોવર્ધનનાથજીને પોઢાડીને શ્રીવલ્લભ અનોસર કરી શ્રીગિરિરાજજીની

તળેટીમાં ઊતરીને આવી પહોંચ્યા. એક નજરે આજુબાજુ દર્શનાર્થે એકત્રિત થયેલી વૈષ્ણવમંડળીને જોઈ રહ્યા. એમના સેવક પરમાણંદદાસજી તો પદ પૂરું થતાં એક ખૂણામાં ઊભા હતા.

શ્રી વલ્લભે રામદાસ ભીતરિયાને બોલાવીને કહ્યું: "રામદાસ, પરમાનંદદાસજીને પ્રસાદી દૂધ મોકલી આપો."

રામદાસે પ્રસાદી દૂધ મોકલ્યું. જલગરિયાએ નમ્રભાવે પ્રસાદી દૂધ દેવા હાથ લંબાવ્યો...અને હાથનો સ્પર્શ થતાં જ ગરમ દૂધ હોવાના કારણે એને ઠંડું કરીને પ્રસાદી રૂપે લીધું અને શ્રીવલ્લભ પાસે જઈને ઊભા રહ્યા:

"પરમાણંદદાસ, દૂધ લીધું? કેવું લાગ્યું?"

"કૃપાનાથ, ઠાકોરજીને ધરેલું દૂધ ગરમ હતું."

શ્રીવલ્લભ ચિંતામાં પડી ગયા. અંતરમાં ધ્રાસકો પડ્યો. એમણે તરત જ ભીતરિયાને બોલાવી પ્રશ્ન કર્યો:

"તમે શ્રીજીબાવાને આટલું ગરમ દૂધ ધરો છો? તે ઠરે પછી જ દૂધ ધરવું જોઈએ."

ભીતરિયાઓ નતમસ્તકે એમના યથાસ્થાને પહોંચી ગયા. શ્રીવલ્લભ "દૂધલીલા" કરી એમના સ્થાને પહોંચે એ પહેલાં પરમાણંદદાસજીને નજીક બોલાવી શ્રીવલ્લભે કૃષ્ણદાસને કહ્યું:

"કૃષ્ણદાસ...આજથી પરમાણંદદાસ સુરભિકુંડ પરના સ્થળે નિવાસ કરશે. અને રોજ સવારસાંજ શ્રીજીબાવા સમક્ષ કીર્તનસેવા કરશે."

અને એ રાત્રે સુરભિકુંડના તમાલવૃક્ષની નીચે બાંધેલી કુટિરમાં દિવસ દરમિયાન પરમાણંદદાસે દૂધરૂપી પીધેલા અધરામૃતની પ્રસાદીનો લીલારસરૂપે અનુભવ થયો અને ઓચિંતા દર્ભાસનમાંથી બેઠા થઈ ગયા...મઢૂલીની બહાર શુક્લપક્ષની ચાંદનીમાં સુરભિકુંડનાં જલ હિલોળા લેતાં હતાં. મંદ મંદ સમીરની લહરો શ્યામતમાલનાં વૃક્ષોનાં પર્ણોને મધુર સંગીત સાથે ઝુલાવી રહી હતી.

સરસ મજાનું વાતાવરણ કવિહૃદયને સ્પર્શી ગયું અને પરમાણંદદાસજીનું ડોલતું અંતર ગાઈ ઊઠ્યું:

આનંદસિંધુ બઢયો હરિ તનમેં ।

અને એ પદ પૂરું થતાં જ બહાવરાં નયનો...આકુળવ્યાકુળ હૈયું...આંખો સામે ખડા થઈ ગયેલા શ્રીગિરિરાજની કંદરામાંથી પરમાણંદદાસજીને નાનકડું બાલ મનોહર સ્વરૂપ ઠુમક ઠુમક ચાલે એમના તરફ આવતું દેખાણું...ખભે કાંબળી, માથે મુગટ, ગળામાં વૈજયંતીમાલા...પીળી પીતાંબરી, હાથમાં લાકડી...સાથે શ્રીગોવર્ધનનાથજીને એમના તરફ પધારતા નિહાળતાં જ પરમાણંદદાસજી ભાવવિભોર બની...ઊભા થઈ...હાથમાં તંબૂર ઝુલાવતા ગાઈ ઊઠ્યા...નાચી ઊઠ્યા...

પિય મુખ દેખત રહિયે ।
નૈનનકો સુખ કહત ન આવે, જા કારન દુઃખ સબ હિ સહિયે ॥
સુનો ગોપાલ લાલ પાંઈ લાગો ભલી પોચ લે બહિયે ।
હો આસક્ત ભઈ યા રૂપ હિ બડે ભાગિ તૈં લહિયે ॥
તુમ બહુનાયક ચતુર સિરોમનિ મેરી બાંહ દૃઢ ગહિએ ।
પરમાણંદસ્વામી મનમોહન તુમહિ પૈં નિરબહિયે ॥

શ્રી ગોવર્ધનાથજી એમની ગ્વાલટોળી સાથે સુરભિકુંડ તરફ એમની ઠમકતી ચાલે આવી રહ્યા હતા, ત્યાં જ પરમાણંદદાસજીની આંખો સુરભિકુંડની કદમખંડીની દિશામાં થયેલા ફફડાટ પર ગઈ...અને...પરમાણંદદાસજીના દેહનું અનુસંધાન છૂટી ગયું...

આંખો સામે મલપતી ચાલે, ગૌરાંગી વ્રષભાણની બેટી રાધિકા માથે મટુકી મૂકી...એની સખીઓ વિશાખા, ચંપકલતા, ચન્દ્રભાગા, લલિતાજી ઇત્યાદિ સાથે મલપતી ચાલે સુરભિકુંડ પધારી રહ્યાં હતાં. શ્રી ગોવર્ધનનાથજી પણ એમના સખાઓ સાથે સુરભિકુંડ તરફ આવી રહ્યા હતા. સુબાહુ, શ્રીદામા, અર્જુન, ભોજ અને બીજા અનેક ગ્વાલ સખાઓ શ્રીગોવર્ધનનાથની સંગે આનંદકલ્લોલ કરતા સુરભિકુંડના કિનારે પહોંચ્યા અને મટુકીધારી ગોવાલણોને ઘેરી વળ્યા.

પરમાણંદદાસની આંખો તો ચકાચૌંધ થઈ ગઈ...સાનભાન ગુમાવી બેઠેલા પરમાણંદદાસને પ્રિય-પ્રિયાનાં આમનેસામને મિલનનાં દર્શન થતાં જ અંતર રાધિકાના હૈયાના મનોભાવને વર્ણવતું ગાઈ ઊઠ્યું:

મોહન કો મુખ દેખત રહી રી
ચલિ ન સકતી મનકી ગતિ થાકી
નંદકિશોર સનેહ ગહી રી

અને નિકુંજનાયક સાંવેરે ગિરિધારી હાથમાં રમતી મુરલીને મટુકી પર મૂકતાં પરમાણંદદાસ મધુર કંઠે બોલી ઊઠ્યા:

અહો નાગરી ગોવર્ધન - ગિરિ - કી
બિનું લાહૈં ક્યોં ઉતરેગી ઘાટી
સમૌ છાંડિ દધિ બેચની આઈ કહિ સુંદરી
કૌન મિસ ઠારી
રસિક રાઈ તબ દેખ્યો ચાહત
તેરી મથનિયા મૌઠિ કે ખાટી
હજારૌ દાન જાત વ્રજ સુંદરી
પરમાણંદ પ્રભુ ઈહિ મિસ ડાટી.

અને ગોરી રાધાએ માથેથી મટુકી ઉતારી, ખૂબ જ પ્રેમથી કશા જ પ્રતિકાર વગર એના સ્વહસ્તે શ્રી મદનગોપાલ શ્રી ગોવર્ધનધરને અને સખાઓને માખણ આરોગાવ્યું...અને પરમાણંદદાસજીના મુખમાંથી રાધાજીની અંતરની વાણી સરી પડી:

લેહુ દહી કાન્હ લેહુ દહી
મેરે સંગ કી દૂરિ નિકસી ગઈ
સબનિ છાંડિ હૌં હી આનિ ગહી ।

ઠમકતી
ખંડીની
ન છૂટી

મટુકી
મલપતી
ો સાથે
અનેક
કિનારે

બેઠેલા
ધિકાના

ર મૂકતાં

૧૦. મદનગોપાલ કાહુકિ રાખત નાહિ કાની

ગિરિરાજજીની કંદરામાંથી ટેહુક ટેહુક મોરના ટહુકા ગહેકી ઊઠ્યા. આંબાડાળેથી કોકિલા કૂજી ઊઠી. બ્રાહ્મમુહૂર્તને વધાવતાં પ્રાત: સમે શ્રીવલ્લભપ્રભુને યાદ કરતાં પરમાણંદદાસજી એમની દર્ભની પથારીમાંથી બેઠા થઈ ગયા. સુરભિકુંડના જલની લહેરોને હિલોળા લેતી મુગ્ધભાવે જોઈ રહ્યા. સુરભિકુંડની કદમખંડીમાંથી કુંડની પાળ પાસે આવી પહોંચેલા પરમાણંદદાસજીના આગમનને વધાવતા મોરલા ટહુક્યા. કુટિરની બાજુના તમાલવૃક્ષ સાથે બાંધેલી ગાયે એનું ડોકુ ધુણાવી ગળામાં બાંધેલી ઘંટડીના રવથી પૂર્વ દિશાના આકાશમાં પથરાયેલી ઉષાની લાલિમા પર ઘંટડીના રણકાને મઢી દીધા. પરમાણંદદાસજીએ સુરભિકુંડનાં પગથિયાં ઊતરી, જલ માથે ચઢાવ્યું, આંખો પર છાંટ્યું, પાદ-પ્રક્ષાલન કર્યું અને એ જ ધીમા પગલે પીઠ ફેરવી અને આંખો સામે શ્રીગિરિરાજજીની પર્વતમાળા પથરાઈ ગઈ...શ્રીવલ્લભ યાદ આવી ગયા...અને શ્રીવલ્લભવાણી...શ્રીગિરિરાજજીની સ્તુતિ કરતી વાણી મુખમાંથી સરી પડી...

''ભક્તાભિલાષા ચરિતાનુસારી દુગ્ધાદિચૌર્યેણ યશોવિસારી ।
કુમારિતા નન્દિતઘોષ નારી મમ પ્રભુ: શ્રીગિરિરાજધારી... ॥

હૃદયની આર્દ્રતા કંઠમાં ગહેકી ઊઠી...

''શ્રી ગિરિરાજધાર્યષ્ટકમ્''ના એક પછી એક શ્લોક પરમાણંદદાસજીના મધુર કંઠે વાતાવરણમાં પ્રચ્છન્નપણે વહેવા માંડ્યા...

આવા ગિરિરાજજીની ગોદમાં શ્રીગોવર્ધનધર બિરાજતા હતા. પ્રાત:કર્મ પતાવીને સ્નાનાદિક કાર્ય કરી, પરમાણંદદાસજી મંગલાનાં દર્શન કરવા - દંડવતી શિલાની પરિક્રમા કરી - શ્રીમુખારવિંદનાં દર્શન કરી...શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં જવા હજી તો એમનાં ચરણ ખૂબ જ સાવધાનીપૂર્વક ગિરિરાજજી પગ માંડતા હતા...ત્યાં જ જતીપુરાના પાદરમાં ઢોલ ઢબૂકવા માંડ્યા. ડંકાનિશાનના અવાજ કાને પડ્યા. પરમાણંદદાસજી વિચારમાં પડી ગયા...

''અરે, હમણાં તો કાંઈ શ્રીજીબાવાનો કોઈ મનોરથ આવતો નથી ત્યાં જતીપુરાના પાદરમાં વળી ડંકાનિશાનના આ અવાજ ક્યાંથી આવ્યા?'' એવું વિચારતા હતા, ત્યાં જ બેચાર વ્રજવાસીઓ ''મુખારવિંદ''નાં દર્શન કરતા બોલી ઊઠ્યા:

''અરે, પરમાણંદદાસજી, ઓડછા કે મહારાજા શ્રીજીબાવાકો દર્શન કરને આયો હૈ, સાથમેં મહારાણી ભી હૈં.''

''અચ્છો હુવો'' કહેતાં પરમાણંદદાસજી તો ઉત્થાપનનાં દર્શન કરવા નિર્લેપભાવે શ્રીગોવર્ધનનાથજીના મંદિરમાં પહોંચી ગયા.

આ બાજુ મહારાજાનો પડાવ સુરભિકુંડ પાસે પડ્યો. રાવટીઓ અને તંબૂઓ નંખાઈ ગયા. ઉત્થાપનનાં દર્શન કરવા રાજા તૈયાર થઈ ગયા. ભક્તિનો જીવ હતો.

શ્રીવલ્લભ અને શ્રીગોવર્ધનનાથજી પર એમની અનન્ય શ્રદ્ધા હતી...રાજા તૈયાર થઈને રાણીની રાવટીમાં પહોંચ્યા...

“ઉત્થાપનનાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવા ચાલો...સમય થઈ ગયો છે.”

રાણીએ રાજા સામે નજર કરી. ચહેરા પર રજપૂતી મર્યાદાનું હીર ચમકી રહ્યું હતું.

“મહારાજ, આપ પધારો...હું તો અહીંથી જ શ્રીજીબાવાનાં દર્શન કરી લઈશ.” રાણી બોલ્યાં.

“કેમ-કેમ? છેક ઓડછાથી આપણે વ્રજયાત્રાએ નીકળ્યાં ત્યારે આપણી સૌની તીવ્ર ઇચ્છા તો ગોવર્ધનધર શ્રીજીબાવાનાં દર્શનની જ હતી...અને આંહીં છેક એમના શરણમાં આવી તમારે શ્રીજીબાવાનાં દર્શન કરવા નથી આવવું, રાણી?” રાજાને આશ્ચર્ય થયું.

“મહારાજ...આપણી રજપૂત પરંપરા સાચવીને જો શ્રીવલલભ પડદામાં દર્શન કરાવે તો હું દર્શન કરવા આવું...આટલા બધા પુરુષ વૈષ્ણવો વચ્ચે મારી લાજમર્યાદા મૂકીને શ્રીજીબાવાનાં દર્શન કેમ કરું?”

“અરે, રાણી...આ તો વ્રજના ઠાકોર કહેવાય...ચૌદલોકના બ્રહ્માંડનો સ્વામી, અહીં તો સર્વદમન, દેવદમન અને ઇન્દ્રદમન બની નિર્દોષ બાલસ્વરૂપે લીલામાં વિહરતા શ્રીગોવર્ધનધરનાં દર્શનમાં લાજમર્યાદા ક્યાં આવી...”

“ના...હું મારી લાજમર્યાદા કોઈ કાળે નહીં મૂકું. તમે મારા વતી શ્રીવલ્લભને વિનંતી કરો કે મને શ્રીગોવર્ધનનાથજીના ભીતરમાં - પડદામાં બધાંથી પહેલાં દર્શન કરાવે.” રાણીએ રાજહઠ - સ્ત્રીહઠ પકડી.

“રાણી...વ્રજના ઠાકુર આગળ - શ્રીવલ્લભ પ્રભુ આગળ સૌ સમાન છે...આપણે રાજકુટુંબનાં એટલે આપણે વિશિષ્ટ અધિકારનો હક્ક કરી આ રીતે ભીતરમાં - પડદામાં ઠાકોરજીનાં દર્શન માગવાનો અધિકાર માગીએ - એ યોગ્ય નથી થતું. શ્રીગોવર્ધનનાથજીના દરબારમાં તો રાજા અને રંક સૌ સરખા...” રાજા બોલ્યા.

પરંતુ રાણીનું “ઊંહું” મટ્યું નહીં. એની સ્ત્રીહઠ આગળ રાજાને એનાં હથિયાર હેઠાં મૂકવાં પડ્યાં અને દીનભાવે શ્રીવલ્લભ પાસે પહોંચી દંડવત્ કરતા લાચાર અવાજે બોલ્યા:

“કૃપાનાથ...ઉત્થાપનનાં દર્શનનો સમય થઈ રહ્યો છે...અને રાણી હઠ લઈને બેઠાં છે.”

“શેની હઠ, રાજન્!” મંદમંદ સ્મિત વેરતા શ્રીવલ્લભ બોલ્યા.

“બસ, એને તો શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન સૌથી પહેલાં ભીતરમાં - પડદામાં કરવાં છે” રાજા બોલ્યા.

"પણ એમ કેમ બને...મારો ગોવર્ધનધર તો રાજા અને રંક સૌ કોઈ પર સમાન કૃપાદૃષ્ટિ વરસાવતો દેવ છે...એને માટે રાણી કે નોકરાણીમાં કાંઈ જ ફેર નથી હોતો...રાણીને કહો કે શ્રીજીના દરબારમાં સૌ કોઈ સરખાં છે...અહીં સ્ત્રીપુરુષના, રાજા-રંકના કોઈ ભેદભાવ નથી...અહીં તો વ્રજના એક પુરુષ...શ્રીનાથજીને સૌ કોઈ ગોપીભાવે...સ્ત્રીભાવે...દર્શન કરવા - એનું સર્વસ્વ સમર્પણ કરવા આવે છે...અહીં તો એક એક ગોપીનો...એક એક કાન બિરાજે છે...અને એક એક ગોપી એટલે આપણે સૌ વૈષ્ણવજનો..."

"મહારાજ...શું કહું આપને? આ બધું રાણીને સમજાવ્યું, પરંતુ પેલી લાજમર્યાદાની રજપૂતી ટેક છોડવા રાણી તૈયાર નથી...મને તો, કૃપાનાથ...આ રાણી છેક પ્રભુના મુખચન્દ્રનું દર્શન કરવા - ભક્તિના કાંઠે આવીને દર્શન કર્યા વગર, ભક્તિરસનું પાન કર્યા વગર...એક એના અહંના કારણે - હઠના કારણે - તળાવેથી તરસી પાછી ફરશે એનું દુઃખ - એનો દંશ રહી જશે. કૃપાનાથ, કાંઈક તોડ કાઢો! અજ્ઞાની જીવના અજ્ઞાન સામે ન જુઓ!" - રાજા કરગરી ઊઠ્યા.

શ્રી વલ્લભે એક પળ પૂરતી આંખો બંધ કરી...

વૈષ્ણવ રાજાની લાચારી, અવિવેકી રાણીને ધર્મમાં ઊંડે ઉતારવાની એની પ્રબળ ઇચ્છા, રાણીના જીવનો ઉદ્ધાર કરવાની અદમ્ય ઝંખના જોઈ ધીમા અવાજે શ્રીવલ્લભ બોલી ઊઠ્યા:

"રાજાજી...તમારી લાચારી, વેદના અને એક અણસમજુ વૈષ્ણવને યોગ્ય માર્ગે લાવવાની ભાવનાની તીવ્રતા જોતાં આપણા સંપ્રદાયની "સર્વ સમાન મારા શ્રીજી પાસે"ની એક પ્રણાલિકા સાથે એક ભટકતા જીવનો ઉદ્ધાર કરવા માટે...ખાસ રાણી માટે...પ્રણાલિકા તોડવાનો વેદનાપૂર્ણ નિર્ણય લઉં છું...મને ડર છે કે મારાથી શરૂ થતી...આ ભીતરમાં ખાસ વ્યક્તિઓને દર્શન કરાવવાની પ્રથા...મારી પછીની સંપ્રદાયમાં આવી રહેલી પેઢી...મારા વારસો...અપનાવી...લેશે...પરિણામે આ શ્રીનાથજીના આ ભવ્ય મંદિરમાં - મારા વ્હાલાની અનિચ્છા છતાં અમીર-ગરીબના, રાજા-રંકના ભેદની પ્રણાલિકા શરૂ થઈ જશે...અને મને એનો સદાય રંજ રહી જશે...એક ભવાટવીના ભૂલા પડેલા "વૈષ્ણવી જીવ"ને શ્રીજીચરણે લાવવા જ આ પ્રસંગ પૂરતો પ્રણાલિકાભંગ કરી રહ્યો છું એવું મારી પછીની પેઢીના મારા બાળકો...સમજવા છતાં ન સમજવાનો દેખાવ કરી... મનોરથી - બિનમનોરથીનાં દર્શનના ફાંટા પાડશે...રાજન્! તમે રાણીને ઉત્થાપનનાં દર્શનમાં લઈ આવો...હું પડદામાં દર્શન કરાવવાની વ્યવસ્થા કરાવું છું. પરંતુ આ એક ખોટો રિવાજ પડી રહ્યો છે."

શ્રીવલ્લભના ચહેરા પરના કારુણ્ય પર પોતાની જાતને - રાણીની હઠને ધિક્કારતો રાજા રાણી પાસે ગયો...અને એને લઈને શ્રીગિરિરાજજી પરના શ્રીજીબાવાના મંદિરમાં પહોંચ્યો. જાજવલ્યમાન રાજા અને રાણીને શ્રીવલ્લભની આજ્ઞાનુસાર દ્વારપાળ ભીતરના નિજમંદિરમાં લઈ ગયા. રાણીના ચહેરા પર એક વિશિષ્ટ વ્યક્તિ તરીકે

બધા જ વૈષ્ણવોથી જુદી તરીને - ભીતરમાં - પડદામાં શ્રીગોવર્ધનનાથજીનાં દર્શન કરવાનો અનેરો લહાવો મળ્યાનો ગર્વ અને આનંદ છલકતા હતા. શ્રીજીબાવાના મુખારવિંદનાં દર્શન કરતી વખતે ચિત્તમાં છવાયેલા ગર્વના ભાવને કારણે "બાવા"ના મુખારવિંદ પર છવાયેલા અણગમનાં દર્શન રાણીને ન થયાં...શ્રીજીબાવાની અકળામણ એટલી બધી વધી ગઈ કે એમણે હરણફાળ ભરી સિંહપોળનાં કમાડ ખોલી નાખ્યાં.

સિંહપોળના દ્વારે આર્દ્રભાવે દર્શનનો વિરહતાપ અનુભવતા "ગિરિરાજધરણ શ્રીજી તમારે શરણ"ની ધૂન ગાતા, "દર્શન દ્યો...શ્રીજી બાવા રે..."ની આરજૂ - લાગણી વ્યક્ત કરતા વૈષ્ણવો સિંહપોળનો દરવાજો ખૂલતાં જ હર્ષાન્વિત થતા..... એકબીજા પર અથડાતા, પછડાતા શ્રીજીબાવાનાં દર્શન કરવા મંદિરમાં ઘસી ગયા... "જમુનાજીની હેલી" એવી તો પ્રચંડ હતી કે રાણીને એમાં તાણી ગઈ...રાણીનાં દેહ પરનાં વસ્ત્રોનાં ઠેકાણાં ન રહ્યાં...વૈષ્ણવોના પાદપ્રહારો તેમજ કોણીઓનો માર ખાતી રાણી શરમાઈને અસ્તવ્યસ્ત અવસ્થામાં માંડમાંડ બહાર નીકળી...અને શરમાઈને, નીચી મૂંડી કરીને એની રાવટીમાં ચાલી ગઈ...

ઓડછાના રાજા પણ આકુળવ્યાકુળ થઈ રાણીની પાછળ રાવટીમાં આવી પહોંચ્યા અને રાણીને ગુસ્સામાં વેદનાગ્રસ્ત અવાજે કહ્યું:

"શ્રીજીબાવાના દરબારમાં...વ્રજના આ ઠાકોર એના રાજમાં કોઈની શરમ રાખતા નથી...ખુલ્લા દિલે...ખૂલ્લા આચાર અને વ્યવહાર સાથે, સંપૂર્ણ ભક્તિ સાથે, શ્રીજી પ્રત્યેની નિષ્ઠા અને ભાવના સાથે જે કોઈ દર્શન કરવા આવે છે એને શ્રીજીબાવા...એમના દિલના કમાડ તોડીને પણ દર્શન દે છે...રૂપ, મર્યાદા કે અમીરીનાં આવરણો ઓઢીને આવનારા, શ્રીમંતાઈનું પ્રદર્શન કરનારાને મારો વ્રજનો ઠાકોર તને દીધો એવો દંડ દે છે...વૈષ્ણવોની લાતોનો અને મુષ્ટિપ્રહારોનો...કંઈક સાનમાં સમજો, રાણી!"

પરમાણંદદાસે ઉત્થાપનનાં દર્શનમાં શ્રીજીબાવાની આ લીલા પ્રસન્નચિત્તે નિહાળતાં એમના મુખમાંથી પ્રસન્નતાના એક નશામાં જ પદ સરી પડ્યું:

કૌન યહ ખેલવે કી બાનિ ।
મદન ગોપાલ કાહુકી રાખત નાહિન કાનિ ॥

શ્રીવલ્લભનું ધ્યાન ઓચિંતું પરમાણંદદાસજીના પદના શબ્દો પર ગયું અને બોલી ઊઠ્યા:

"પરમાણંદદાસ...એક પળ અટકી જાઓ. તમારાથી "કૌન યહ ખેલવે કી બાનિ"- એમ ઠાકોરજી સન્મુખ ન ઉચ્ચારાય. હજી તમને સખ્યભાવનો અધિકાર પ્રાપ્ત થયો નથી. હજી દાસભાવે તમારી ભક્તિ શ્રીજીના ચરણે આળોટી રહી છે. જ્યારે આ દાસભાવને ઠાકોરજી કૃપા કરીને "સખ્યભાવ"નું દાન કરે અને સખ્યભાવ જ્યારે દૃઢ થાય ત્યારે સમાનતાના ભાવે તમે આવી અધિકારની વાણી ઉચ્ચારો તે શોભે, બાકી

વર્તમાનમાં તો તમારે "ભલી યહ ખેલવે કી બાનિ"ના ભાવે પદમાં બોલવું. અધિકાર વગર સખ્યભાવની વાણી ઉચ્ચારવાથી પતન થાય છે...સખ્યભાવ તો ઠાકોરજીનું અદ્ભુત, વિરલ, અદ્વિતીય એવું દાન છે જે ખૂબ જ ભાગ્યશાળી જીવો...સૂરદાસ-કુંભનદાસ જેવાને જ પ્રાપ્ત થતું હોય છે."

પરમાણંદદાસ શ્રીવલ્લભના ચરણે ઢળી પડ્યા અને બોલી ઊઠ્યા:

"કૃપાનાથ, આપે દેખાડેલી ક્ષતિ અને એની પાછળની ભાવના સમજી હું કૃતાર્થ થયો છું."

પરમાણંદદાસજીને અંતરમાં ઊતરી ગયું કે શ્રીવલ્લભ શ્રીજીમાં પોતાનો સર્વોપરી પ્રેમ રાખતા. સર્વોપરી સ્નેહમાં આવું ન બોલાય. સ્નેહી કદાચ કોઈ કાર્ય પ્રીતિથી ન કરે - જે કાર્ય આ પ્રસંગે શ્રીવલ્લભને ઓડછાની રાણીને ભીતરમાં દર્શન કરાવવાનું - સ્નેહભાવે અણગમા સાથે કરવું પડ્યું - પરંતુ એથી એમને એવું - "કૌન યહ ખેલવે કી બાનિ" ન કહેવાય. "તેં સારું કામ કર્યું" - એ ભાવનાની વાણી જ ઉચ્ચારાય અને એટલે જ એમને એમનું સ્થાન દેખાડી દેતાં શ્રીવલ્લભે સમજાવી દીધું કે ઠાકોરજીને ટોકવાનું કાર્ય - એમના અનન્ય સખા વ્રજભક્તોને છે...જ્યારે પોતે હજી ભક્ત જ છે - દાસ જ છે.

પરમાણંદદાસે ફરી પદ ઉપાડ્યું:

ભલી યહ ખેલવેકી બાનિ ।
મદનગોપાલલાલ કાહુકિ રાખત નાહિ કાની ॥

શ્રીવલ્લભના મુખ પર પ્રેમાળ સ્મિત ફોરી ઊઠ્યું.

૧૧. ગોપી પ્રેમકી ધ્વજા

આથમતી સાંજનો સમય હતો. થોડીવાર પહેલાં જ પરમાણંદદાસજી શ્રી ગિરિરાજજીની ગોદમાં બિરાજતા શ્રીગોવર્ધનનાથજીના "શયન" આરતીનાં દર્શન કરતાં -

"પૌઢે રંગમહલ ગોવિંદ
રાધિકા સંગ સરદ રજનિ ઉદિત પૂરનચંદ"

એ પદ ગાઈને શ્રીવલ્લભ પ્રભુને - ઠાકોરજીને પોઢાડતા - દંડવત્ કરતા - દર્શન કરતા - તળેટીમાં આવ્યા હતા. "મુખારવિંદ"નાં દર્શન કરી સુરભિકુંડના કાંઠે શ્યામતમાલના વૃક્ષ નીચે બેસી, સુરભિકુંડના હિલોળા લેતા જલને નીરખી રહ્યા હતા - ત્યાં જ કાને મધુર પદધ્વનિ સંભળાયો...અવાજની દિશામાં આંખો ફેરવી...અને પરમાણંદદાસ આનંદવિભોર થતા તંબૂર સાથે આવેશમાં આવી ઊભા થઈ ગયા... સૂરદાસજીની આગેવાની નીચે કુંભનદાસ, કૃષ્ણદાસ મેઘન, રામદાસ, વાસુદેવ છકડા ઇત્યાદિ શ્રીવલ્લભના અંતરંગના સેવકો - કવિજીવો - મસ્તીમાં ઝૂમતા પરમાણંદદાસની કુટિર તરફ આવી રહ્યા હતા. સંગીતમય વાતાવરણથી ભર્યોભર્યો...આંગણે અવસર આનંદનો અનાયાસે આવી ગયો હોય એવું પરમાણંદદાસજીને લાગ્યું.

આઓ મેરે નંદનંદન કે પ્યારે ।
માલાતિલક મનોહર બાનો ત્રિભુવન કે ઊજિયારે ॥
પ્રેમ સહિત ઉર બસત નિરંતર નેક હુ ટરત ન ટારે ।
હૃદય કમલ કે મધ્ય બિરાજત શ્રીવ્રજરાજ દુલારે ॥
કહા જાનોં કૌન પુન્ય ઉદય ભયો મેરે ઘર જુ પધારે ।
પરમાણંદ કરત ન્યોચ્છાવરી વારિ વારિ બહુ વારે ॥

"પધારો...પધારો, મારા નંદનંદનના પ્યારા વૈષ્ણવો...મારા આંગણે આપ ક્યાંથી? ગળામાં માલા...ભાલે તિલક...તમે તો ત્રિલોકને અજવાળતા જીવો છો...તમારા હૃદય-કમળમાં મારો વહાલો ગોવર્ધનનાથ હાજરાહજૂર બિરાજી રહ્યો છે...આજે કોને ખબર ક્યાંથી મારી જિંદગીનાં પુણ્યોનો ઉદય થયો કે આપ સર્વે આ અકિંચન સેવકની કુટિરમાં પધાર્યા...તમારા પર હું તો વારી-વારી જાઉં છું, વૈષ્ણવો! બિરાજો." - પરમાણંદદાસ હાંફળાફાંફળા થતા આંગણે આવેલા પરોણાને બેસાડવા માટે પાથરણાની શોધ કરતા આમતેમ અથડાયા કરતા રહ્યા, એટલામાં તો સૂરદાસ, કુંભનદાસ, ઇત્યાદિએ વ્રજભૂમિ પર જ જમીન પર પડેલા ખાખરાનાં જીર્ણશીર્ણ પાંદડાંઓ પર જમાવી દીધું.

પરમાણંદદાસજી ભાવવિભોર થઈ ગયા. એક ક્ષણ પૂરતાં તો એમની જબાન પર તાળાં લાગી ગયાં. ચકળવકળ આંખો સૂરદાસ, કુંભનદાસ ઇત્યાદિના ચહેરા પર સ્થિર થવા માંડી ત્યાં જ ઓચિંતી આંખમાં ચમક ઊપસી આવી. વૈષ્ણવો સાથે આવેલા

પઠાણી વેશમાં સજ્જ થયેલા યુવાન સિપાહી પર પડી. કરડો ચહેરો, માથે પઠાણી પાઘ, હૃષ્ટપુષ્ટ શરીર, પરંતુ આંખોમાં રમતું કુતૂહલ, નિર્દોષતા જોઈને પરમાણંદદાસ બોલી ઊઠ્યા:

"કુંભનદાસજી...સોં મ્લેચ્છ કૌનસો સાથમેં લાયો?"

"અરે, પરમાણંદદાસજી સૌં તો આપકો ઢૂંઢતો હમ સાથ ચલે આયો." કુંભનદાસે કહ્યું.

સુરભિકુંડની વાટે નીકળી પડેલી આ વૈષ્ણવમંડળીને રસ્તામાં આમતેમ કોઈકને શોધતો હોય એવો લઘરવઘર આ પઠાણ મળી ગયો.

"ભાઈ, કોને શોધે છે?" કુંભનદાસને એ માણસના લઘરવઘર પહેરવેશ, કપાળ પર પસીનો અને આંખોમાં રહેલી વિરહના તાપની આગને જોઈને દયા આવી અને પૂછ્યું.

"બ્રીજ મેં હાટ લગાઈયા બનિયા શ્રી ગુંસાઈ
બાગી સોદા કર ચલ જાકી સફળ કમાઈ-

હું તો વ્રજભૂમિમાં પ્રેમભક્તિની હાટડી માંડીને બેઠેલા શ્રીગુસાંઈજીને શોધું છું. મને એમની પાસે લઈ જાઓ." - યુવાન પઠાણ બોલી ઊઠ્યો.

"સૂરદાસજી, આ તો કોઈ દૈવી જીવ ભવાટવીમાં આવી ચડ્યો લાગે છે. આપણા શ્રીવલ્લભનંદનને શોધતો ફરતો લાગે છે."

"હા, એના શબ્દોમાંથી શ્રીવિઠ્ઠલેશ પ્રત્યેની એની આરઝૂ ટપકે છે." સૂરદાસજી બોલ્યા.

"તને વળી અમારા વિઠ્ઠલેશજીની લગની કોણે લગાડી, ભાઈ?" નંદદાસજીએ પૂછ્યું.

"એક વખત હું ગોકુલના ઠકરાણીઘાટ પર બેઠો હતો. જમુનાજીના વહેતા જલમાં મારા દિદારનાં દર્શન કરતો હતો ત્યાં જ થોડેક દૂરથી હૃદય ભીંજવતો કોઈક ભક્તકવિનો સૂરીલો આર્દ્ર સ્વર કાને પડ્યો:

વૃંદાવન ક્યોં ન ભયે હમ મોર?
કરત નિવાસ ગોવર્ધન ઉપર નિરખત નંદ કિસોર

અને પદની અંતિમ પંક્તિ

પરમાણંદદાસ કો ઠાકુર ગોપિન કે ચિત્ત ચોર

એવાં "ગોપિન કે ચિત્ત ચોર"નાં દર્શન કરાવી શકે તેવા ભક્તકવિ પરમાણંદદાસજી પાસે ગયો અને પગે પડતાં કહ્યું:

મને શરણે લ્યો...મારા ગોવર્ધનવાસી સાંવરે ગોવર્ધનનાથનાં દર્શન કરવાં છે.

તો એ ભક્તકવિએ મને ઉઠાડ્યો, છાતી સરસો ચાંપ્યો અને મને એ શ્રી વિઠ્ઠલેશજી પાસે લઈ ગયા. નામ પડાવ્યું, ગળામાં માળા-કંઠી, ભાલે તિલક કરાવી મારો જન્મારો સુધારી દીધો..., તો તમે એમનાં દર્શને જતાં હો તો તમારી સાથે હું પણ એમને દંડવત્ કરવા આવું.'

ચાલો, ભાઈ, વૈષ્ણવ ક્યાંથી? - કહેતાં પરમાણંદદાસજી, તમને ઢૂંઢતા તમારા આ વહાલા વૈષ્ણવજનને સાથે લઈ આવ્યા."

- અને પરમાણંદદાસજી દંડવત્ કરવા ધસી આવેલા યુવાન પઠાણને છાતી સરસો ચાંપી દેતાં બોલી ઊઠ્યા:

"બાગી, દંડવત તો દીનાનાથને...આપણા સૌના વિઠ્ઠલનાથને, શ્રીવલ્લભને કરાય...આવ, ભાઈ, આજે તો મારા નવનીતલાલ આમ્રવાટિકામાં પલનામાં ઝૂલે છે...અને પરમાણંદદાસ સૂરદાસને દોરી જતાં, સૂરદાસજીનું પદ ગાઈ ઊઠ્યા:

જા દિન સંત પાહુને આવત
તીરથ કોટિ સ્નાન કરન ફુલદર્શન હિતે પાવત ।

બધા જ વૈષ્ણવો કુટિરના પ્રાંગણમાં બેઠા, એટલે કુંભનદાસજી બોલ્યા:

"પરમાણંદદાસ, આજે તો અમે તમારા સુમધુર કંઠે તમારાં પદો સાંભળવા આવ્યા છીએ. કાંઈક સંભળાવો."

"શું ગાઉં? આજે તમારા આગમને - મારી આ કુટિર પવિત્ર થઈ. સુરભિકુંડની પવિત્ર રજને તમારા આગમને ભક્તિરસની સુગંધથી મહેકતી કરી." અને પરમાણંદદાસે પદ ઉપાડ્યું:

હરિજન સંગ છિનક જો હોઈ ।
કરૈં કૃપા ગિરિધરન જીવ પર પાતક રહે ન કોઈ ॥

સૂરદાસ, કુંભનદાસ અને અન્ય વૈષ્ણવો પરમાણંદદાસની હૃદયની વાણીનું શ્રવણ કરતાં ઝૂમી ઊઠ્યા અને પદની અંતિમ પંક્તિઓ

માયાકાલ કછુ નહીં વ્યાપે, જો હરિજન કોં જાનેં ।
પરમાણંદ યહી મન નિશ્ચય, હરિજન ગુન હિ બખાને ॥

પદોની રમઝટ બોલી ગઈ. સુરભિકુંડનાં જલશીકરો ઊછળવા માંડ્યાં. પંખીગણોના કલરવે વાતાવરણને ભરી દીધું. પવનની પાંખે, વૃક્ષનાં પર્ણોએ પણ હવામાં વહેતાં પદોમાં ગુંજનના પ્રાણ પૂર્યા. આખુંય વાતાવરણ રોમાંચક, ભક્તિમય, સંગીતમય બની ગયું. વૈષ્ણવો ભક્તિરસમાં તરબોળ થઈ ગયા.

સંગીતના સૂરો...એની એક લીલીછમ હવા વાતાવરણમાં સ્થાયી કરી વિલીન થઈ ગયા...ત્યારે રામદાસજીએ પરમાણંદદાસજીને પ્રશ્ન કર્યો:

"પરમાણંદદાસજી...એક પ્રશ્ન કરું?"

"જરૂર, વ્હાલા રામદાસજી...જવાબ તો જગદીશ સુઝાડશે એવો આપીશ...કારણકે હું કોઈ જ્ઞાની કે પંડિત નથી..." પરમાણંદદાસે નમ્રભાવે પ્રત્યુત્તર વાળ્યો. સૌ કોઈને પરમાણંદદાસની નમ્રતા ગમી ગઈ.

"પરમાણંદદાસજી...વ્રજમાં તો બધો જ પ્રેમ વ્રજભક્તોનો જ છે...એટલે કે નંદરાયજી, ગોપીજનો, ગ્વાલબાલો અને સખાઓનો જ પ્રેમ વિશિષ્ટ કહેવાય, પરંતુ આ બધામાં શ્રેષ્ઠ પ્રેમ કોનો?"

રામદાસનો સવાલ સાંભળી એક ક્ષણ પૂરતા પરમાણંદદાસ સ્તબ્ધ થઈ ગયા...આ વ્રજભૂમિના પર્ણપર્ણે શ્રીજીબાવા બિરાજે છે...જલ જમુનાના હૈયામાં પણ એનો વ્હાલો બિરાજતો હતો. નંદ-જશોદાનો જાયો ક્યાં બિરાજતો નહોતો એ જ પ્રશ્ન હતો...પરંતુ કાનુડા પ્રત્યેનો સૌથી ઉત્કૃષ્ટ, સૌથી લાગણીભીનો, વિરહયુક્ત પ્રેમ કોનો એ સવાલ હજી વાતાવરણમાં લટકતો હતો.

"વ્હાલા વૈષ્ણવો..." પરમાણંદદાસ સ્થિરચિત્તે ગંભીર વદને બોલ્યા.

"બોલો, પરમાણંદદાસ...તમે શ્રીજીબાવાના તેમજ શ્રીવલ્લભ-વિઠ્ઠલના કૃપાપાત્ર છો. તમારો પ્રેમ વિશેષત: બાળલીલામાં રહ્યો છે...એ તમારાં બાળલીલાનાં પદોથી સ્થાપિત થાય છે..." રામદાસજી બોલ્યા.

"હા..." અને પરમાણંદદાસે આંખો મીંચી ગયા...એક જ ક્ષણમાં બેભાનાવસ્થામાં સરી પડ્યા. આંખો સામે શ્રીવલ્લભ રમવા માંડ્યા...આ પ્રશ્નલીલાના મૂળમાં સંપ્રદાયની આ મહાન વિભૂતિ હતી. એમના હૃદયની ભાવના પ્રમાણે ગોપીજનોનો પ્રેમ શ્રેષ્ઠ છે એવું એ માનતા હતા. અને શ્રી વલ્લભની કાનીથી - આજ્ઞાથી જ એ બાળલીલાનાં પદો રચતા હતા, જેમાં એમની પ્રેરણા સદાય રહેલી હતી. પરમાણંદદાસે એક નજર મહેમાનો પર નાખી અને બોલી ઊઠ્યા:

"ગોપી પ્રેમકી ધ્વજા..."

"વાહ...શું જવાબ આપ્યો છે...પરમાણંદદાસજી...એક પંક્તિથી નહીં ચાલે...તમારે તમારા પદ દ્વારા પ્રેમની એ ધજાને ફરકતી રાખવી પડશે." - રામદાસજી બોલ્યા.

અને પરમાણંદદાસજીએ પદ ગાયું:

"ગોપી પ્રેમ કી ધ્વજા
જિન ગોપાલ કિયો બસ અપને ઉર ધરી સ્યામ ભુજા ॥
સુક મુનિવ્યાસ પ્રશંસા કીની ઉધ્ધવ સંત સરાહી ।
ભૂરિ ભાગી ગોકુલકી વનિતા અતિ પુનિત જગમાહીં ॥
કહા ભયો જો વિપ્રકુલ જન્મ્યો જો હરિસેવા નાહી ।

વૈષ્ણવો પરમાણંદદાસની રચના પર ઝૂમી ઊઠ્યા. એ પછી એમણે "વ્રજજન સમ ઘર ઘર સર કોઉ નાહી" એ પદ ગાઈ વૈષ્ણવોના "હરિરસ"ને ભક્તજનોના હૃદયમાં ઉછાળ્યો.

સૂરદાસ ઊભા થઈ પરમાણંદદાસની બાળલીલા પ્રત્યેની આસક્તિ પર ઝૂમી ઊઠ્યા અને ભેટી પડ્યા. કુંભનદાસથી પણ ન રહેવાયું. એ તો પરમાણંદદાસના બન્ને હાથ ઝાલી ફેરફુદરડી ફરતા "નંદનંદન કી બલી જૈયે" એ પદ ગાયું.

અને આખી રાત સત્સંગ કરતાં, પદોની રમઝટ બોલાવતાં ક્યાં પસાર થઈ ગઈ...એનું પણ કોઈને ભાન ન રહ્યું.

વહેલી સવારે ગિરિરાજની તળેટીમાંથી કૂકડો બોલ્યો ત્યારે વીખરાતા વૈષ્ણવજનોના મુખેથી તો પરમાણંદદાસનું "ગોપી પ્રેમકી ધ્વજા" એ પદ જ લહેરાતું છલકાતું વહેતું હતું...

○ ○ ○

"સંધ્યા આરતી"નાં દર્શન કરી પરમાણંદદાસજી શ્રીજીના મંદિરેથી તળેટીમાં આવી રહ્યા હતા...ત્યાં જ "દંડવતી શિલા" પાસે ઊભેલા વ્રજવાસીએ ગોકુળમાં બિરાજતા શ્રીગુસાંઈજીનો સંદેશો આપતાં કહ્યું...

"પરમાણંદદાસ...શ્રીગુસાંઈજી બાવાશ્રી તમને યાદ કરે છે. એમણે કહેવરાવ્યું છે કે તમે ગોકુલમાં નવનીતપ્રિયાજીનાં દર્શન કરવા આવો."

ગુરુ-આજ્ઞા સાંભળતાં જ પરમાણંદદાસજીએ ગોકુળની વાટ પકડી લીધી.

વહેલી સવારે પરમાણંદદાસજી ગોકુલ પહોંચી ગયા અને ઠકુરાણીઘાટ પર સ્નાન કરી સંધ્યાવંદન કરતા હતા ત્યાં જ શ્રીવલ્લભનંદન વલ્લભઘાટ પર પધાર્યા... પરમાણંદદાસજી દોડીને શ્રીગુસાંઈજી સમીપ પહોંચી ગયા અને દંડવત્ કરતાં બોલી ઊઠ્યા:

"કૃપાનાથ, કાંઈ સેવકને અચાનક યાદ કર્યો?"

"પરમાણંદદાસ, ચાલો આપણે શ્રી નવનીતપ્રિયાજીની સન્મુખ જ વ્રજલીલાની થોડીક સંગત કરીએ."

"જેવી આપની આજ્ઞા, કૃપાનાથ!" - કહેતાં શ્રીગુસાંઈજી સાથે પરમાણંદદાસ પણ નવનીતપ્રિયાજીના મંદિરમાં પહોંચ્યા.

પ્રાત:કાળનો સમય હતો.

ગોકુલની સાંકડી ગલીઓમાં માથે માખણ ભરેલી મટુકીઓ સાથે વ્રજબાલાઓ માખણ વેચવા ચાલી નીકળી હતી, કેટલીક જમુનાજીનાં જલ ભરવા ઘાટ તરફ જતી હતી. ગોકુલની આમ્રકુંજોમાંથી કોયલના ટહુકા, મયૂરનો કેકારવ, કબૂતરનું ઘૂ..ઘૂ.. અને ચકલીનું ચીંચીં..સંભળાતું હતું. મંદમંદ વહેતા સમીરના સહારે પર્ણો મધુર સંગીતના તાલે - નાદે ઝૂમી રહ્યાં હતાં.

"કૃપાનાથ...આજ્ઞા!" - નવનીતલાલજીના મીઠા, મધુરા સ્વરૂપનાં દર્શન કરતાં પરમાણંદદાસ બોલી ઊઠ્યા.

"પરમાણંદદાસ...તમને તો ખબર છે કે આપણા નટખટ નાગર નંદજીના

લાલને ઠાકોરજીની - એની પોતાની બધી જ વ્રજલીલાઓ ખૂબ પ્રિય છે. ઠાકોરજીને જો એ બધી લીલાઓ સંભળાવવાનો અંતરમાં ક્યારેક મનોરથ જાગે છે ત્યારે થાય છે કે શ્રીજીબાવાની તો વ્રજભૂમિના વિહારની અનેક કથાઓ - લીલાઓ સંભળાવવામાં આવે, તો કોઈ કાળે તેનો પાર ન આવે. અને આ બધી લીલા યાદ કરીકરીને પણ ગાય કોણ? પરમાણંદદાસજી, હું લાડલેલાલ પાસે એક સંસ્કૃત કીર્તન કરું છું જેમાં ભગવાનની બધી જ લીલાનો અનુભવ થાય છે. તમે એ સંસ્કૃત રચનાને આપણી વ્રજભાષામાં દરરોજ મંગળાનાં દર્શન ખૂલતાં ગાજો."

"કૃપાનાથ...આપે મારા પર અનહદ કૃપા કરી, આપના રચેલા પદના શ્રવણનો અધિકારી ગણ્યો...મારી યથામતિ હું આપના કીર્તનને હૃદયમાં ઉતારી, આપશ્રીની આજ્ઞાનુસાર લોકભાષા - વ્રજભાષામાં મારા નવનીતલાલનાં ચરણે ધરીશ..."

શ્રીગુસાંઈજીએ પ્રસન્નચિત્તે મંગલામાં બિરાજતાં શ્રીનવનીતપ્રિયાજી સન્મુખ સ્વરચિત પદ ખૂબ જ આર્દ્રભાવે રજૂ કર્યું:

"મંગલં મંગલં વ્રજભૂમિ મંગલમ્ ।... ...

શ્રીગુસાંઈજીએ ગાયેલું પદ પરમાણંદદાસજીએ એક ચિત્તે સાંભળ્યું અને પછી આખુંય પદ આત્મસાત્ કરતાં શ્રી ગુસાંઈજી સમક્ષ - શરૂઆતનું 'મંગલં મંગલં'નું પદ ગાઈ, આ જ સ્વરૂપનાં પદ શ્રીનવનીતપ્રિયાજી સન્મુખ, શ્રીગુસાંઈજીના સાંનિધ્યમાં રજૂ કર્યાં:

મંગલ માધો નામ ઉચ્ચાર
મંગલ બદન કમલકર મંગલ મંગલજન કી સદા સમ્હાર
ખેલત મંગલ, પૂજત મંગલ, ગાવત મંગલ ગીત ઉદાર
મંગલ શ્રવન કથારસ મંગલ મંગલતન વસુદેવ કુમાર
ગોકુલ મંગલ, મધુબન મંગલ, મંગલ મંગલ રૂચિ વૃંદાવનચંદ
મંગલ કરન ગોવર્ધનધારી મંગલ ભેખ જસોદાનંદ
મંગલ ધેનુ રેનુ ભુવમંગલ મંગલ મધુર બજાવત વેણુ
મંગલ ગોપવધુ પરિરંભન મંગલ કાલિંદી પય ફેનું
મંગલ ચરન કમલ દલ મંગલ, મંગલ કિરતી જગત નિવાસ
અનુદિન મંગલ ધ્યાન ધરત મુનિ મંગલ મતિ પરમાણંદદાસ...

પરમાણંદદાસજી ભાવવિભોર બની "મંગલ મંગલ" પદોથી નવનીતપ્રિયાજીને પ્રસન્ન કરી, ગિરિરાજજી પાછા ફર્યા ત્યારે શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞા થતાં મંગલા આરતીમાં આ પદ ગાઈ શ્રીજીબાવાનું પ્રસન્નચિત્ત હરી લીધું...

૧૨. ભગવલ્લીના અદ્ભુત ઉદ્ગાતા

શ્રી વિઠ્ઠલેશ ઉત્થાપનમાં બિરાજતા શ્રીગોવર્ધનનાથજીને દંડવત્ કરતાં દ્રવિત થઈ ગયા...ચહેરા પર વિષાદની ઝાંખપ પથરાઈ ગઈ. અંતરમાં ઊછળતી મૂંઝવણો, નિરાશાઓ ચહેરા પર પ્રગટવા માંડી હતી. છેલ્લા કેટલાક સમયથી શ્રીવિઠ્ઠલેશજી મનોમન હૈયામાં તાપ અનુભવતા હતા.

“તાતશ્રીએ શ્રીજીબાવાના સેવાપ્રકારની જે આજ્ઞા કરી હતી એ રીતે શ્રીજીબાવાની સેવા થતી નહોતી...ભગવત્સેવામાં ભાવ તો જાગતો હતો, છતાં “વ્હાલા”ને રાજી રાખવામાં કશીક ઊણપ વરતાતી હતી...”

“કાકાજી...તમે આટલા બધા ચિંતિત કેમ છો?” શ્રીજીબાવાથી ભક્તના ચહેરા પર ફરકતી વિષાદલહરી ન ખમાણી...એ બોલી ઊઠ્યા.

“બાવા...તમે તો પરમ કૃપાળુ છો...દરિયાવદિલ છો. ભક્તજનોના અગણિત અપરાધો એક મીઠા મધુરા હાસ્યની છાલકે માફ કરી દો છો...પરંતુ અમે તમારી “સેવા”માં બરોબર પહોંચી શકતા નથી. ઋતુઋતુના મનોરથો, વસ્ત્રપરિધાનો...સંગીત-શ્રવણ...બાળલીલાના ખેલો...કાંઈ જ ખેલાવી શકતા નથી...આ પ્રકારના સેવાપ્રકારની શોધમાં અમે આજસુધી અંધકારમય બની ભટકતા રહ્યા છીએ...અમે આપના સુખનો વિચાર કરવાનું છોડી દીધું છે...મારા વ્હાલા ગોવર્ધનધર...તારા આ સેવકને - કંઈક સેવારીતિની - સેવાવિસ્તારની... સેવા-સ્વરૂપની કાંઈક રીતિ સમજાવ...ભાવના સમજાવ...” ગદ્ગદિત વાણીએ શ્રીવિઠ્ઠલેશજી બોલી ઊઠ્યા.

“કાકાજી...તમે વ્યર્થ ચિંતા કરો છો...મારા હૃદયમાં બિરાજતા તમારા તાતશ્રી સેવાપ્રકારની સુંદર પ્રણાલિકા બાંધી જ ગયા છે...એ પ્રણાલિકા રસમય બને, કલાત્મક સ્વરૂપ તરીકે નીખરે, ભક્તિભાવથી છલકતી રહે...માતા જશોદાના એના લાલા પ્રત્યેના ઉત્કટ પ્રેમની ભાવના હૃદયમાં રાખી તમે નિશ્ચિંત મને સેવાપ્રકારની સમજણ ભક્તોમાં પ્રસરાવતા રહો...અને આ બાબતની સમજણ ધરાવતા દામોદરદાસ હરસાણીજી છે...એમની પાસેથી તમને બધી જ સમજણ પ્રાપ્ત થશે...બાકી એક વાત તો તમે ધ્યાનમાં રાખજો કે પ્રત્યેક જીવ જેનાથી અલગ રહી શકતો નથી એવા રાગ, ભોગ અને શૃંગારને ત્યજી નથી શકતો. આ લૌકિક ભાવોમાં અલૌકિક ભાવોનું - “મારા વ્હાલા માટેનું છે” એવી ભાવના સાથે મારી સેવા કરતા રહો એ જ સાચી સેવારીતિ છે.”

શ્રીજીબાવાની કૃપાવાણીનું...આજ્ઞાનું પાલન કરવા શ્રીવિઠ્ઠલેશ કટિબદ્ધ થયા. મનમાંથી નિરાશાની ભાવનાને ખંખેરી એ સીધા સેવામાંથી પહોંચી દામોદરદાસ હરસાણી પાસે માતાની તેમજ શ્રીજીબાવાની આજ્ઞા સાંભળી પહોંચી ગયા.

દામોદરદાસ હરસાણીજીએ આંગણે પધારેલા શ્રીવિઠ્ઠલેશજીનો આદરસત્કાર

કરી એમના આવવાનું પ્રયોજન પૂછ્યું. શ્રીવિઠ્ઠલેશજીએ શ્રીવલ્લભના અનન્ય સેવક પાસે દિલ ખોલી - સેવાવિસ્તારના આયોજનની નિખાલસ ચર્ચાઓ કરી.

દામોદરદાસજીએ નંદાલયની ભાવનાને મંદિરોમાં જ નહીં, નિજઘરમાં બિરાજતાં ઠાકોરજીમાં પણ મૂર્તિમંત કરવાની સલાહ આપી. ઋતુઋતુના શૃંગાર, સામગ્રી, કીર્તન, નૃત્ય...બધી જ કલાના પ્રકારોને શ્રીજીબાવાના ચરણે ધરી દેવાની પ્રક્રિયા શરૂ થઈ...

મંગલાનાં દર્શનનો સમય હતો.

પદોની રમઝટ જામી હતી...પરમાણંદદાસ, કુંભનદાસ, કૃષ્ણદાસ, સૂરદાસ, ગોવિંદસ્વામી, છીતસ્વામી, ચતુર્ભુજદાસ, ઇત્યાદિ ભક્તકવિઓ વસંતોત્સવ ઊજવવા અવનવા પહેરવેશમાં સજ્જ થઈ ખેલૈયા બની આવ્યા હતા. સૌ કોઈનું હૈયું ભક્તિની ચડેલી ભરતીથી હિલોળે ચડ્યું હતું. સૂરદાસના મુખમાંથી. "પ્રાતઃસમે ઉઠી બ્રજબાલા" નું પદ ગૂંજતું હતું, તો પરમાણંદદાસજી "જાગો ગોપાલ લાલ"ના પદથી નવનીતપ્રિયાજી અને શ્રીજીબાવાને જગાડી રહ્યા હતા...તો અન્ય સખાઓ પોતપોતાનાં પદોથી વસંતઋતુના પ્રભાતને ભક્તિનાં પદો અને સંગીતથી વધાવી રહ્યા હતા.

"મંગલા"ની આરતી પૂરી કરીને શ્રીગુસાંઈજી આજની ભક્તિપદોની રમઝટનો વિચાર કરતા હતા, ત્યાં જ કેમ જાણે હૈયામાંથી સ્ફુર્યું હોય તેમ એમણે શ્રીજીબાવાને વંદન કરતાં શ્રીજીબાવાની આજ્ઞા માગતા હોય તેમ બોલી ઊઠ્યા:

"બાવા...સાહિત્ય અને સંગીતને એકસૂત્રે બાંધી આપના આ ભક્તકવિઓની માળાનું આરોપણ તમને કરવાની મનમાં એક ભાવના જાગી છે, તો આજે આઠે સમામાં આપને એમનાં કીર્તનોથી રીઝવતા ભક્તકવિઓને "અષ્ટસખા"ના ભાવથી સમર્પિત કરું છું તો સ્વીકારશો?"

જવાબમાં શ્રીગોવર્ધનનાથજીના મુખારવિંદ પર પ્રસન્નતાની લહરો ઊઠી...

"કાકાજી...આજનો દિવસ...ભારતીય સંગીતસાહિત્ય માટેનો અણમોલ દિવસ હશે...મારા હૈયામાં વસી ચૂકેલા...મારા અણુ-અણુમાં જેમના શબ્દો...સૂરો...સ્વરો લય બનીને વહેતા રહ્યા છે...એવા સમર્થ કવિઓને તમે "અષ્ટસખા"ના સૂત્રે બાંધી, મારી. તો ઠીક પણ સાહિત્ય અને સંગીતની મહાન સેવા કરી છે...હું આજે ખૂબ ખૂબ પ્રસન્ન છું. આજનો દિન ભારતીય સંગીત અને સાહિત્ય માટેનો સુવર્ણદિન કહેવાશે..."

- શ્રીવલ્લભનંદન શ્રીજીબાવાની વાણી સાંભળી એક ક્ષણ પૂરતા તો મૂર્છિત થઈ ગયા...ભક્તજનો તેમજ કવિઓ શ્રીગુસાંઈજીને વીંટળાઈ વળ્યા...ધીમેધીમે ભાવાવેશમાંથી બહાર આવતાં જ શ્રીવિઠ્ઠલેશજી બોલ્યા:

"મારા વ્હાલા ભક્તકવિજનો...આજના શુભદિને આપણી કીર્તનસેવા ઠાકોરજીને પ્રસન્નતામાં રાખતી રહે એ માટે હું આપણા ભક્તકવિઓમાં સૂરદાસજી, કુંભનદાસજી, પરમાણંદદાસજી, કૃષ્ણદાસજી, ચતુર્ભુજદાસજી, છીતસ્વામી તેમજ ગોવિંદસ્વામીને આજ્ઞા

કરું છું કે સમા-સમાનાં દર્શન સમયે તમે શ્રીગોવર્ધનનાથજી તેમજ શ્રીનવનીતપ્રિયાજીને તમારાં પદોથી રીઝવ્યા કરજો. પરમાણંદદાસજી, તમે "મંગલ મંગલ" બાળલીલાનાં પદો મંગલાના સમયે ગાજો...તમારા સૌને મુખે અને હૈયે વસતી સરસ્વતીનું સમર્પણ શ્રીજીને ચરણે કરજો."

ભક્તકવિઓ શ્રીવિઠ્ઠલેશજીની મધુરવાણી અને એમને સોંપાયેલી કીર્તનસેવા પર રાજી થતા શ્રીવલ્લભનંદનનાં ચરણોમાં ઢળી પડ્યા.

○ ○ ○

"કૃષ્ણકથા બિનુ, કૃષ્ણનામ બિનુ ।
કૃષ્ણભક્તિ બિનુ દિવસ જાત ॥
વહ પ્રાની કાહેકો જીવત ।
નહીં મુખ વદત કૃષ્ણકી બાત ॥

ગોકુલથી ગોવર્ધન પધારેલા શ્રીવિઠ્ઠલેશજીના કાને પરમાણંદદાસના પદની પંક્તિઓ પડી...શ્રીગુસાંઈજી એ વખતે જન્માષ્ટમીના દિવસો નજીકમાં હોવાથી શ્રીનવનીત-પ્રિયાજીને પંચામૃતનું સ્નાન કરાવી, સિંગાર કરાવી, શ્રીગિરિરાજ પધાર્યા હતા.

રાજભોગથી પહોંચીને ગોકુલ તરફ પ્રયાણ આદરતાં શ્રીવિઠ્ઠલેશે પરમાણંદદાસજીને આજ્ઞા કરી:

"પરમાણંદદાસ...ચાલો ગોકુળ...શ્રીનવનીતપ્રિયાજી પાસે તમારાં પદો ગાજો."

"જેવી ગુરુની આજ્ઞા" કહેતાં પરમાણંદદાસજી તૈયાર થઈ, ખભે તંબૂર નાખી ચાલવા માંડ્યા.

જન્માષ્ટમીની મધ્યરાત્રીએ શ્રીવિઠ્ઠલેશજી નવનીતપ્રિયાજીને અભ્યંગ કરાવતા હતા ત્યાં જ પરમાણંદદાસે પ્રવેશ કર્યો. એટલે એમને વધાઈનું એકાદ પદ સંભળાવવાની આજ્ઞા કરી ત્યારે પરમાણંદદાસજીએ નમ્રભાવે પદ શરૂ કર્યું:

મિલિ મંગલ ગાવહુ માઈ । સવમિલિ મંગલ ગાવઉં માઈ ।
આજુ લાલકો જન્મ દિવસ હૈ બાજત રંગ બધાઈ ॥

એ પછી શ્રી નવનીતપ્રિયાજીના સિંગાર કરી એમને તિલક કર્યું તે સમયે

આજ બધાઈ કો દિન નીકૌ
નંદઘર જસુમતિ જાયો હૈ લાલ

એ પદ ગાયું.

આજ નંદદાસ કે આનંદ ભયો
નાચત ગોપી કરતી કોલાહલ મંગલ ચાર ઠર્યો.

આ પદ ગાતાં પરમાણંદદાસજી પ્રેમભાવમાં પૂરા ડૂબી ગયા અને સાનભાન પણ ન રહી.

આમ, પદોની રસ-રંગલીલા વાતાવરણમાં પરમાણંદદાસ ઉછાળતા રહ્યા.

મધ્યરાત્રીએ શ્રીગુસાંઈજી નંદબાવા બન્યા...જસોદામૈયા અને ગ્વાલબાલ આદિનો વેષપરિધાન કરી ખૂબ જ આનંદથી શ્રી નવનીતપ્રિયાજીને પારણામાં પધરાવી. કૃષ્ણ-જન્મનો ઉત્સવ મનાવ્યો. આખુંય ગોકુળ- "નંદ ઘેર આનંદ ભયો.. જય કનૈયાલાલ કી"ની ધૂન બોલાવતું શ્રીગુસાંઈજીએ રચેલા નંદાલયમાં નાચતું કૂદતું ઊભરાવા માંડ્યું. શંખધ્વનિથી ગોકુલનું ગગન ગુંજતું થઈ ગયું. શરણાઈના સૂરોના તાલે મોરલાઓ કળા કરતાં નાચવા માંડ્યા...અર્ધી રાત્રે આંબાડાળે કોયલ ટહુકી...પરમાણંદદાસના હૃદયનો મોરલો પણ કોળી ઊઠ્યો અને મધુર કંઠે મુખમાંથી પદ સરી પડ્યું. જશોદામૈયાની ગોદમાં લાડલેલાલ બિરાજતા હતા. શ્રીગુસાંઈજી પ્રસન્નચિત્તે નાનકડા લાલનને વીંઝણો ઢોળી રહ્યાં હતા...આજુબાજુ ગોકુલની ગોપીઓ સરસ મજાનાં વસ્ત્રો પહેરી, નંદ-જશોદાને ઘેરી રાસ લેતી હતી...સૌ કોઈના હૈયામાં આનંદની હેલી ઊઠી હતી...ત્યારે પરમાણંદદાસે પદ ઉપાડ્યું:

જસોદા રાની સોવન ફૂલે ફૂલી ।
તુમ્હારે પુત્ર ભયો કુલમંડને વાસુદેવ સમતૂલી ॥

અને શ્રીગુસાંઈજીના ચહેરા પર પિતા નંદરાયનું સ્મિત છલકી ઊઠ્યું. વહુજી - જશોદાના હૈયામાંથી માતૃત્વની અસ્ખલિત પ્રેમધારા ફૂટી...અને લાલનને છાતી સાથે વળગાડી દેતાં બોલી ઊઠ્યાં:

"પરમાણંદદાસ...વધાઈ કે કુછ પદ લાલન કો સુનાવ."

અને પરમાણંદદાસે વહુજીની આજ્ઞા માથે ચડાવતાં

"આજુ નંદદાસ કે આનંદ ભયો
નાચતિ ગોપી કરતિ કુલાહલ મંગલચારૂ ઠયો"

વધાઈનાં એક પછી એક પદ પરમાણંદદાસજીના મુખેથી વહેવા માંડ્યાં...બંધ આંખો, તંબૂરના તારની ઝણઝણાટી અને નાચતું અંગ...શરીર પસીનાથી રેબઝેબ, પણ વૃદ્ધ પરમાણંદદાસનું હૈયું ફૂલ્યું નહોતું સમાતું.

ઐસે દસક હોઈ જો ઔરે તો સબ કોઉ સચુ પાવે ।
બાઢૌ બંસ નંદબાબા કૌ પરમાનંદ જીવ ભાવે ॥

"ઐસે દસક હોય જો ઔર તો સબ કોઉ સચુ પાવૈ" એ પંક્તિ સંભળાવતાં પરમાણંદદાસે એમનાં ભાવવિભોર નેત્રો શ્રીગુસાંઈજી અને એમના પરિવાર પર સ્થિર કર્યાં...અને બોલી ઊઠ્યા:

"વાહ, મારા સાંવરા ગોવર્ધનનાથ...શ્રીવલ્લભ...શ્રીવલ્લભનંદન અમ જેવા પામર માનવદેહોના 'શ્રીજીબાવા સત્ય છે'ના મનોભાવોને સાર્થક કરવા - સત્ય કરવા જ શ્રીવલ્લભકુળનું આ ભૂતલ પર પ્રાગટ્ય થયું છે. હે શ્રીવલ્લભનંદન...આપશ્રીના આ તેજસ્વી સાત બાળકો...આપશ્રી, શ્રીવલ્લભ અને મારો ગોવર્ધનનાથ...આમ દસ સ્વરૂપે

આ ધરતી પર પ્રગટ થયા અને અમને ભક્તોને સ્વર્ગમાં ક્યારેય ન મળતું આ નંદજશોદાના જાયાનું "ગોકુળિયા" સુખનું દાન કરી અમને ધન્ય ધન્ય કરી દીધા...આપ સર્વે દૈવી પુષ્ટિસ્વરૂપ છો..."

નંદરાયજી-સ્વરૂપે શ્રીગુસાંઈજી અને ગોપીગ્વાલ-સ્વરૂપ વૈષ્ણવોના સમૂહે "દધિ-કાદવ"નો મનોરથ આનંદથી ઊજવ્યો ત્યારે પરમાણંદદાસ આનંદસાગરમાં ડૂબતા...શરીરનું ભાનસાન ભૂલી નાચવા લાગ્યા...અને ફરી ગાવા લાગ્યા:

આજ નંદરાય કે આનંદ ભયો
નાચત ગોપી કરતી કોલાહલ મંગલ ચાર ઠયો

અને નાચતા-ગાતા જમીન પર ઢળી પડ્યા...મૂર્છિત થઈ ગયા. એકાદ ક્ષણ માટે તો રંગમાં ભંગ પડી ગયો...સૌ કોઈ પરમાણંદદાસની આજુબાજુ ચિંતાતુર બની ઊભા રહી ગયા, ત્યારે શ્રીગુસાંઈજીએ સ્વહસ્તે એમને ઉઠાવી ખોળામાં લીધા...અને વેદમંત્રનો પાઠ કરતાં આંખો પર હાથમાંનું જલ છાંટ્યું. પરમાણંદદાસની આંખોની પાંપણ હલી ઊઠી...એ જ ક્ષણે આંખો ખોલતાં જ એમને શ્રી વિઠ્ઠલેશજીના ખોળામાં જોઈ...એ ઝડપથી ઊભા થઈ ગયા. શ્રીગુસાંઈજી મંદમંદ સ્મિત વેરતા ઊભા હતા...બાજુમાં પારણામાં વહુજી લાલાને ઝુલાવતાં હતાં...આ દૃશ્ય જોતાં જ પરમાણંદદાસે ગાયું:

"હાલરો હુલરાવતિ માતા । બલિ બલિ જાય ઘોષ સુખદાતા"

આ પદ સાંભળી શ્રીગુસાંઈજી ખૂબ જ પ્રસન્ન થયા...અને પદ ગાવાના સમયના ક્રમાનુસાર આ પદ ન હોવા છતાં પણ શ્રીગુસાંઈજી બોલી ઊઠ્યા.

"પ્રેમમાં રાગનો ક્રમ નહીં, લીલાનો ક્રમ રહે છે... માટે પરમાણંદદાસનું આ પદ યોગ્ય સ્થળે યોગ્ય રીતે અને યોગ્ય સમયે ગવાયું છે...પરમાણંદદાસના હૈયામાં જે કાંઈ મારા લાલનની લીલા સ્ફુરી એ એમણે નિઃસંકોચ-ભાવે ગાઈ છે...અને જે રીતે કુંભનદાસનો નિરોધ કિશોરલીલામાં થયો છે તે રીતે પરમાણંદદાસનો બાળલીલામાં નિરોધ થયો છે."

પરમાણંદદાસ...શ્રીગુસાંઈજી સાથે વહેલી સવારે શ્રીગોવર્ધન પાછા ફર્યા. શ્રી ગિરિરાજજીને માથે બિરાજતા શ્રીગોવર્ધનનાથને દંડવત્ કરી, ધ્વજાને નમન કરી એ એમની સુરભિકુંડની કુટિરે પહોંચી ગયા.

આજનો આનંદ અદ્‌ભુત હતો...આવા આનંદની પ્રાપ્તિ પછી આ દુનિયાના લૌકિક માનવીઓ સાથે શું બોલવું, શું ચાલવું, શું જીવવું - આવું વિચારતા પરમાણંદદાસજીને નંદમહોત્સવની લીલાની સ્મૃતિ કરતાં કરતાં થયું...અને કેમ જાણે વિનંતી પણ કરતા હોય એમ એમની નાનકડી કુટિરમાંથી બારીમાંથી દેખાતા શ્રીગિરિરાજજીને બે હાથે વંદન કરતાં બોલી ઊઠ્યા:

"હે મારા ગોવર્ધનનાથજી, મારું જીવન તો સુધાર્યું, વ્હાલા, મારું મોત સુધારજે!" કહેતાં સુરભિકુંડની એમની કુટિરમાં શાંત મને સૂઈ ગયા.

આ બાજુ શ્રીગુસાંઈજીએ શ્રીનાથજીને રાજભોગ આરતી કરીને અનોસર કરાવ્યા ત્યારે પરમાણંદદાસજીને ન જોતાં એમણે વ્રજવાસી વૈષ્ણવને પૃચ્છા કરી:

"આજે રાજભોગ આરતીમાં પરમાણંદદાસ કેમ દેખાયા નહીં?"

"મહારાજ...આજે ગોકુલથી આપની સાથે પધાર્યા ત્યારે અસ્વસ્થ લાગતા હતા. કોઈ સાથે બોલ્યા-ચાલ્યા વગર એમની સુરભિકુંડની કુટિરમાં સૂનમૂન સૂતા છે."

શ્રીગુસાંઈજી એક ક્ષણ માટે ધ્યાનસ્થ થઈ ગયા...

"નક્કી પરમાણંદદાસને પરધામનાં...નિત્યલીલાનાં તેડાં આવ્યાં..."

"મહારાજ, સૂનમૂન બેભાન સૂતેલા પરમાણંદદાસના હોઠે તો આપનું જ નામ હતું..."

"ખરેખર!" - કહેતાં શ્રીવલ્લભનંદન સુરભિકુંડ પર પહોંચ્યા...વાતાવરણમાં નીરવ શાંતિ હતી...આંબાડાળે કોયલ મૂંગી-મંતર બેઠી હતી, તો મોરલા સરોવરની પાળે...એમની પાંખો ફફડાવતા આમતેમ ઘૂમ્યા કરતા હતા...

"પરમાણંદદાસ, ઊઠો...તમારા અંતરની આરઝૂ મારા ગોવર્ધનનાથે સાંભળી છે...હવે પછીના સમયમાં તમારાં પદો તેમજ દર્શન દુર્લભ થતાં જશે...આ ક્ષણોમાં તમારાં મન ચિત્ત અને સમગ્ર અંગને શ્રીકૃષ્ણ સાથે જોડી દો."

અને પરમાણંદદાસજી શ્રીગુસાંઈજીના શબ્દો સાંભળતાં જ બેઠા થઈ ગયા. શ્રીવલ્લભનંદનને એમના આંગણે પધારેલા જોઈ...હૈયે ધરપત થઈ ગઈ...અને પરમાણંદદાસે પદ શરૂ કર્યું:

"પ્રીતિ તો નંદનંદન સોં કીજે ।
સંપત્તિ, વિપત્તિ પરે પ્રતિપાલે, કૃપા કરે તો જીજે ।।

શ્રીગુસાંઈજીનું સાંનિધ્ય, ગિરિરાજની તળેટી, શ્રીગોવર્ધનધરની છાયા, સુરભિકુંડનું એ જ શ્યામતમાલ વૃક્ષ...આથી વિશેષ કવિજીવને - ભક્તજીવને શું જોઈએ? પરમાણંદદાસજી એમના હૃદયનો આનંદની ચરમસીમાએ પહોંચેલો આ ભાવ શબ્દ સાથે દોહરાવતા ગાઈ ઊઠ્યા:

"વેદ પુરાન ભાગવત ભાખે કિયો ભક્તન મન ભાયો
પરમાણંદ ઈન્દ્ર કો વૈભવ વિપ્ર સુદામા પાયૌ ।"

"પરમાણંદદાસજી...તમે તો આ કૃપા મેળવી...અને કશુંક સાધન બતાવો તો હું તે કરું, જેથી ઠાકોરજીની પ્રીતિ મારા પર સદાય રહે." - એક વૈષ્ણવ બોલી ઊઠ્યો.

"ભાઈ, કૃષ્ણની પ્રીતિ મેળવવી ખૂબ સરળ છે. તમે મન લગાવીને મારો આ સહેલો ઉપાય સાંભળો. કૃષ્ણ મેળવવા જેની કૃપા થાય તેવા ગુરુદેવને યાદ કરો.

પ્રાત: સમે ઉઠિ કરિયે શ્રીલક્ષ્મણ સુત ગાન ।
પ્રકટ ભયે શ્રી વલ્લભ પ્રભુ દેત ભક્તિદાન ।।

શ્રી વિઠ્ઠલેશ મહાપ્રભુ રૂપ હિ સુહાન ।
શ્રી ગિરિધર શ્રી ગિરિધર ઉદર ભયો ભાણ ॥

અને શ્રીવલ્લભના - શ્રીગુસાંઈજીના સાતેય બાળકોને સ્મરી એમણે વૈષ્ણવને આ દિગંતોને શરણે જવાની સલાહ આપી...

"પરમાણંદદાસ...કઈ દુનિયામાં અત્યારે તમારું ચિત્ત વિહરી રહ્યું છે?" શ્રીગુસાંઈજીએ પ્રશ્ન કર્યો.

જવાબમાં ભક્તકવિએ એ જ એમની ધૂનમાં લલકાર્યું:

"રાધૈ બૈઠી તિલક સંવારતિ
મૃગનૈની કુસુમાકર ધરિ
નંદ સુવન કૌ રૂપ બિચારિન"

અને આ રીતે યુગલસ્વરૂપમાં એમના ચિત્તને - મનને ઓતપ્રોત કરતાં પરમાણંદદાસે શ્રીગોવર્ધનનાથજીની લીલામાં પ્રવેશ કર્યો. શ્રીગુસાંઈજીએ ગોપાલપુરમાં આવીને સ્નાન કરી શ્રીગોવર્ધનનાથજીનાં ઉત્થાપન કરાવ્યાં...શયનનાં દર્શનની સેવાથી પહોંચીને અનોસર કરીને શ્રીગિરિરાજજીની તળેટીમાં આવી બેઠકમાં બિરાજ્યા...ત્યારે પરમાણંદદાસના દેહને અગ્નિસંસ્કાર કરાવી વૈષ્ણવો "બેઠક"માં શ્રીગુસાંઈજી પાસે આવ્યા.

શ્રીગુસાંઈજી એકાદ ક્ષણ પૂરતા પરમાણંદદાસ વિહોણા સુરભિકુંડની દિશામાં જોઈ રહ્યા...એ જ સૂની કુટિર...શ્યામતમાલની છાયા...એ ઓટલો...અને એ ઓટલાની બેઠક પરથી ઊછળતો પદોનો સાગર...

"પુષ્ટિમાર્ગમાં બે સાગર થઈ ગયા...એક સૂરદાસ અને બીજા પરમાણંદદાસ... બન્નેનાં હૃદય ભક્તિના અગાધ રસથી છલકતાં રહ્યાં...અને અણમોલ કાવ્યરત્નો શ્રીજીના ચરણે સમર્પિત કરતા રહ્યા...ભગવલ્લીલાના અદ્‌ભુત ઉદ્‌ગાતા પરમાણંદદાસજી હતા."

અને એ જ વખતે સુરભિકુંડની ગિરિકંદરામાંથી સૂરો ઊઠ્યા:

"યહ માંગો ગોપીજનવલ્લભ ।
માનુષ જનમ ઔર હરિસેવા, વ્રજ બસિવો દીજે મોહિ સુલભ ॥

(સમાપ્ત)

ભક્તકવિશ્રી પરમાણંદદાસનાં કેટલાંક શ્રેષ્ઠ પદો

બાલ દસા ગોવિંદ કી, સબ કાહૂઁ કોં પ્યારી ।
લૈ-લૈ ગોદ ખિલાવહીં, જસુમતિ મહતારી ॥
પીત ઝગુલિયા અતિ બની, સિર કુલહેં વિરાજૈ ।
કર કંકન, કટિ કિંકિની, પગ નૂપુર બાજૈં ॥
મુરિ-મુરિ નાઁચૈ મોર જ્યોં, બ્રજ-જન મન મોહેં ।
'પરમાનંદ' પ્રભુ સાંવરૌ, નંદ-આઁગન સોહેં ॥

○ ○ ○

હૌં બારી મેરે કમલ-નૈન પર, સ્યામસુંદર જિય ભાવૈ ।
ચરન-કમલ કી રેંનુ જસોદા, લૈ-લૈ સીસ ચઢાવૈ ॥
રસન દસન ધરિ બાલકૃષ્ણ પર, રાઈ લૌન ઉતારૈ ।
કાહૂ નિસાચરિ દૃષ્ટિ લગાઈ, લૈ-લૈ અંચર ઝારૈ ॥
લૈ ઉછંગ મુખ નિરખન લાગી, વિસ્વ-ભાર જબ દીનૌં ।
કર તેં ઉતરિ ભૂમિ પૈ રાખે, ઇહિ બાલક કહા કીનૌં ॥
તૂ મેરૌ ઠાકુર, તૂ મેરૌ બાલક, તોહિં વિસ્વ ભર રાખૈ ।
'પરમાનંદ' સ્વામી ચિત ચોર્યૌ, ચિરજીવૌ યોં ભાખૈ ॥

○ ○ ○

મનિમય આંગન નંદ કે, ખેલત દોઊ ભૈયા ।
ગૌર-સ્યામ જોરી બની, બલ કુઁવર કન્હૈયા ॥
નૂપુર, કંકન, કિંકિની, રૂનઝુન-ઝુન બાજૈ ।
મોહિ રહી બ્રજ-સુંદરી મનસા-સુત લાજૈ ॥
સઁગ-સંગ જસોમતિ રોહિની, હિતકારન મૈયા ।
ચુટકી દૈ-દૈ નચાવહીં, સુત જાનિ કન્હૈયા ॥
નીલ-પીત પટ ઓઢની, દેખત મોહિ ભાવૈ ।
બાલ-લીલા વિનોદ સોં, 'પરમાનંદ' ગાવૈ ॥

○ ○ ○

નૈંક ગુપાલૈં દીજો ટેર ।
આજ સવારે કિયૌ ન કલેઊ, સુરતિ ભઈ બડી બેર ॥
ઢૂઁઢત ફિરત જસોદા માતા, કહાઁ કહાઁ હો ડોલત ।
યહ કહિયો, વર જાઉ સાઁવરે, બાબા નંદ તોહિ બોલત ॥
ઇતની બાત સુનત હી આએ, પ્રીતિ જુ મન મેં જાની ।
'પરમાનંદ' સ્વામી કી જનની, દેખિ બદન મુસિક્યાની ॥

○ ○ ○

પ્રેમ ઉમઁગિ બોલત નઁદરાની ।
અહો! શ્રીદામા લૈ બાકૂઁ, કિન ટેરિ-ટેરિ મધુબાની ॥
ભોજન બાર અબાર જાનિ કૈ, સુરત ભઈ અકુલાની ।
ઢૂઁઢત ઘર દ્વારે લૌં જાઈ, તન કી દસા હિરાની ॥
જસુમતિ પ્રીતિ જાની ઉઠિ દૌરે, મુખ-કચ રજ લપટાની ।
'પરમાનંદ' નંદનંદન કોં, અઁખિયાઁ નિરખિ સિરાની ॥

○ ○ ○

ભોજન કોં ટેરત મહતારી ।
બલ સમેંત ચલો મેરે મોહન, બૈઠે નંદ પરોસી હૈ થારી ॥
દૂધ સિરાત સ્વાદ નહીં ઐસૌ, બેગિ ગસા કછુ લેહુ મુરારી ।
હિત-ચિત દૈ જેંવન બલિ નીકેં, પાછેં કીજો કેલિ બિહારી ॥
સુબલ સુબાહુ શ્રીદામા સઁગ, બૈઠે સ્યામ જાઉઁ બલિહારી ।
'પરમાનંદદાસ' કૌ ઠાકુર, જસોમતિ મૈયા કરત મનુહારી ॥

○ ○ ○

ગોપાલ માઈ ખેલત હૈ ચકડોરી ।
લરિકા પાઁચ-સાત સઁગ લીને, નિપટ સાઁકરી ખોરી ॥
ચઢિ ઘર હૌં રી ભરોસા ચિતયૌ, સખી લિયૌ મન ચોરી ।
બાઁએ હાથ બલૈયાઁ લીનીં, અપનૌ અંચર છોરી ॥
ચારો નયન મિલે જબ સન્મુખ, રસિક હઁસે મુખ મોરી ।
'પરમાનંદદાસ' રતિનાગર, ચિતૈ લઈ રતિ જોરી ॥

○ ○ ○

ગોપાલ માઈ! ખેલત હૈ ચૌગાન ।
બ્રજ-કુમાર બાલક સંગ લીને, વૃંદાવન મૈદાન ॥
ચંચલ-બાજિ નઁચાવત આવત, હોડ લગાવત પાન ।
સબ જિત રહત તહાઁઇ ચલાવત, કરત બબા કી આન ॥
કરત ન સંક, નિસંક મહાબલિ, હરત નૃપતિ-કુલ માન ।
'પરમાનંદદાસ' કૌ ઠાકુર, ગુન-આનંદ નિધાન ॥

○ ○ ○

ગોપાલ ફિરાવત હૈ બંગી ।
ભીતર ભવન ભરે સબ બાલક, નાના વિધિ બહુરંગી ॥
સહજ સુભાવ ડોરિ ખેંચત હૈ, લેત ઉઠાય કર પૈ કર સંગી ।
કબહૂઁક કર લૈ સ્રવન સુનાવત, નાના ભાઁતિક અધિક સુરંગી ॥
કબહૂઁક ડાર દેત મુખ મેં મુખ, મુખહિં બજાવત જંગી ।
'પરમાનંદ' સ્વામી મનમોહન, ખેલ સર્યૌ ચલે સબ સંગી ॥

○ ○ ○

પુષ્ટીમાર્ગીય અમારા શ્રેષ્ઠ પ્રકાશનો

બસો બાવન વૈષ્ણવોની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૩૦૦-૦૦
(ત્રણ જન્મની લીલા ભાવના સાથે)		
ચોર્યાસી વૈષ્ણવની વાર્તાઓ	શાંતિલાલ એમ. મહેતા	૧૨૫-૦૦
બૃહદ્ શિક્ષાપત્ર	શાંતિલાલ એમ. મહેતા	૧૫૦-૦૦
વ્રજ પરિક્રમા	શાંતિલાલ એમ. મહેતા	૧૦૦-૦૦
ચોર્યાસી બેઠકજીનું ચરિત્ર	શાંતિલાલ એમ. મહેતા	છપાય છે
મધુરાષ્ટકમ્	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
સર્વોત્તમ સ્તોત્ર (સટીક)	શાંતિલાલ એમ. મહેતા	૩૩-૦૦
નિત્ય નિયમ પાઠ	શાંતિલાલ એમ. મહેતા	૧૫-૦૦
ષોડષ ગ્રંથો	શાંતિલાલ એમ. મહેતા	૨૦૦-૦૦
ભ્રમરગીત રસબોધિની	શાંતિલાલ એમ. મહેતા	૧૧૦-૦૦
બ્રહ્મસંબંધનો ગદ્યમંત્ર	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીનાથજીનું પ્રાકટ્ય	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રીકૃષ્ણ: શરણં મમ	શાંતિલાલ એમ. મહેતા	૨૫-૦૦
શ્રદ્ધાંજલિ	મનમોહન કૃષ્ણ	૨૫-૦૦
(ધૂન-ભજન-કિર્તન-આરતી સંગ્રહ)		
પુષ્ટિ સુધા બિંદુ	જયંત જી. ગાંધી	૪૫-૦૦
ભલે પ્રગટયા શ્રી વલ્લભદેવ	જશવંત મહેતા	૧૧૦-૦૦
વંદુ શ્રી વિઠ્ઠલવર વૃજરાય	જશવંત મહેતા	૧૧૫-૦૦
ભક્તકવિશ્રી કુંભનદાસ	જશવંત મહેતા	૫૫-૦૦
ભક્તકવિશ્રી સૂરદાસ	જશવંત મહેતા	૫૦-૦૦
ભક્તકવિશ્રી નંદદાસ	જશવંત મહેતા	૩૫-૦૦
ભક્તકવિશ્રી ચતુર્ભુજદાસ	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી છીતસ્વામી	જશવંત મહેતા	૩૦-૦૦
ભક્તકવિશ્રી ગોવિંદસ્વામી	જશવંત મહેતા	૪૦-૦૦
ભક્તકવિશ્રી પરમાનંદદાસ	જશવંત મહેતા	
ભક્તકવિશ્રી કૃષ્ણદાસ	જશવંત મહેતા	

પ્રવીણ પુસ્તક ભંડાર

લાભ ચેમ્બર્સ, મ્યુ. કૉર્પો. સામે, ઢેબર રોડ, રાજકોટ.
ફોન : ૨૩૨૪૬૦/૨૩૪૬૦૨